વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થી માટે અત્યંત ઉપયોગી સાપ્તાહિક

# વર્તમાન પ્રવાહો


**Part-1** **E-COPY**

**01/01/2023
to
15/01/2023**







Bharat Interface for Money(BHIM) એપ્લિકેશનના 6 વર્ષ પૂર્ણ

રિમોટ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (RVM) માટે પ્રોટોટાઈપ વિકસવાવામાં આવ્યો

ભગવાન નટરાજ શિવની મૂર્તિની હરાજીને અટકાવવામાં આવી

મુખ્યમંત્રી દ્વારા હેરિટેજ સિટી અમદાવાદ ખાતે 'કાંકરિયા કાર્નિવલ – 2022'નો પ્રારંભ


પેજ નં. 15 — મણિપુરમાં ગાન ન્ગાઈ ઉત્સવનું આયોજન

પેજ નં. 20 — ગુજરાત વિધાનસભાના નવા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ

પેજ નં. 27 — માંગડેછુ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટની સોપણી



GPSC-I/II | GPSC-III | નાયબ મામલતદાર
PSI-ASI | CONSTABLE | તલાટી | બિન સચિવાલય
BANK | SBI | IBPS | SSC | RAILWAY



(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

# અનુક્રમણિકા


| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **મહિનાના મુખ્ય મુદ્દાઓ :** | |
| 1 | 2500 વર્ષ જૂની સંસ્કૃત પઝલને ઉકેલવામાં આવી | 04 |
| 2 | સમુદ્ર ડકેતી વિરોધી બિલ (Anti-Piracy Bill) પસાર કરવામાં આવ્યું | 04 |
| 3 | રિમોટ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (RVM) માટે પ્રોટોટાઈપ વિકસવાવામાં આવ્યો | 05 |
| 4 | નોટબંધી કેસ પર સુપ્રીમ કોર્ટનો ચુકાદો | 05 |
| 5 | ઊર્જા મંત્રાલય અને DRDO એ અર્લી વોર્નિંગ સિસ્ટમ માટે MoU પર હસ્તાક્ષર કર્યા | 06 |
| | **આંતરરાજ્ય** | |
| 6 | Karnataka Startup Policy 2022 જાહેર | 09 |
| 7 | Bengaluru Metropolitan Land Transport Authority (BMLTA) Bill, 2022 પસાર | 09 |
| 8 | ઝેલિયાન્ગ્રોંગ યુનાઈટેડ ફ્રન્ટ (ZUF) જૂથ દ્વારા ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યો | 10 |
| 9 | ભગવાન નટરાજ શિવની મૂર્તિની હરાજીને અટકાવવામાં આવી | 10 |
| 10 | કેરળ યુનિવર્સિટી કાયદા (સુધારો) બિલ પસાર | 11 |
| 11 | IISc બેંગલુરુને G20ના સાયન્સ વર્કિંગ ગ્રુપની સચિવાલય તરીકે પસંદગી | 11 |
| 12 | અંગુલથી બલરામ રેલ લિંકનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું | 11 |
| 13 | દિલ્હી સોલાર પોલીસી 2022ને મંજુરી | 12 |
| 14 | આરક્ષણ પર ટ્રિપલ ટેસ્ટ સર્વે માટે કમિશનની રચના | 12 |
| 15 | આસામમાં મતવિસ્તારોનું સીમાંકન માટે જાહેરાત | 13 |
| 16 | પશ્ચિમ બંગાળમાં દીદીર સુરક્ષા કવચ અને દીદીર દૂત પહેલ લોન્ચ | 15 |
| 17 | મણિપુરમાં ગાન ન્ગાઈ ઉત્સવનું આયોજન | 15 |
| 18 | રાષ્ટ્રીય સ્કાઉટ અને ગાઈડ જમ્બોરી ઈવેન્ટનું ઉદ્‌ઘાટન | 16 |
| 19 | કાલસા–બંદુરી પ્રોજેક્ટ પર કર્ણાટક અને ગોવા વચ્ચે વિવાદ | 16 |
| 20 | રાજસ્થાનમાં આધ્યાત્મિક સશક્તિકરણ દ્વારા ઉભરતા ભારત અભિયાન લોન્ચ | 17 |
| 21 | વારાણસી કેન્ટ રેલ્વે સ્ટેશનને ઈટ રાઈટ સ્ટેશન પ્રમાણપત્ર આપવામાં આવ્યો | 17 |
| 22 | કેરળમાં ઉદ્યોગો માટે What's App ફરિયાદ નિવારણ પદ્ધતિ લોન્ચ | 18 |
| 23 | કેરળમાં વિશ્વનું પ્રથમ પામલીફ હસ્તપ્રત મ્યુઝિયમની શરૂઆત | 18 |
| 24 | બિહાર રાજ્ય સરકાર દ્વારા જાતિ આધારિત સર્વે કરવામાં આવ્યો | 19 |
| 25 | મણિપુરમાં 122 ફૂટ ઊંચી પોલો પ્લેયરની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું | 19 |
| | **ગુજરાત** | |
| 26 | ગુજરાત વિધાનસભાના નવા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ | 20 |
| 27 | મુખ્યમંત્રી દ્વારા વૈષ્ણોદેવી જંકશન પાસે રૂ. 40.36 કરોડના ખર્ચે ઔડા દ્વારા નવનિર્મિત અંડરપાસનું લોકાર્પણ | 21 |
| 28 | મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં યોજાનારી અર્બન–20 ના લોગો–વેબસાઈટ–વેલકમ સોંગ નું લોન્ચીંગ કર્યુ | 21 |
| 29 | અમદાવાદ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં GCCIનો વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજાયો | 21 |
| 30 | સરદારધામ સંકુલ ખાતે આયોજિત સ્નેહમિલન અને સન્માન સમારોહનું આયોજન | 22 |
| 31 | મુખ્યમંત્રી દ્વારા હેરિટેજ સિટી અમદાવાદ ખાતે 'કાંકરિયા કાર્નિવલ – 2022'નો પ્રારંભ | 22 |

| | | |
|---|---|---|
| 32 | મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર અને સલાહકાર તરીકે રાજ્યના બે નિવૃત વરિષ્ઠ અધિકારીઓની નિમણૂંક | 22 |
| | **આંતરરાષ્ટ્રીય** | |
| 33 | યુવા સાહસિકો માટે YOUTH Co:Labની 5મી આવૃત્તિની શરૂઆત કરવામાં આવી | 24 |
| 34 | જાપાન દ્વારા સૈન્ય નિર્માણ માટે 320 બિલિયન ડોલરની યોજનાનું અનાવરણ | 24 |
| 35 | કુનમિંગ–મોન્ટ્રીયલ ગ્લોબલ બાયોડાયવર્સિટી ફ્રેમવર્ક (GBF) અપનાવ્યું | 25 |
| 36 | યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના હાઉસમાં 1.7 ટ્રિલિયન ડોલરનો ખર્ચ બિલ પસાર | 25 |
| 37 | યુક્રેનના વડાપ્રધાન ઝેલેન્સકીની 10 પોઈન્ટ પીસ પ્લાન જાહેર | 26 |
| 38 | Group of Friends ની રચના કરવામાં આવી | 26 |
| 39 | માંગડેછુ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટની સોપણી | 27 |
| 40 | વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની અસ્થાયી યાદીમાં ત્રણ સાઈટનો સમાવેશ કરવામાં આવ્યો | 28 |
| 41 | Stay Safe Online Campaign and G20 Digital Innovation Alliance લોન્ચ | 29 |
| 42 | ભારત અને ઓસ્ટ્રિયા વ્યાપક સ્થળાંતર અને ગતિશીલતા ભાગીદારી કરાર | 30 |
| 43 | નેપાળના પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' નવા વડાપ્રધાન બન્યા | 30 |
| 44 | વાસેનાર એરેજમેન્ટની 26 મી વાર્ષિક બેઠકનું આયોજન | 30 |
| | **અર્થવ્યવસ્થા** | |
| 45 | સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ માટે FIT (Finance, Income and Trade) રેન્ક શરૂ કરવામાં આવશે | 31 |
| 46 | RBI ના સુધારેલા બેંક લોકર નિયમોનો અમલ | 31 |
| 47 | કેરળના પાંચ કૃષિ ઉત્પાદનોને GI દરજ્જો આપવામાં આવ્યો | 32 |
| 48 | વર્લ્ડ ઈકોનોમિક આઉટલુકના નવીનતમ અપડેટ્સ જાહેર | 33 |
| 49 | બરછટ અનાજ ખાદ્ય ઉત્સવ (જાડુ અનાજ અથવા મોટુ અનાજ) નું આયોજન | 33 |
| 50 | રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ઉત્કર્ષ 2.0 ની શરૂઆત | 34 |
| | **યોજના, પોર્ટલ અને એપ્લિકેશન** | |
| 51 | EV Yatra Mobile Application ની શરૂઆત | 36 |
| 52 | રાષ્ટ્રીય ગોકુલ મિશન દ્વારા ખેડૂતોને રોજગાર | 36 |
| 53 | અમૃત ભારત સ્ટેશન યોજનાની શરૂઆત | 37 |
| 54 | Bharat Interface for Money(BHIM) એપ્લિકેશનના 6 વર્ષ પૂર્ણ | 37 |
| 55 | New integrated Food Security યોજના લોન્ચ | 38 |
| 56 | બ્રોડકાસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ નેટવર્ક ડેવલપમેન્ટ (BIND) યોજનાને મંજૂરી | 38 |
| 57 | પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ મંત્રાલયની યોજનાઓને ચાલુ રાખવા માટે મંજુરી | 39 |
| 58 | પ્રધાનમંત્રી રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ મેળાનું આયોજન | 40 |
| 59 | Aamantran Invitation Management Portal લોન્ચ કરવામાં આવ્યું | 40 |
| 60 | તેલંગાણામાં ભદ્રાચલમ જૂથના મંદિરોમાં 'તીર્થસ્થાન સુવિધાઓનો વિકાસ' પ્રોજેક્ટ | 41 |
| 61 | પ્રોજેક્ટ વાણી (Project Vaani) | 41 |
| | **રિપોર્ટ અને ઈન્ડેક્સ** | |
| 62 | The Wheebox India Skills Report 2023 જાહેર | 42 |
| 63 | સામાજિક પ્રગતિ સૂચકાંક 2022 જાહેર | 42 |
| 64 | Coal 2022: Analysis and Forecast to 2025 રીપોર્ટ જાહેર | 43 |
| 65 | વાયુ પ્રદૂષણ પર વિશ્વ બેન્કનો રિપોર્ટ જાહેર | 44 |
| 66 | વૈશ્વિક જળ સંસાધન અહેવાલ 2021 જાહેર | 44 |
| 67 | Road Accidents in India 2021 જાહેર | 45 |
| 68 | AVGC Promotion Task Force Report જાહેર | 46 |

| | | |
|---|---|---|
| | **પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી** | |
| 69 | સંપૂર્ણ જીનોમ સિકવન્સિંગ (Whole Genome Sequencing) ની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી | 47 |
| 70 | ભારતની પ્રથમ ગ્રીન સ્ટીલ બ્રાન્ડ લોન્ચ કરવામાં આવી | 47 |
| 71 | COVID-19 માટે INCOVACC રસીને બુસ્ટર ડોઝ તરીકે મંજૂરી | 48 |
| 72 | કોરોના વાઈરસનું નવું વેરિએન્ટ BF.7 મળી આવ્યું | 48 |
| 73 | બોમ્બ ચક્રવાતએ (Bomb Cyclone) અમેરિકા અને કેનેડામાં ત્રાટક્યું | 48 |
| 74 | પાણીમાંથી માઈક્રો–પ્લાસ્ટિકને ફિલ્ટર કરવાની નવી ટેકનોલોજી | 49 |
| 75 | વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 108મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનું ઉદ્‌ઘાટન કર્યું | 49 |
| 76 | પ્રલય મિસાઈલની ખરીદીને મંજૂરી આપવામાં આવી | 50 |
| 77 | iDEX અને ડિફેન્સ ઈન્ડિયા સ્ટાર્ટ–અપ ચેલેન્જ | 50 |
| 78 | મિથેનોલ ઉત્પાદન માટે NTPC – ટેકનિમોન્ટ કરાર | 51 |
| 79 | BSF માટે 'પ્રહરી' એપ લોન્ચ કરવામાં આવી | 51 |
| | **રમત–જગત** | |
| 80 | અંતિમ પંઘલને 'યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ રાઈઝિંગ સ્ટાર ઓફ ઘ યર' થી સન્માન આપવામાં આવ્યું | 52 |
| 81 | સાનિયા મિર્ઝા પ્રોફેશનલ ટેનિસમાંથી નિવૃત્તિની જાહેરાત | 52 |
| 82 | ભારતનો પ્રણેશ એમ 16 વર્ષની ઉંમરે સૌથી યુવા ગ્રાન્ડમાસ્ટર બન્યો | 52 |
| 83 | કોનેરુ હમ્પીએ વર્લ્ડ ચેસ બ્લિટ્ઝ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો | 53 |
| 84 | ઈ–સ્પોર્ટ્સ (E-Sports)ના નિયમોમાં સુધારા કરવામાં આવ્યા | 53 |
| | **નિમણૂક, વ્યકિત, પુસ્તક અને નિધન** | |
| 85 | 03 જાન્યુઆરી : સાવિત્રીબાઈ ફૂલેની જન્મજયંતી | 54 |
| 86 | બ્રાઝિલના મહાન ફૂટબોલર પેલેનું નિધન | 54 |
| | **એવોર્ડ અને પુરસ્કાર** | |
| 87 | મિસિસ વર્લ્ડ સરગમ કૌશલએ ખિતાબ જીત્યો | 55 |
| 88 | ઓડિશાએ JAGA મિશન માટે વર્લ્ડ હેબિટેટ એવોર્ડ 2023 જીત્યો | 55 |
| | **મહત્વના દિવસો** | |
| 89 | 04 જાન્યુઆરી : વિશ્વ બ્રેઈલ દિવસ (World Braille Day) | 56 |
| 90 | 05 જાન્યુઆરી : રાષ્ટ્રીય પક્ષી દિવસ (National Bird Day ) | 56 |
| 91 | 09 જાન્યુઆરી : પ્રવાસી ભારતીય દિવસ (Pravasi Bhartiya Day) | 56 |
| 92 | 10 જાન્યુઆરી : વિશ્વ હિન્દી દિવસ (World Hindi Day) | 57 |
| 93 | 12 જાન્યુઆરી : રાષ્ટ્રીય યુવા દિવસ (National Youth Day) | 57 |
| | **Current Affairs Booster** | 58 |
| | **Facts.... Inshort** | 64 |

# 1 મહત્વના મુખ્ય મુદ્દાઓ

## 2500 વર્ષ જૂની સંસ્કૃત પઝલને ઉકેલવામાં આવી

- તાજેતરમાં બ્રિજ યુનિવર્સિટીના પીએચડી સ્ટુડન્ટ ડૉ. ઋષિ રાજ પોપટે 2500 વર્ષ જૂના અષ્ટાધ્યાયીમાં વ્યાકરણની પઝલનો ઉકેલ શોધ્યો છે.
- તેમણે 'In Panini, We Trust : Discovering the Algorithm for Rule Conflict Resolution in the Astadhyayi' શીર્ષકથી એક નિબંધ બહાર પાડયો હતો.
- આ થીસીસે એવી સમસ્યા ડીકોડ કરી છે જે સદીઓથી સંસ્કૃત વિદ્વાનો માટે મુશ્કેલીનું કારણ બની રહી હતી.
- અષ્ટાધ્યાયી પાણીનીની સૌથી મહત્વપૂર્ણ કૃતિઓમાંની એક છે. તે એક વ્યાકરણ છે જે અનિવાર્યપણે સંસ્કૃતની પ્રાચીન ભાષાને વ્યાખ્યાયિત કરે છે.
- પાણીનીમાં 8 અધ્યાયમાં લગભગ 4000 સૂત્રો છે.
- અષ્ટાધ્યાયીમાં મૂળભૂત શબ્દોમાંથી નવા શબ્દો બનાવવાના નિયમો આપવામાં આવેલા છે.




❖ **વિશેષ**

- પાણીની એક પ્રસિદ્ધ સંસ્કૃત વિદ્વાન, ભાષાશાસ્ત્રી અને વ્યાકરણશાસ્ત્રી છે. તેઓ 5મી સદી ઈ.સ. પૂર્વેની આસપાસ ભારતમાં રહેતા હતા.
- આ નિબંધમાં ઋષિ રાજ પોપટે મેટારુલના પરંપરાગત અર્થઘટનને નકારી કાઢ્યું છે અને દલીલ કરી હતી કે પાણિનીનો અર્થ એવો થાય છે કે શબ્દની ડાબી અને જમણી બાજુએ લાગુ પડતા નિયમો વચ્ચે દુભાષિયાએ જમણી બાજુએ લાગુ પડતા નિયમની પસંદગી કરવી પડશે.
- આ શોધે લગભગ અપવાદ વિના વ્યાકરણની રીતે સાચા શબ્દો બનાવ્યા હતા.

## સમુદ્ર ડકેતી વિરોધી બિલ (Anti-Piracy Bill) પસાર કરવામાં આવ્યું

- તાજેતરમા રાજ્યસભામાં સમુદ્ર ડકૈતી વિરોધી બિલ પસાર કરવામાં આવ્યું છે.
- આ બિલ ચાંચિયાગીરી વિરુદ્ધ લડવા માટે અસરકારક કાનૂની સાધન પ્રદાન કરશે.
- આ બિલ અનુસાર પરિવહનના દરિયાઈ માર્ગોની સુરક્ષા મહત્વપૂર્ણ છે કારણ કે ભારતનો 90% થી વધુ વેપાર દરિયાઈ માર્ગો દ્વારા થાય છે. અને દેશની 80% થી વધુ હાઈડ્રોકાર્બન જરૂરિયાતો દરિયાઈ માર્ગે પૂરી થાય છે.
- આ બિલ ચાંચિયાગીરી અટકાવવા અને આવી ચાંચિયાગીરી સંબંધિત ગુનાઓ માટે વ્યકિતઓ વિરુદ્ધ કાર્યવાહી કરવાની જોગવાઈ કરે છે.
- આ બિલ ભારતના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રની સીમાને અડીને આવેલા અને તેનાથી આગળ આવેલ સમુદ્ર (એટલે કે દરિયાકાંઠાથી 200 નોટિકલ માઈલ આગળ) ના તમામ ભાગોને લાગુ પડશે.



- આ બિલ United Nations Convention on the Law of the Sea (UNCLOS) ને સંબંધિત છે.

❖ **Anti-Piracy Bill વિશે**

- આ બિલ ચાંચિયાગીરીને ખાનગી હેતુઓ માટે ખાનગી જહાજ અથવા વિમાનના ક્રૂ અથવા મુસાફરો દ્વારા વહાણ, વિમાન, વ્યકિત અથવા મિલકત વિરુદ્ધ હિંસા, અટકાયત અથવા વિનાશના કોઈપણ ગેરકાયદેસર કૃત્ય તરીકે વ્યાખ્યાયિત કરે છે.
- આ બિલ મુજબ આવા કૃત્યો સમુદ્રમાં (ભારતના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રની બહાર) અથવા ભારતના અધિકાર ક્ષેત્રની બહારના કોઈપણ સ્થળે આચારવામાં આવી શકે અને આવા કૃત્યને ઉશ્કેરવું અથવા જાણી જોઈને મદદ કરવી એ પણ ચાંચિયાગીરી / સમુદ્ર ડકૈતી તરીકે ગણવામાં આવશે.
- ચાંચિયાગીરીમાં જહાજ અથવા વિમાનના સંચાલનમાં સ્વૈચ્છિક ભાગીદારીનો પણ સમાવેશ થાય છે.


❖ **દંડ**

- ચાંચિયાગીરીનું કૃત્ય સજાપાત્ર રહેશે : આજીવન કેદ, અથવા મૃત્યુ દંડ.
- જો ડકૈત મૃત્યુનું કારણ બને છે અથવા પ્રયાસ કરવામાં આવે છે. તો જ તેને મૃત્યુ દંડની સજા કરવામાં આવશે, ડકૈતનું કૃત્ય કરવા, મદદ કરવા, પ્રોત્સાહન આપવા અથવા સલાહ આપવાનો પ્રયાસ કરવો એ 14 વર્ષ સુધીની જેલ અને દંડની સજાને પાત્ર બને છે.
- ગુનાઓ પ્રત્યાર્પણપાત્ર ગણાશે એટલે આરોપીને કોઈપણ દેશમાં કાર્યવાહી માટે ટ્રાન્સફર કરી શકાય છે જેની સાથે ભારતે પ્રત્યાર્પણ સંધિ પર હસ્તાક્ષર કર્યા છે.

**UNCLOS વિશે....**

- યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લો ઓફ ધ સી (UNCLOS), 1982 એ એક આંતરરાષ્ટ્રીય કરાર છે જે દરિયાઈ પ્રવૃત્તિઓના સંદર્ભમાં કાનૂની માળખુ સ્થાપિત કરે છે.
- તેને લો ઓફ ધ સી તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે મેરીટાઈમ ઝોનને પાંચ મુખ્ય ઝોનમાં વિભાજિત કરે છે – આંતરિક પાણી, પ્રાદેશિક સમુદ્ર, સંલગ્ન ઝોન, વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર (EFZ) અને સમુદ્ર.
- તે એક માત્ર આંતરરાષ્ટ્રીય સંમેલન છે જે મેરીટાઈમ ઝોનમાં રાજ્યના અધિકારક્ષેત્ર માટે માળખુ નક્કી કરે છે. તે વિવિધ મેરીટાઈમ ઝોનને અલગ – અલગ કાનૂની દરજ્જો આપે છે.
- ભારતે વર્ષ 1995 માં UNCLOS ને સંમતિ આપી હતી.

## રિમોટ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (RVM) માટે પ્રોટોટાઈપ વિકસવાવામાં આવ્યો



- તાજેતરમાં ભારતના ચૂંટણી પંચ(Election Comission of India) દ્વારા સમગ્ર ભારતમાં સ્થાનિક સ્થળાંતર કરનારાઓ માટે મતદાનની સુવિધા આપવાના હેતુથી Remote Electronic Voting Machine (RVM) માટે પ્રોટોટાઇપ વિકસાવવામાં આવ્યો છે.
- ECI દ્વારા RVM નો પ્રોટોટાઇપ 16મી જાન્યુઆરી 2023ના રોજ રાજકીય પક્ષોને તમામ 8 માન્ય રાષ્ટ્રીય અને 57 રાજ્યના રાજકીય પક્ષોને બતાવવામાં આવશે, અને જો તે સફળ થશે, તો તે સ્થાનિક સ્થળાંતર કરનારાઓને તેમના વતન પાછા ફર્યા વિના મતદાન કરવાની મંજૂરી આપશે.
- RVM એક એકલ સિસ્ટમ હશે, જે ઈન્ટરનેટ સાથે જોડાયેલ નથી અને વર્તમાનના ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો પર આધારિત હશે.
- RVM નો ધ્યેય મતદારોની ભાગીદારી વધારવાનો અને સ્થાનિક સ્થળાંતર કરનારાઓ માટે ચૂંટણીમાં ભાગ લેવાનું સરળ બનાવવાનો છે.
- RVM એ બહુ–વિભાગનું ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન છે જે એક દૂરસ્થ મતદાન મથકમાંથી 72 જેટલા મતવિસ્તારોનું સંચાલન કરી શકે છે.

**Election Commission of India વિશે....**

**સ્થાપના** : 25 જાન્યુઆરી, 1950
**વડુમથક** : નવી દિલ્હી
**ચીફ કમિશનર** : રાજીવ કુમાર

## નોટબંધી કેસ પર સુપ્રીમ કોર્ટનો ચુકાદો




- તાજેતરમાં 2 જાન્યુઆરી, 2023ના રોજ ભારતની સર્વોચ્ચ અદાલતે INR 500 અને INR 1,000 મૂલ્યોની ચલણી નોટોને બંધ કરવાના નરેન્દ્ર મોદી સરકારના 2016 ના નિર્ણયને સમર્થન આપ્યું છે.
- જસ્ટિસ બી.વી. નાગરથનાએ ડિમોનેટાઈઝેશનના ચુકાદો પર અસંમતિ દર્શાવતા અભિપ્રાય આપ્યો હતો કે, INR 500 અને 1000 રૂપિયાની નોટોની સમગ્ર શ્રેણીને રદ કરવી કાયદાકીય આધારો પર ગેરકાનૂની છે, જેથી તેને ગેરકાયદેસર જાહેર કરવું જોઈએ.
- બંધારણીય બેંચની 4:1 બહુમતીથી લેવાયેલા નિર્ણયમાં જણાવાયું હતું કે કેન્દ્ર સરકારનું 8 નવેમ્બર, 2016નું નોટિફિકેશન માન્ય હતું.
- 9 નવેમ્બર, 2016 ના રોજ દાખલ કરવામાં આવેલી અરજી સાથે, ઉચ્ચ મૂલ્યની ચલણી નોટોને ડિમોનેટાઈઝ કરવાના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.
- ડિમોનેટાઈઝેશનના નિર્ણયની માન્યતા પર વિચાર કરવા માટે સુપ્રીમ કોર્ટે સપ્ટેમ્બર 2022માં બંધારણીય બેંચની રચના કરી હતી.

- ડિસેમ્બર 2022 માં, કોર્ટે ડિમોનેટાઇઝેશનને પડકારતી અરજીઓ પર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો અને કેન્દ્ર સરકાર અને આરબીઆઈને તેના અવલોકન માટે સંબંધિત રેકોર્ડ પ્રદાન કરવા આદેશ આપ્યો હતો.
- 8 નવેમ્બર, 2016 ના રોજ, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ડિજિટલ ચૂકવણીને પ્રોત્સાહન આપવા અને કાળા નાણાના પ્રવાહને રોકવા માટે INR 500 અને INR 1,000 ની બૅન્કનોટને બંધ કરવાની જાહેરાત કરી હતી.

**Supreme Court વિશે....**

**સ્થાપના** : 26 જાન્યુઆરી 1950
**મુખ્યમથક** : નવી દિલ્હી
**મુખ્યન્યાયધીશ** : ધનંજય વાય. ચન્દ્રચૂડ
**ન્યાયાધીશોની સંખ્યા** : 34 (33 અન્ય ન્યાયાધીશો + 01 મુખ્ય ન્યાયાધીશ)
**અનુચ્છેદ** : 124 થી 147 (ભાગ 5)
**સર્વોચ્ચ અદાલતના પ્રથમ મુખ્ય ન્યાયધીશ :** જસ્ટિસ હરિલાલ જેકિસુનદાસ કાણીયા

## ઊર્જા મંત્રાલય અને DRDO એ અર્લી વોર્નિંગ સિસ્ટમ માટે MoU પર હસ્તાક્ષર કર્યા

- તાજેતરમાં કેન્દ્રીય ઊર્જા મંત્રાલય અને DRDO એ તાજેતરમાં પર્વતીય વિસ્તારોમાં સંવેદનશીલ હાઈડ્રોઈલેકિટ્રક પ્રોજેક્ટ્સ અથવા પાવર સ્ટેશનો માટે પ્રારંભિક ચેતવણી પ્રણાલી સ્થાપિત કરવા માટે એક MoU પર હસ્તાક્ષર કર્યા છે. અર્લી વોર્નિંગ સિસ્ટમ અથવા પ્રારંભિક ચેતવણી સિસ્ટમ એક સંકલિત સિસ્ટમ છે. અસરકારક પ્રારંભિક ચેતવણી પ્રણાલીમાં ચાર મુખ્ય આંતર – સંબંધિત ઘટકોનો સમાવેશ થાય છે. જે આ મુજબ છે. :




(1) આપત્તિ જોખમ જ્ઞાન વ્યવસ્થિત રીતે ડેટા એકત્રિત કરીને અને આપત્તિના જોખમનું મૂલ્યાંકન કરીને પ્રાપ્ત કરી શકાય છે.
(2) જોખમો અને તેમના પરિણામોને શોધવું, મોનિટરિંગ કરવું વિશ્વલેષણ કરવું અને આગાહી કરવી.
(3) સમયસર, સચોટ અને કાર્યવાહી કરી શકાય તેવી ચેતવણીઓ અને આપત્તિની સંભાવના અને અસર અંગે સંબંધિત માહિતીના અધિકૃત સ્ત્રોતમાંથી પ્રસાર અને સંચાર
(4) પ્રાપ્ત ચેતવણીનો જવાબ આપવા માટે તમામ સ્તરે આપત્તિની તૈયારી.

સુરત

ગુજરાતમાં સૌથી પ્રતિષ્ઠિત સંસ્થા

# GPSC

ગુજરાત સરકારની
વર્ગ-3ની
વિવિધ ભરતીઓ

- GPSC Class-III
- ASI/PSI
- કોન્સ્ટેબલ
- તલાટી કમ મંત્રી
- બિન સચિવાલય
- TET - I/II - TAT

અંદાજિત કુલ જગ્યાઓ
20000+

Govt. Jobs

અનુભવી ફેકલ્ટીઓ
દ્વારા તમામ
વિષયોની તૈયારી

ADMISSION OPEN

તૈયારી માટેના નવા વર્ગો

ટૂંક સમયમાં શરૂ

નવા વર્ગોની માહિતી માટે સંસ્થાની રૂબરૂ મુલાકાત લો.

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

Join Demo Class

સુરત (ઉધના) Ph. : 70461 40555
સુરત (વરાછા) Ph. : 70464 16555
નવસારી Ph. : 70466 41555
વ્યારા Ph. : 90998 64658

# 2 આંતરરાજ્ય (રાષ્ટ્રીય)

## Karnataka Startup Policy 2022 જાહેર

- તાજેતરમાં કર્ણાટકની સરકાર દ્વારા 22મી ડિસેમ્બર 2022ના રોજ એક નવી સ્ટાર્ટઅપ પોલિસી (2022-27) રજૂ કરી છે જેનું લક્ષ્ય આગામી પાંચ વર્ષમાં રાજ્યના બિઝનેસ ઈકોસિસ્ટમમાં લગભગ 10,000 સ્ટાર્ટઅપ્સને ઉમેરવાનું છે, જેમાં ઉચ્ચ વૃદ્ધિ ધરાવતા સ્ટાર્ટઅપ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.




- આ નીતિનો ઉદ્દેશ આગામી પાંચ વર્ષમાં લગભગ 25,000 સ્ટાર્ટઅપ્સની વૃદ્ધિને ઉત્તેજીત અને ખાસ કરીને ઉચ્ચ વૃદ્ધિ ધરાવતા સ્ટાર્ટઅપ્સની સંખ્યા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.
- આ નીતિ ડિપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનિક્સ અને IT/BT દ્વારા ઘડવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય કર્ણાટકને સ્ટાર્ટઅપ્સ માટે 'ચેમ્પિયન સ્ટેટ' તરીકે સ્થાન આપવાનો અને વર્ષ 2027 સુધીમાં ઉચ્ચ વૃદ્ધિ ધરાવતા સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં વધુ વધારો કરવાનો છે.
- આ નીતિ વધતા સ્ટાર્ટઅપ માટે સક્ષમ વાતાવરણ ઉભું કરશે અને રાજ્યને ઈનોવેશન હબ બનાવશે. અને બેંગલુરુની બહાર કાર્યરત ટેક–સક્ષમ સ્ટાર્ટઅપ્સ માટે વૃદ્ધિ માટે અનુકૂળ વાતાવરણ અને આદર્શ વ્યવસાયિક વાતાવરણ પણ પ્રદાન કરશે.
- આ નીતિના ભાગરૂપે રાજ્ય સરકાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, ઈલેક્ટ્રિક વાહનો, મેડટેક, રોબોટિક્સ અને ડ્રોન જેવા ક્ષેત્રોમાં કામ કરતા ડીપટેક સ્ટાર્ટઅપ્સને સમર્થન આપવા માટે 100 કરોડ રૂપિયાનું વેન્ચર કેપિટલ ફંડ લોન્ચ કરશે.

**Karnataka વિશે....**
**રાજધાની** : બેંગલુરુ
**મુખ્યમંત્રી** : બસવરાજ બોમ્માઈ
**રાજયપાલ** : થાવર ચંદ ગેહલોત

❖ **વિશેષ**

- કર્ણાટકમાં હાલમાં લગભગ 15,000 સ્ટાર્ટઅપ્સ છે અને નવી નીતિનો હેતુ આગામી પાંચ વર્ષમાં લગભગ 10,000 સ્ટાર્ટઅપ્સ ઉમેરવાનો છે.
- આ નીતિ આ ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપ્સના વિકાસને ટેકો આપવા માટે 50 નવા યુગના ઈનોવેશન નેટવર્ક (NAIN) કેન્દ્રોની પણ સ્થાપના કરી છે, જેમાં 35 IT/ઈલેક્ટ્રોનિક્સમાં અને 15 ઉચ્ચ શિક્ષણની બાયો–ટેક્નોલોજી સંસ્થાઓનો સમાવેશ થાય છે.
- આ નવી નીતિ ઈનક્યુબેશન સપોર્ટ, મેન્ટરશિપ, કો–વર્કિંગ સ્પેસ અને સ્ટાર્ટઅપ્સને વિકાસ અને સફળ થવામાં મદદ કરવા માટે સમર્પિત સ્ટાર્ટ–અપ સેલ પણ પ્રદાન કરે છે.

## Bengaluru Metropolitan Land Transport Authority (BMLTA) Bill, 2022 પસાર

- તાજેતરમાં કર્ણાટક વિધાનસભા દ્વારા બેંગલુરુ મેટ્રોપોલિટન લેન્ડ ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (BMLTA) બિલ, 2022 પસાર કરવામાં આવ્યો છે.
- આ બિલ બેંગલુરુના અર્બન મોબિલિટી રિજનને લાગુ પડશે અને બેંગલુરુમાં શહેરી ગતિશીલતાના વિકાસ, સંચાલન, જાળવણી, દેખરેખ અને દેખરેખને નિયંત્રિત કરશે.
- આ બિલનો ઉદ્દેશ ટકાઉ શહેરી પરિવહન મોડલ અપનાવીને ગ્રીડલોક શહેર માટે વ્યાપક ગતિશીલતા યોજના બનાવવાનો છે.
- આ બિલ શહેરી ગતિશીલતા ક્ષેત્રમાં ગીચ પાર્કિંગ, પાર્કિંગ નિયમો, ટોલિંગ, વિશેષ હેતુ લેન વગેરે જેવા પગલાં દ્વારા મુસાફરીની માંગને નિયંત્રિત કરવાનો પણ હેતુ ધરાવે છે.



- આ બિલ બેંગલુરુમાં પરિવહન સંબંધિત વિવિધ સરકારી સંસ્થાઓ અને વિભાગોના ઓવરલેપિંગ કાર્યો અને જવાબદારીઓને પણ સંબોધવા માંગે છે.
- આ બિલ ટ્રાફિક સમસ્યાને દૂર કરીને શહેરમાં રોકાણના પ્રવાહમાં વધારો કરવા અને જાહેર પરિવહન પ્રોજેક્ટ્સના અસરકારક અમલીકરણ માટે વિવિધ પરિવહન અને નાગરિક સંસ્થાઓ વચ્ચે સંકલન સુનિશ્ચિત કરવા માંગે છે.
- આ બિલ મુજબ નવી ટ્રાફિક નિયમન એજન્સી બનાવવામાં આવશે, જેમાં 36 સભ્યોનો સમાવેશ થશે અને આ એજન્સીના હોદ્દેદાર અધ્યક્ષ કર્ણાટકના મુખ્યમંત્રી રહેશે.
- આ એજન્સીના સભ્યોમાં Bruhat Bengaluru Mahanagara Palike, બેંગ્લોર ડેવલપમેન્ટ ઓથોરિટી, બેંગ્લોર મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી, બેંગલુરુ સિટી પોલીસ, સાઉથ વેસ્ટર્ન રેલ્વે અને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) જેવી એજન્સીઓના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.
- આ એજન્સીમાં અર્બન મોબિલિટી, કોર્પોરેટ ગવર્નન્સ અથવા લો, ફાઈનાન્સ અથવા ટ્રાન્સપોર્ટ ઈકોનોમિક્સના ક્ષેત્રના 3 નિષ્ણાતોનો સમાવેશ થશે.

- આ એજન્સીમાં શહેરી ગતિશીલતામાં કામ કરતી નાગરિક સમાજ સંસ્થાઓના 2 પ્રતિનિધિઓ, ખાનગી ક્ષેત્ર અને વ્યાવસાયિક સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થાઓ અને સંગઠનોના 3 પ્રતિનિધિઓ અને શૈક્ષણિક સંસ્થાઓના 2 પ્રતિનિધિઓ પણ રહેશે.

❖ **વિશેષ**

- આ બિલ હેઠળ, જો કોઈ વ્યક્તિ BMLTA ના નિયમો, વિનિયમો, આદેશો અને દિશાઓનું ઉલ્લંઘન કરે છે, તો તેનેળતેણીને રૂ.1 લાખ સુધીનો દંડ લાગશે. જો બીજી વખત ઉલ્લંઘન થાય તે કિસ્સામાં 2 લાખ રૂપિયા સુધી દંડ વધારવામાં આવશે.
- સતત ઉલ્લંઘન અથવા પાલન ન કરવાના કિસ્સામાં, વ્યક્તિને વધારાના સાથે દંડ આપવામાં આવશે, જો ઉલ્લંઘન ચાલુ રહે તે સમય દરમિયાન દરરોજ 5,000 રૂપિયા સુધીનો વધારો થઈ શકે છે.
- આ બિલમાં ઉલ્લંઘનના કિસ્સામાં રાજ્ય સરકારના વિવિધ વિભાગો અને એજન્સીઓના અધિકારીઓને દંડ કરવાની જોગવાઈઓ પણ સામેલ છે.


## ઝેલિયાન્ગ્રોંગ યુનાઈટેડ ફ્રન્ટ (ZUF) જૂથ દ્વારા ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યો

- તાજેતરમાં ભારત સરકાર, મણિપુર સરકાર અને ઝેલિયાન્ગ્રોંગ યુનાઈટેડ ફ્રન્ટ (ZUF) નામના રાજદ્રોહ જૂથ દ્વારા ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.
- આ કરાર હેઠળ વિદ્રોહી જૂથ હિંસા છોડીને લોકશાહી પ્રક્રિયામાં જોડાવા માટે સંમત થયા છે.
- આ શાંતિ કરાર ZUF સાથે જોડાયેલા સશસ્ત્ર કાર્યકરોના પુનઃવસવાટ અને પુનઃસ્થાપન માટે પ્રદાન કરે છે.
- આ કરારના અમલીકરણ પર દેખરેખ રાખવા માટે સંયુક્ત મોનિટરિંગ જૂથની સ્થાપના કરવામાં આવશે.
- આ કરાર રાજદ્રોહ મુક્ત ઉત્તરપૂર્વ ભારતની સરકારની આકાંક્ષા તરફ એક મોટું પગલું છે.
- ઝેલિયાન્ગ્રોંગ લોકો નાગાલેન્ડ, મણિપુર અને આસામના ત્રિ–જંક્શન પ્રદેશમાં રહેતા મુખ્ય સ્વદેશી નાગા સમુદાયોમાંના એક છે.
- ઝેલિયાંગ્રોંગ નામ ઝેમે, લિયાંગમાઈ અને રોંગમેઈ નાગા જાતિઓને જોડે છે, આ આદિજાતિ વસતી મોટી દક્ષિણી મંગોલોઇડ વસ્તીની છે જેમની ભાષા ચીન–તિબેટીયન ભાષાઓના પરિવારની છે.

❖ **Zeliangrong United Front (ZUF) વિશે**

- લિયાન્ગ્રોંગ યુનાઈટેડ ફ્રન્ટ એ એક વિદ્રોહી જૂથ છે જેની સ્થાપના વર્ષ 2011 માં કરવામાં આવી હતી.
- આ વિદ્રોહી જૂથ મણિપુરમાં સક્રિયપણે કાર્યરત છે, મણિપુર, આસામ અને નાગાલેન્ડમાં ઝેલિયાન્ગ્રોંગ નાગા જાતિઓના હિતોનું રક્ષણ કરવાનો દાવો કરે છે.
- આ જૂથનો ઉદ્દેશ્ય ત્રણ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં ઝેલિયાન્ગ્રોંગ નાગા જનજાતિના વિસ્તારને આવરી લેતા ભારતીય ક્ષેત્રમાં 'ઝેલિયાન્ગ્રોંગ' રાજ્ય બનાવવાનો છે.
- આ જૂથ દક્ષિણ એશિયા ટેરરિઝમ પોર્ટલ (SATP) દ્વારા મણિપુરના 13 સક્રિય વિદ્રોહી જૂથોમાંના એક તરીકે સૂચિબદ્ધ છે.

## ભગવાન નટરાજ શિવની મૂર્તિની હરાજીને અટકાવવામાં આવી



- તાજેતરમાં તલિમનાડુ પોલીસે બ્રોન્ઝ (કાંસ્ય) નટરાજની મૂર્તિની હરાજી કરવાની ફ્રાન્સ સરકારની યોજનાને સફળતાપૂર્વક અટકાવી દીધી હતી.
- નોંધનીય છે કે આ કાંસાની મૂર્તિ પચાસ વર્ષ પહેલા થુથુકુડી જિલ્લાના કાયથરમાંથી ચોરાઈ હોવાનું માનવામાં આવે છે.
- ભગવાન શિવના અનેક સ્વરૂપમાંનું એક જેમાં ભગવાન શિવ નર્તક રૂપે હોવાથી તે નટરાજ કહેવાય છે. ઘણા શૈવ મંદિરોમાં ખાસ કરીને દક્ષિણ ભારતમાં ધાતુ અથવા પથ્થરની શિલ્પોના રૂપમાં જોવા મળે છે.
- ચોલ શિલ્પની આ એક મહત્વપૂર્ણ રચના છે. ભગવાન નટરાજના ઉપરના જમણા હાથમાં ડમરૂ છે, જે સૃષ્ટિના ધ્વનીનું પ્રતીક છે. બધી જ રચનાઓ ડમરૂના મહાન અવાજમાંથી જ નીકળે છે. ઉપલા ડાબા હાથમાં શાશ્વત અગ્નિ છે, જે વિનાશનું પ્રતિક છે.
- વિનાશ એ સર્જનનો પુરોગામી અને અનિવાર્ય પેટર્ન છે. નીચેનો જમણો હાથ અભય મુદ્રામાં છે જે આશીર્વાદનું પ્રતિક છે અને ભકતને ભયભીત ન થવાની ખાતરી આપે છે. નીચેનો ડાબો પગ ઊંચા પગ તરફ નિર્દેશ કરે છે અને મુકતીનો માર્ગ સૂચવે છે.
- ભગવાન શિવના વાળમાંથી વહેતી નદીઓ ગંગા નદીના પ્રવાહનું પ્રતિનિધિત્વ કરે છે.
- ભગવાન શિવના એક કાનમાં પુરુષ આભુષણ અને બીજા કાનમાં સ્ત્રી આભુષણ છે. તે નર અને માદાના સંમિશ્રણનું પ્રતિનિધિત્વ કરે છે. અને તેને અર્ધનારીશ્વર તરીકે ઓળખવામાં આવે છે.

**Tamilnadu વિશે....**

**રાજધાની** : ચેન્નઈ
**મુખ્યમંત્રી** : મુથુવેલ કરુણાનિધી સ્ટાલિન
**રાજયપાલ** : રવિન્દ્રનાથ નારાયણ રવિ

## કેરળ યુનિવર્સિટી કાયદા (સુધારો) બિલ પસાર



- તાજેતરમાં કેરળ વિધાનસભાએ રાજ્યની યુનિવર્સિટીઓના શાસનને લગતા કાયદાઓમાં સુધારો કરવા અને રાજ્યપાલને ચાન્સેલરના પદ પરથી દૂર કરવા માટે યુનિવર્સિટી કાયદા (સુધારા) બિલ પસાર કર્યુ હતું.
- કેરળના રાજ્યપાલ અને રાજ્ય સરકાર વચ્ચે મહિનાઓ સુધી ઝગડો ચાલતો હતો. આ પ્રસ્તાવિત કાયદો કેરળમાં કાયદાકીય અધિનિયમો દ્વારા સ્થાપિત 14 યુનિવર્સિટીઓના કાયદામાં સુધારો કરશે અને રાજ્યપાલને તે યુનિવર્સિટીઓના ચાન્સેલર પદ પરથી હટાવી દેશે.
- આ વિધેયક સરકારને રાજ્યપાલની જગ્યાએ વિવિધ યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલર તરીકે પ્રતિષ્ઠિત શિક્ષણવિદોની નિમણૂક કરવા માટે અધિકૃત કરશે આમ યુનિવર્સિટી વહીવટમાં રાજ્યપાલની દેખરેખની ભૂમિકાનો અંત આવશે.
- આ વિધેયકમાં નિયુક્ત કુલપતિનો પાંચ વર્ષ સુધી મર્યાદિત કરવાની જોગવાઈ પણ છે જો કે તે એમ પણ જણાવે છે કે સર્વિંગ ચાન્સેલરની બીજી ટર્મ માટે નિમુણક કરી શકાય છે.

**Kerala વિશે....**
**રાજધાની :** તિરુવનંતપુરમ્
**મુખ્યમંત્રી :** પિનારાયી વિજયન
**રાજયપાલ :** આરિફ મોહમ્મદ ખાન

## IISc બેંગલુરુને G20ના સાયન્સ વર્કિંગ ગ્રુપની સચિવાલય તરીકે પસંદગી




- તાજેતરમાં બેંગલુરુ સ્થિત Indian Institute of Science (IISc)ને G20 સમિટના વિજ્ઞાન કાર્યકારી જૂથ(Science-20) માટે સચિવાલય તરીકે પસંદ કરવામાં આવ્યું છે, જે ગરીબી જેવા સામાન્ય વૈશ્વકિ સ્તરના પડકારોને ઉકેલવા માટે કામ કરશે.
- આ કાર્યક્રમની થીમ Disruptive Science for Innovative and Sustainable Development છે.
- આ કાર્યક્રમ 3 મુખ્ય મુદ્દાઓ જેમકે યુનિવર્સલ હોલિસ્ટિક હેલ્થ, ગ્રીન ફ્યુચર માટે ક્લીન એનર્જી અને વિજ્ઞાનને સમાજ અને સંસ્કૃતિ સાથે જોડવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- આ ત્રણ મુદ્દાઓ પર વર્ષ 2023 દરમિયાન અગરતલા, લક્ષદ્વીપ અને ભોપાલમાં યોજાનાર કાર્યક્રમોમાં ચર્ચા કરવામાં આવશે.
- આ કાર્યક્રમો ઉપરાંત 30 થી 31 જાન્યુઆરી સુધી પુડુચેરીમાં ઉદ્ઘાટન સંમેલન યોજવામાં આવશે અને તમિલનાડુના કોઈમ્બતુરમાં એક શિખર બેઠકનું આયોજન કરવામાં આવશે.
- કોઈમ્બતુરમાં યોજાનારી S20 સમિટમાં G20 દેશોના તમામ વિજ્ઞાન મંત્રીઓને એકસાથે લાવશે.
- આ કાર્યક્રમ ભૂખમરાની કટોકટી જેવી વૈશ્વકિ ચિંતાઓને ઉકેલવામાં મુખ્ય ભૂમિકા ભજવશે અને વિકાસલક્ષી પ્રયાસોમાં 20 દેશોના સમૂહને એકસાથે લાવશે.
- આ કાર્યકારી જૂથ આર્થિક વૃદ્ધિ અને પ્રગતિમાં વિજ્ઞાનની ભૂમિકાને વધારીને સમાન અને ટકાઉ વિકાસની ખાતરી કરવામાં મદદ કરી શકે છે અને વૈશ્વકિ શ્રેષ્ઠ પ્રથાઓ અને તકનીકી નવીનતાઓને શેર કરવામાં મદદ કરશે.
- આ કાર્યક્રમ એક ફ્રેમવર્ક બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે જે તકનીકોના વિકાસને સમર્થન, IP શેરિંગ અને તકનીકી ટ્રાન્સફરને પ્રોત્સાહિત કરશે.

**G-20 વિશે....**
- G-20 એ 19 દેશો અને યુરોપિયન યુનિયનનો સમાવેશ કરતું આંતરરાષ્ટ્રીય સરકારી સંસ્થા છે.
- G-20 ફોરમ વિશ્વની વિકસિત અને વિકાસશીલ અર્થવ્યવસ્થાઓને એક સાથે જોડે છે. તે વૈશ્વિક વસતીના બે–તૃતીયાંશ, આંતરરાષ્ટ્રીય વેપારના 75% અને વૈશ્વિક GDPના 85% હિસ્સો ધરાવે છે. આમ તે આંતરરાષ્ટ્રીય આર્થિક સહયોગ માટે એક પ્રભાવશાળી પ્લેટફોર્મ છે.
- સ્થાપના : 26 સપ્ટેમ્બર, 1999

## અંગુલથી બલરામ રેલ લિંકનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું

- તાજેતરમાં 14 કિ.મી. લાંબી અંગુલથી બલરામ રેલ લિંકનું ઉદ્ઘાટન કેન્દ્રીય કોલસા, ખાણ અને સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોશી દ્વારા આવ્યું છે, જેનું નિર્માણ મહાનદી કોલ રેલ્વે લિમિટેડ (MCRL) દ્વારા કરવામાં આવ્યું છે.
- આ રેલ લિંક જેની લંબાઈ 68 કિ.મી. છે તેનું નિર્માણ IRCON ઈન્ટરનેશનલ લિમિટેડ દ્વારા કુલ રૂ. 1,700 કરોડના ખર્ચે કરવામાં આવશે.
- આ રેલ લિંક ગ્રાહકો માટે કોલસાના દૈનિક સપ્લાઈમાં લગભગ 40 હજાર ટન જેટલો વધારો કરી શકશે.

- આ આંતરિક કોરિડોર અંગુલ–બલરામ–પુતુગડિયા–જરાપાડા–તેંતુલોઈ 2 તબક્કામાં બાંધવામાં આવી રહ્યો છે, જેમાં અંગુલ–બલરામ રેલ લિંક પ્રથમ તબક્કો છે, જયારે બીજા તબક્કામાં 54 કિમી લાંબી બલરામ–પુતુગડિયા–જરાપાડા–તેંતુલોઈ રેલ લિંકનું નિર્માણ કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટની અમલીકરણ એજન્સી IRCON (Indian Railway Construction Limited) ઈન્ટરનેશનલ લિમિટેડ છે.

❖ **વિશેષ**

- મહાનદી કોલ રેલ્વે લિમિટેડ (MCRL) એ MCL, IRCON ઈન્ટરનેશનલ લિમિટેડ અને IDCO સાથે સંકળાયેલી સંયુક્ત સાહસ કંપની છે.
- Mahanadi Coal Railway Limitedની સ્થાપના 2015 માં ઓડિશામાં કોલસા પ્રોજેક્ટ્સ માટે કોમન રેલ કોરિડોર માટે ભંડોળ અને અમલીકરણ માટે કરવામાં આવી હતી.
- આ સંયુક્ત સાહસમાં MCL (કેન્દ્રીય કોલસા મંત્રાલયના પ્રતિનિધિ) પાસે 64 ટકા, IRCON (રેલ મંત્રાલયના પ્રતિનિધિ) પાસે 26 ટકા અને IDCO (ઓડિશા સરકારના પ્રતિનિધિ) પાસે 10 ટકા ઈક્વિટી શેર છે.




## દિલ્હી સોલાર પોલીસી 2022ને મંજુરી

- તાજેતરમાં દિલ્હી મંજૂરી સરકારે તેની સૌર નીતિ 2022ના ડ્રાફ્ટને મંજુરી આપી છે.
- આ નીતિ વર્ષ 2016ની નીતિ દ્વારા સૂચિત સ્થાપિત ક્ષમતાને વર્ષ 2025 સુધીમાં 2,000 મેગાવોટથી 6,000 મેગાવોટ સુધી સુધારે છે જેથી દિલ્હીની વીજળીની માંગમાં સૌર ઊર્જાનો હિસ્સો 3 વર્ષમાં વર્તમાન 9 ટકાથી વધારીને 25 ટકા કરવામાં આવશે.
- આ નીતિ સૌર સિસ્ટમના ફાયદાઓ, પ્રક્રિયા સંબંધિત માર્ગદર્શિકા અને સમયરેખા વિશે માહિતી પ્રદાન કરવા માટે એકીકૃત સિંગલ–વિન્ડો સ્ટેટ પોર્ટલ બનાવવાનો હેતુ ધરાવે છે. આ પોર્ટલ દિલ્હી સોલાર સેલ દ્વારા જાળવવામાં આવશે.
- આ નીતિ અંતર્ગત સૌર ઉર્જાની માંગ વધારવા માટે દિલ્હી સરકાર દ્વારા જનરેશન–આધારિત પ્રોત્સાહનો (GBI) અને મૂડી સબસિડી જેવા વિવિધ પ્રોત્સાહનો આપવામાં આવશે.
- આ નીતિ હેઠળ રેસિડેન્શિયલ, ગ્રુપ હાઉસિંગ સોસાયટીઓ અને રેસિડેન્શિયલ વેલ્ફેર એસોસિએશનો માટે માસિક generation-based incentives આપવામાં આવશે અને વાણિજ્યિક અને ઔદ્યોગિક ગ્રાહકો માટે GBI સૌર ઉર્જા શરૂ થયાની તારીખથી 5 વર્ષ માટે પ્રદાન કરવામાં આવશે.




- આ નીતિ અંતર્ગત પ્રથમ વખતના ઔદ્યોગિક અને વ્યાપારી ગ્રાહકોને પ્રથમ 200 મેગાવોટ સોલર ડિપ્લોયમેન્ટ માટે રૂપિયા 1 પ્રતિ kWh ની GBI પ્રદાન કરવામાં આવશે.
- આ નીતિ હેઠળ રૂફ ટોપ સોલાર (RTS) પેનલ્સમાંથી ઉર્જા ઉત્પન્ન કરવા માટે ટેક્સ અને ડ્યૂટી વસૂલવામાં આવશે નહીં, પછી ભલે તે સ્વ–ઉપયોગ માટે હોય અથવા ગ્રીડને સપ્લાય કરવામાં આવે.

## આરક્ષણ પર ટ્રિપલ ટેસ્ટ સર્વે માટે કમિશનની રચના

- તાજેતરમાં અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા ઉત્તર પ્રદેશ સરકારને આદેશ આપવામાં આવ્યો છે કે, Other Backward Classes(OBC) આરક્ષણો વિના શહેરી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજવામાં આવે કારણ કે ક્વોટા માટેની ટ્રિપલ ટેસ્ટ જરૂરિયાત પૂરી થઈ નથી, તે માટે શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ટ્રિપ ટેસ્ટ સર્વે કરવા માટે એક કમિશનની રચના કરવામાં આવી છે.
- સર્વોચ્ચ અદાલત દ્વારા 2 માર્ચ, 2021ના રોજ વિકાસ કિશનરાવ ગવાલી V/S મહારાષ્ટ્ર રાજ્ય અને અન્ય કેસમાં ટ્રિપલ ટેસ્ટ રજૂ કરવામાં આવી હતી.
- આ ટેસ્ટમાં તેમાં સ્થાનિક સંસ્થાઓમાં ઓબીસીને અનામતને અંતિમ સ્વરૂપ આપવા માટે સરકાર ત્રણ કાર્યોને અમલમાં મૂકે છે, જે નીચે મુજબ છે.
- સ્થાનિક સંસ્થાઓમાં પછાતપણાની પ્રકૃતિ અને અસરોનો અભ્યાસ કરવા માટે એક સમર્પિત કમિશનની રચના કરો.
- પંચની ભલામણોના આધારે સ્થાનિક સંસ્થાઓમાં જરૂરી અનામતનું પ્રમાણ સ્પષ્ટ કરવું.



- એ સુનિશ્ચિત કરવું કે એસસી, એસટી અને ઓબીસી માટેનું આરક્ષણ મળીને કુલ બેઠકોના 50 ટકાને વટાવી ન જાય.

❖ **વિશેષ**

- ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા વર્ષ 2017 માં OBC વસ્તી નક્કી કરવા માટે એક ઝડપી સર્વે હાથ ધર્યો હતો.
- આ સર્વે દરેક નગરપાલિકામાં હાથ ધરવામાં આવ્યો હતો, અને તેના પરિણામના આધારે સંબંધિત મતવિસ્તારમાં OBC વસ્તીના પ્રમાણમાં બેઠકો અનામત રાખવામાં આવી હતી.
- આ ઝડપી સર્વે માત્ર OBC વસ્તીની સંખ્યા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**Allahabad High Court વિશે....**

**સ્થાપના** : 17 માર્ચ 1866
**મુખ્ય ન્યાયાધીશ** : રાજેશ બિન્દલ

**Uttar Pradesh વિશે....**

**રાજધાની** : લખનૌ
**મુખ્યમંત્રી** : યોગી આદિત્યનાથ
**રાજ્યપાલ** : આનંદીબેન પટેલ

## આસામમાં મતવિસ્તારોનું સીમાંકન માટે જાહેરાત


- તાજેતરમાં Election Commission of India(ECI) દ્વારા આસામના રાજ્ય વિધાનસભા અને સંસદીય મતવિસ્તારોના સીમાંકનની પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. વર્તમાન સીમાંકન(કોઈ પણ વસ્તુની મર્યાદા નક્કી કરવાની પ્રક્રિયા) પ્રક્રિયા વર્ષ 1971ની વસ્તી ગણતરીના આધારે હાથ ધરવામાં આવી રહી છે.
- સીમાંકન એ બદલાતી વસ્તી સંખ્યાને રજૂ કરવા માટે રાજ્યની વિધાનસભા બેઠકો અને લોકસભા બેઠકોની સીમાઓ ફરીથી દોરવાની પ્રક્રિયા છે.
- સીમાંકન પ્રક્રિયાનો મુખ્ય હેતુ વસ્તીના સમાન વિભાગોને સમાન પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવાનો છે.
- આ પ્રક્રિયા વસ્તી એકસરખી રીતે વધતી ન હોવાથી, સીમાંકન સમયાંતરે વસ્તીના વિતરણમાં થતા ફેરફારોને પ્રતિબિંબિત કરે છે.
- આસામમાં વર્ષ 1971માં વસ્તી 1.46 કરોડ હતી, જે વર્ષ 2001માં વધીને 2.66 કરોડ થઈ ગઈ છે. રાજ્યના તમામ વિસ્તારોમાં વસ્તી એકસરખી રીતે વધી નથી.

❖ **સીમાંકન હાથ ધરવા માટેની પ્રક્રિયા**

- બંધારણના અનુચ્છેદ 82 મુજબ ભારતીય સંસદે દરેક વસ્તી ગણતરી બાદ સીમાંકન કાયદો ઘડવો જરૂરી છે અને એકવાર આ કાયદો અમલમાં આવ્યા બાદ કેન્દ્ર સરકારે સીમાંકન આયોગની સ્થાપના કરવી પડશે.
- સીમાંકન આયોગે મતવિસ્તારની સંખ્યા અને સીમાઓ એવી રીતે નક્કી કરવી જરૂરી છે કે જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી તમામ બેઠકોની વસ્તી સમાન હોય અને તેને SC અને ST માટે અનામત બેઠકોની ઓળખ કરવાનું પણ સોંપવામાં આવ્યું છે.
- સીમાંકન આયોગ સીમાંકન પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જાહેર પ્રતિસાદ મેળવવા માટે ડ્રાફ્ટ દરખાસ્તો બહાર પાડશે અને જાહેર બેઠકોનું પણ આયોજન કરશે, જ્યાં સમસ્યા અને સૂચનોને ધ્યાનમાં લઈને જરૂરી ફેરફારો કરશે.
- સીમાંકન આયોગનો અંતિમ આદેશ ભારતના સંબંધિત ગેઝેટમાં પ્રકાશિત થાય છે, જે ભારતના રાષ્ટ્રપતિ દ્વારા નિર્દિષ્ટ તારીખથી અમલમાં આવશે.

❖ **સીમાંકન આયોગ વિશે**

- સીમાંકન આયોગ એક સ્વતંત્ર કમિશન છે જે સીમાંકન પ્રક્રિયા કરવા માટે જવાબદાર છે.
- આ આયોગની સ્થાપના કેન્દ્ર સરકાર દ્વારા સીમાંકન આયોગ અધિનિયમ હેઠળ કરવામાં આવી છે જે સીમાંકનની પ્રક્રિયા કરવા માટે ભારતના ચૂંટણી પંચ (ECI) સાથે સંયુક્ત રીતે કામ કરે છે.
- આ આયોગમાં સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ, મુખ્ય ચૂંટણી કમિશનર અને સંબંધિત રાજ્યના રાજ્ય ચૂંટણી કમિશનરોનો સમાવેશ થાય છે.
- આ આયોગ કોઈપણ વહીવટી પ્રભાવ વિના કાર્ય કરે છે અને તેના આદેશો અંતિમ છે. કોઈપણ કોર્ટ સમક્ષ તેની પૂછપરછ કરી શકાય નહી.




❖ **વિશેષ**

- વર્ષ 1952, 1963, 1973 અને 2002 કુલ 4 સીમાંકન કમિશનની સ્થાપના કરવામાં આવી હતી, વર્ષ 2001ની વસ્તી ગણતરી પછી સીમાંકનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી નથી.
- છેલ્લી સીમાંકન પ્રક્રિયા લોકસભાની રાજ્ય મુજબની રચનામાં ફેરફાર કરવા માટે હાથ ધરવામાં આવી હતી, જે 1971ની વસ્તી ગણતરીના આધારે વર્ષ 1976માં હાથ ધરવામાં આવી હતી.
- આ મુદ્દાને ઉકેલવા માટે ભારતીય બંધારણમાં વર્ષ 1976માં સુધારો કરીને સીમાંકનને વર્ષ 2001 સુધી સ્થગિત કરવામાં આવ્યો હતો.
- સીમાંકનની પ્રક્રિયાને વર્ષ 2026 સુધી વધુ વિલંબિત કરવા માટે બીજો સુધારો ઘડવામાં આવ્યો હતો.
- ભારત સરકારે વર્ષ 2020 માં આસામ, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ અને મણિપુર રાજ્યો અને જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશ માટે સીમાંકન આયોગનું પુનર્ગઠન કર્યું.

**Election Commission of India (ECI) વિશે....**

**સ્થાપના** : 25 જાન્યુઆરી, 1950
**વડુમથક** : નવી દિલ્હી
**ચીફ કમિશનર** : રાજીવ કુમાર

# GOVT.JOBS

Golden Opportunities (Govt. Bank) Vacancy

# 2023

Govt. Bank માં Officer/Assistant બનવાની સુવર્ણ તક...

Up Coming **45000+** New Vacancy

- IBPS
- RRB
- SBI
- BANK

ADMISSION OPEN

Then Why Wait?

Join Demo Class

Visit Our Nearest Branch For More Inquiry

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

NEW CLASS START FROM **EVERY MONDAY**

| સુરત (ઉધના) | સુરત (વરાછા) | નવસારી | વ્યારા |
|---|---|---|---|
| Ph. : 70461 40555 | Ph. : 70464 16555 | Ph. : 70466 41555 | Ph. : 90998 64658 |

## પશ્ચિમ બંગાળમાં દીદીર સુરક્ષા કવચ અને દીદીર દૂત પહેલ લોન્ચ

- તાજેતરમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી દ્વારા પંચાયત ચૂંટણી પહેલા દીદીર સુરક્ષા કવચ અને દીદીર દૂત પહેલ 11 જાન્યુઆરીના રોજ લોન્ચ કરવામાં આવશે, જે રાજ્ય સરકારની 15 યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે
- આ પહેલ વર્ષ 2019માં બેનર્જીના દીદી કે બલો પહેલને અનુસરે છે, જેનો ઉદ્દેશ્ય સામાન્ય લોકો સુધી પહોંચવાનો હતો અને તે સફળ રહ્યો હતો
- દીદીર સુરક્ષા કવચ પહેલનો ઉદ્દેશ તૃણમૂલ કોંગ્રેસ (TMC) પાર્ટીના 3.5 લાખ નેતાઓ દરેક બ્લોકમાં પહોંચશે અને 60 દિવસમાં 2 કરોડ પરિવારોને આવરી લેશે, જેમાં કાર્યકરો ગામડાઓમાં રહીને સ્થાનિકોને પડતી સમસ્યાઓને નો સમાધાન અને TMC સરકારના મુખ્ય કાર્યક્રમોને પ્રોત્સાહન આપશે.



- આ પહેલ માટે પાર્ટી તેના કાર્યકરોને તાલીમ આપવાની યોજના ધરાવે છે, જેથી નેતાઓ સ્થાનિક બૂથ વિસ્તારોમાં જઈને તેમની સમસ્યાઓ નોંધવા માટે દીદીર દૂત ડાઉનલોડ કરવા માટે પ્રોત્સાહિત કરશે.
- આ પહેલ હેઠળ 3,343 ગ્રામ પંચાયતોમાં સમસ્યાઓ નોંધવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે, જેમાં દરેક ઘરને મમતા બેનર્જીની સહીવાળો પત્ર આપવામાં આવશે.
- દીદીર દૂત એપનો ઉપયોગ દીદીર સુરક્ષા કવચ પહેલ સાથે કરવામાં આવશે.
- દીદીર સુરક્ષા કવચ કાર્યક્રમ રાજ્ય સરકારની 15 યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેમાં ખાદ્યા સાથી, બાંગ્લાર આવાસ યોજના, નિજો ગૃહ નિજો ભૂમિ, સ્વસ્થ સાથી, કન્યાશ્રી, શિક્ષાશ્રી, ઐક્યશ્રી, વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ, લક્ષ્મી ભંડાર, કૃષક બંધુ, સામાજિક સુરક્ષા યોજના, માનબિક પેન્શન, જય બાંગ્લા પેન્શન યોજના, બિધાબા ભાટા અને યુવશ્રીનો સમાવેશ થશે.

**West Bengal વિશે....**
**રાજધાની** : કોલકાત્તા
**મુખ્યમંત્રી** : મમતા બેનર્જી
**રાજ્યપાલ** : સી.વી.આનંદ બોઝ

## મણિપુરમાં ગાન ન્ગાઈ ઉત્સવનું આયોજન

- તાજેતરમાં 4 જાન્યુઆરી, 2023 ના રોજ ઝેલિયારોંગ સમુદાય દ્વારા સારી લણણી માટે તેમની કૃતજ્ઞતા દર્શાવવા, આગળ સમૃદ્ધ વર્ષ માટે પ્રાર્થના કરવા અને નવા અગ્નિના ઉત્પાદન સાથે નવા વર્ષની શરૂઆત કરવા માટે મણિપુરમાં ગાન ન્ગાઈ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ તહેવાર સંસ્કૃતિ, સંગીત, નૃત્ય અને આધ્યાત્મિક ધાર્મિક વિધિઓની ઉજવણી છે જે સમુદાયને એકતા અને આનંદમાં લાવે છે.
- ગાન ન્ગાઈ તહેવાર સામાન્ય રીતે ડિસેમ્બર અથવા જાન્યુઆરી મહિનામાં સંપૂર્ણ પાંચ દિવસ માટે ઉજવવામાં આવે છે, જેની ચોક્કસ તારીખ દર વર્ષે બદલાય છે.
- આ તહેવાર એ ઝેલિયારોંગ લોકો માટે તેમના પૂર્વજોને શ્રદ્ધાંજલિ આપવા અને દેવતાઓને માન આપવાનો સમય છે.
- ગાન ન્ગાઈ ઉત્સવ એ ઝેલિયારોંગ સમુદાય માટે એકતા, શાંતિ અને પ્રેમમાં સાથે આવવા અને તેમની સંસ્કૃતિ અને જીવનશૈલીની ઉજવણી કરવાનો સમય છે.




- આ તહેવારના પ્રથમ દિવસે પવિત્ર ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે, જેમાં પવિત્ર અગ્નિની રચના અને પૂર્વજોની કબરો પર પ્રાર્થના અને ફૂલોની શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે.
- આ તહેવારના આગામી ચાર દિવસ સંગીત, નૃત્ય અને સાંપ્રદાયિક તહેવારોથી ભરેલા હોય છે, કારણ કે આ સમુદાયના પુરુષો અને સ્ત્રીઓ તેમના પરંપરાગત પોશાક પહેરે છે અને પરંપરાગત સંગીતનાં સાધનોની ધૂન પર પ્રદર્શન કરે છે.
- તાજેતરના વર્ષોમાં આ તહેવારમાં લાંબી કૂદ અને શોટ પુટ જેવી રમતગમતની પ્રવૃત્તિઓ પણ ઉજવણીમાં સામેલ કરવામાં આવી છે.
- તહેવારના પ્રથમ દિવસે નવી અગ્નિનું ઉત્પાદન એ એક મહત્વપૂર્ણ ધાર્મિક વિધિ છે જે નવા વર્ષની શરૂઆતનું પ્રતીક છે.
- આ તહેવારમાં સૂકા લાકડા અને વાંસના ટુકડાને એકસાથે ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે, અને તે સમુદાયના દરેક ઘરોમાં વહેંચવામાં આવે છે.

**Manipur વિશે....**
**રાજધાની** : ઈમ્ફાલ
**મુખ્યમંત્રી** : બીરેન સિંહ
**રાજ્યપાલ** : લા ગણેશન

## રાષ્ટ્રીય સ્કાઉટ અને ગાઈડ જમ્બોરી ઈવેન્ટનું ઉદ્‌ઘાટન





- તાજેતરમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાજસ્થાનના પાલી જિલ્લામાં 18મી રાષ્ટ્રીય સ્કાઉટ(જાસૂસ) અને ગાઇડ(માર્ગદર્શક) જાંબોરી ઈવેન્ટનું ઉદ્‌ઘાટન કર્યું.
- આ 7 દિવસની ઈવેન્ટ રાજસ્થાનના પાલી જિલ્લાના રોહત ખાતે 66 વર્ષના અંતરાલ બાદ યોજાઈ હતી, જેમાં દેશભરમાંથી 35,000થી વધુ સ્કાઉટ્સ અને ગાઈડેડ ભેગા થયા હતા.
- આ ઈવેન્ટમાં ભારતીય વાયુસેના સૂર્ય કિરણ એરોબેટિક્સ ટીમે પ્રદર્શન કર્યું હતું, આ ઉપરાંત BSF કેમલ સ્ક્વોડ દ્વારા પણ પ્રદર્શન કરવામાં આવ્યું, જેમાં કુશળ સવારો અને તેમના ભરોસાપાત્ર ઊંટો તેમની કુશળતા અને તાલીમ બતાવ્યું .
- આ સ્પર્ધાઓ સ્કાઉટ્સને તેમની કૌશલ્ય અને ક્ષમતાઓ પ્રદર્શિત કરવાની અને સમગ્ર દેશમાંથી તેમના સાથીદારો સામે સ્પર્ધા કરવાની તક પૂરી પાડી.
- આ ઈવેન્ટ યુવા સ્કાઉટ્સને તેમના રિવાજો, ખાદ્યપદાર્થો, હસ્તકલા અને ધાર્મિક પ્રથાઓ એકબીજા સાથે શેર કરવા માટે એક પ્લેટફોર્મ પણ પ્રદાન કર્યું.

**Rajasthan વિશે....**
**મુખ્યમંત્રી** : અશોક ગેહલોત
**ગર્વનર** : કલરાજ મિશ્રા
**રાજધાની** : જયપુર

## કાલસા–બંદુરી પ્રોજેક્ટ પર કર્ણાટક અને ગોવા વચ્ચે વિવાદ

- તાજેતરમાં ગોવાના વિરોધ છતાં પણ કર્ણાટક રાજ્યના જળ સંસાધન મંત્રી ગોવિંદ કરજોલ દ્વારા જાહેરાત કરવામાં આવી કે, કર્ણાટક રાજ્ય મહાદયી નદી પર કાલસા–બંદુરી પ્રોજેક્ટ સાથે આગળ વધશે.




- આ પ્રોજેક્ટ બેલાગાવી, ધારવાડ, બાગલકોટ અને ગડગ જિલ્લાઓ માટે પીવાનું પાણી પૂરું પાડવા માટે મહાદયી નદીમાંથી પાણીને વાળવાનો ઉદ્દેશ્ય ધરાવતા હોવાથી દાયકાઓથી વિવાદનો વિષય છે.
- ટ્રીબ્યુનલે વર્ષ 2018 માં મહાદયી નદીના બેસિનમાંથી કર્ણાટકને 13.42, મહારાષ્ટ્રને 1.33 અને ગોવાને 24 Thousand Million Cubic feet પાણીની ફાળવણી કરવામાં માટે નિર્ણય આપવામાં આવ્યો હતો, આ નિર્ણયને ગોવા અને મહારાષ્ટ્ર દ્વારા સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે.
- આ પ્રોજેક્ટમાં કર્ણાટકના સૂકા જિલ્લાઓ તરફ પાણી વાળવા માટે મહદયી નદીની ઉપનદીઓ જેમકે કલાસા અને બંધુરી નદીઓ સામે બેરેજ(બંધ)નું નિર્માણ સામેલ કરવામાં આવ્યું છે.
- આ પ્રોજેક્ટ સૌપ્રથમ વર્ષ 1980 ના દાયકામાં પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો, પરંતુ કર્ણાટક, ગોવા અને મહારાષ્ટ્ર વચ્ચેના વિવાદને કારણે અત્યાર સુધી અમલમાં આવ્યો નથી.
- આ પ્રોજેક્ટ હેઠળ ટ્રિબ્યુનલ દ્વારા રાજ્ય માટે આપવામાં આવેલ પાણીનો ઉપયોગ કરવા માટે કર્ણાટકને ગોવાની પરવાનગીની જરૂર નથી અને કર્ણાટકની પીવાના પાણીની જરૂરિયાતોને પહોંચી વળવા આ પ્રોજેક્ટ જરૂરી છે.
- આ પ્રોજેક્ટ પર ગોવાએ ટ્રિબ્યુનલ દ્વારા મહાદયથી પાણીની ફાળવણીને પડકારતી સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પિટિશન દાખલ કરી છે.
- આ પ્રોજેક્ટ પર ગોવા દ્વારા ઑક્ટોબર 2020 કર્ણાટક પર મહાદાયી નદીમાંથી ગેરકાયદેસર રીતે પાણી વાળવાનો આરોપ લગાવતી અવમાનનાની અરજી પણ દાખલ કરવામાં આવી છે, અને આ વિવાદમાં મહારાષ્ટ્ર દ્વારા સિવિલ અપીલ પણ દાખલ કરવામાં આવી છે.

**Karnataka વિશે....**
**રાજધાની** : બેંગલુરુ
**મુખ્યમંત્રી** : બસવરાજ બોમ્માઈ
**રાજયપાલ** : થાવર ચંદ ગેહલોત


**Maharashtra વિશે....**
**રાજધાની** : મુંબઈ
**મુખ્યમંત્રી** : એકનાથ શિંદે
**રાજયપાલ** : ભગત સિંઘ કોશ્યારી

### ❖ મહાદયી નદી વિવાદ વિશે

- મહાદયી નદી કર્ણાટકના બેલાગાવી જિલ્લામાં ભીમગઢ વન્યજીવ અભયારણ્યની અંદર ઉદ્દભવે છે અને ગોવામાંથી અરબી સમુદ્રમાં વહે છે.
- ગોવાના તત્કાલિન મુખ્યમંત્રી મનોહર પર્રિકર દ્વારા મહાદાયી નદીમાં ઉપલબ્ધ સંસાધનોનું મૂલ્યાંકન કરવા અને ત્રણ બેસિન રાજ્યો ગોવા, મહારાષ્ટ્ર અને કર્ણાટકને પાણી ફાળવવા વિનંતી કરવામાં આવી હતી.
- આ પ્રોજેક્ટને ગોવામાં વિરોધને અને પર્યાવરણીય નુકસાન અંગેની ચિંતાઓને કારણે તત્કાલિન સરકાર દ્વારા રોકી દેવામાં આવ્યો હતો.
- આ પ્રોજેક્ટ પર વર્ષ 2006માં કર્ણાટકે કામ શરૂ કરવાનો નિર્ણય કર્યો ત્યારે વધુ વિવાદ થયો હતો, ત્યારબાદ ગોવાએ પાણીની વહેંચણીના વિવાદને ઉકેલવા માટે ટ્રિબ્યુનલની રચના કરવા માટે સુપ્રીમ કોર્ટને વિનંતી કરી હતી.

## રાજસ્થાનમાં આધ્યાત્મિક સશક્તિકરણ દ્વારા ઉભરતા ભારત અભિયાન લોન્ચ


- તાજેતરમાં 3 જાન્યુઆરી, 2023 ના રોજ ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાજસ્થાનના માઉન્ટ આબુ ખાતે બ્રહ્મા કુમારીઓ દ્વારા આયોજિત RISE– Rising India Through Spiritual Empowerment પરના રાષ્ટ્રીય અભિયાનના પ્રારંભમાં ભાગ લીધો છે.
- આ ઉપરાંત ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા સિકંદરાબાદમાં બ્રહ્મા કુમારીઝ સાયલન્સ રીટ્રીટ સેન્ટરનું વર્ચ્યુઅલ રીતે ઉદ્ઘાટન અને ઈન્દોરમાં બ્રહ્મા કુમારીસ ઓડિટોરિયમ અને આધ્યાત્મિક આર્ટ ગેલેરીનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે.




- આ અભિયાનનો ઉદ્દેશ્ય સુવર્ણ ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે ભારતીય નાગરિકોને આધ્યાત્મિક રીતે સશક્તિકરણ કરવાનો છે.
- આ અભિયાન યુવાનોમાં જાગૃતિ અને પરિવર્તન લાવવા માટે દેશભરમાં વ્યાખ્યાનો, વર્કશોપ, ટૂંકા અભ્યાસક્રમો, યુવા શિબિરો અને ફેસ્ટનું આયોજન કરવામાં આવશે.
- આ ઉપરાંત આ અભિયાન વિવિધ પ્રોજેક્ટ્સ પર સહયોગ કરશે, જે યુવાનોને સામાજિક અને માનવતાવાદી ચિંતાની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તક પૂરી પાડે છે.

## વારાણસી કેન્ટ રેલ્વે સ્ટેશનને ઈટ રાઈટ સ્ટેશન પ્રમાણપત્ર આપવામાં આવ્યો

- તાજેતરમાં ઉત્તર પ્રદેશના વારાણસી કેન્ટ રેલ્વે સ્ટેશનને મુસાફરોને ઉચ્ચ–ગુણવત્તાવાળા, પૌષ્ટિક ખોરાક આપવા માટે 5–સ્ટાર ઈટ રાઈટ સ્ટેશન પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે.
- આ પ્રમાણપત્ર ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) દ્વારા એવા રેલ્વે સ્ટેશનોને આપવામાં આવે છે જેઓ પ્રમાણભૂત ખાદ્ય સંગ્રહ અને સ્વચ્છતા પ્રથાઓનું પાલન કરે છે.
- આ પહેલ સલામત અને પૌષ્ટિક ખોરાકની ખાતરી કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે.
- આ પ્રમાણપત્રમાં FSSAI દ્વારા 1 થી 5ના સ્કેલ પર રેન્કિંગ આપવામાં આવે છે
- ઈટ રાઈટ સ્ટેશન પ્રમાણપત્ર એ ઈટ રાઈટ ઈન્ડિયા ચળવળનો એક ભાગ છે, જે તમામ ભારતીયો માટે સુરક્ષિત, સ્વસ્થ અને ટકાઉ ખોરાક સુનિશ્ચિત કરવા માટે દેશની ખાદ્ય પ્રણાલીમાં પરિવર્તન લાવવા માટે FSSAI દ્વારા મોટા પાયે પ્રયાસ કરવામાં આવે છે.




❖**અન્ય 5–સ્ટાર ઈટ રાઈટ પ્રમાણિત રેલ્વે સ્ટેશન**

- આનંદ વિહાર ટર્મિનલ રેલ્વે સ્ટેશન (દિલ્હી)
- છત્રપતિ શિવાજી ટર્મિનસ (મુંબઈ)
- મુંબઈ સેન્ટ્રલ રેલ્વે સ્ટેશન (મુંબઈ)
- વડોદરા રેલ્વે સ્ટેશન
- ચંદીગઢ રેલ્વે સ્ટેશન
- ભોપાલ રેલ્વે સ્ટેશન

### Eat Right Station Certification વિશે....

- Tag Line : Food Right, Better Life.
- FSSAI દ્વારા 'ઈટ રાઈટ સ્ટેશન' પ્રમાણપત્ર એવા રેલવે સ્ટેશનોને એનાયત કરવામાં આવે છે જે મુસાફરોને સલામત અને આરોગ્યપ્રદ ખોરાક પૂરા પાડવાના ધોરણો નક્કી કરે છે.
- રેલવે સ્ટેશનને 1 થી 5 રેટિંગ સાથે FSSAI એમ્પેનલ્ડ થર્ડ પાર્ટી ઓડિટ એજન્સીના તારણોના આધારે પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવે છે.
- FSSAI 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, 2006' (FSS એક્ટ) હેઠળ સ્થાપિત એક સ્વાયત્ત વૈધાનિક સંસ્થા છે.
- 'ઈટ રાઈટ ઈન્ડિયા' મૂવમેન્ટ એ સરકાર અને FSSAI ની એક પહેલ છે જે તમામ ભારતીયો માટે સલામત, સ્વસ્થ અને ટકાઉ ખોરાક સુનિશ્ચિત કરીને દેશની ખાદ્ય વ્યવસ્થામાં પરિવર્તન લાવે છે.

## કેરળમાં ઉદ્યોગો માટે What's App ફરિયાદ નિવારણ પદ્ધતિ લોન્ચ

- તાજેતરમાં કેરળ સરકાર દ્વારા ઉદ્યોગ માટે What's App ફરિયાદ નિવારણ પદ્ધતિ લોન્ચ કરવામાં આવી છે, જેમાં વ્હોટ્સએપનો ઉપયોગ કરીને ઉદ્યોગ સાહસિકો ફરિયાદો સબમિટ કરી શકે અથવા નિવારણ મેળવી શકે છે.
- આ કામચલાઉ નિવારણ પદ્ધતિ જ્યાં સુધી વૈધાનિક ફરિયાદ પતાવટ પદ્ધતિ અમલમાં ન આવે ત્યાં સુધી અમલમાં રહેશે.
- કેરળ સરકાર રાજ્યમાં ઉદ્યોગસાહસિકોને સંસાધનો અને સહાય પૂરી પાડવા માટે સમર્પિત છે, અને What's App ફરિયાદ સિસ્ટમની રજૂઆત તેમના પ્રયાસોનું માત્ર એક ઉદાહરણ છે.

❖ **ફરિયાદ સિસ્ટમની વિગતો**

- ફરિયાદ સબમિશનની 10 મિનિટની અંદર ફરિયાદના સંદેશાઓ પર ધ્યાન આપવામાં આવશે.
- ફરિયાદ સંબંધિત જિલ્લા મારફતે ફરિયાદીનો સંપર્ક કરવામાં આવશે.
- ફરિયાદ સબમિશનના સાત દિવસમાં તમામ ફરિયાદોનું નિરાકરણ લાવવાનો ધ્યેય છે.
- આ સિસ્ટમમાં જિલ્લા–સ્તર અને રાજ્ય–સ્તરની કામગીરી હશે.

**Kerala વિશે....**
**રાજધાની :** તિરુવનંતપુરમ્
**મુખ્યમંત્રી :** પિનારાયી વિજયન
**રાજયપાલ :** આરિફ મોહમ્મદ ખાન

❖ **વિશેષ**

- કેરળમાં નેનો એકમો માટે માર્જિન મની ગ્રાન્ટનો ઉપયોગ 56 સાહસિકો દ્વારા કરવામાં આવ્યો છે, જેમાંથી 42 મહિલાઓ છે.
- કેરળમાં ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન કુલ રૂ. 1.59 કરોડનું વિતરણ કરવામાં આવ્યું છે.
- કેરળમાં પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ હેઠળ 88 એકમોને કુલ રૂ. 2.44 કરોડની સબસિડી સહાય મળી છે.
- કેરળમાં 84 એકમોએ આંત્રપ્રિન્યોર્સ સપોર્ટ પ્રોગ્રામનો લાભ લીધો છે, જેમાં વર્ષ 2022-23ના સમયગાળા દરમિયાન કુલ 6.95 કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવ્યું છે.

## કેરળમાં વિશ્વનું પ્રથમ પામલીફ હસ્તપ્રત મ્યુઝિયમની શરૂઆત



- તાજેતરમાં કેરળની રાજધાની તિરુવનંતપુરમમાં વિશ્વની પ્રથમ પામલીફ હસ્તપ્રત મ્યુઝિયમની શરૂ કરવામાં આવી છે, જેને કેરળ રાજ્યના સાંસ્કૃતિક અને બૌદ્ધિક જીવનમાં ઉમેરો કર્યો છે.
- આ મ્યુઝિયમ વિશ્વનું પ્રથમ છે, જેમાં 650 ADથી 19મી સદીના અંત સુધી ભૂતપૂર્વ ત્રાવણકોર(વર્તમાન કેરળ) રાજ્ય સાથે સંબંધિત 187 હસ્તપ્રતો અને અન્ય કલાકૃતિઓ છે અને કોચી અને મલબારના પ્રદેશોના દસ્તાવેજો પણ છે.
- આ મ્યુઝિયમમાં પામ લીફ હસ્તપ્રતો, શૈલી, કેડજન બંડલ્સ માટેના વાહકો, તાંબાની પ્લેટો અને વાંસના સ્પ્લિન્ટ્સ(તૂટેલા હાડકાં ઉપર લાકડું બાંધવું)નો સમાવેશ થાય છે.
- કેડજન એ નાળિયેર પામના પાંદડામાંથી બનાવેલી વણાયેલી ચટાઈઓ છે , જેનો ઉપયોગ છત અને દિવાલો માટે થાય છે.
- આ મ્યુઝિયમને 8 ગેલેરીઓમાં વિભાજિત કરવામાં આવ્યું છે, જે દરેક ત્રાવણકોર ઇતિહાસના અલગ–અલગ પાસાઓ પર કેન્દ્રિત છે, જેમાં લેખનનો ઇતિહાસ, જમીન અને લોકો, વહીવટ, યુદ્ધ અને શાંતિ, શિક્ષણ અને આરોગ્ય, અર્થતંત્ર, કલા અને સંસ્કૃતિ, અને મથિલકમ રેકોર્ડ્સ અને કેટલીક ગેલેરીઓમાં વધારાની માહિતી ભેગી કરવા માટે ફિલ્મો અને QR કોડ ટેકનોલોજીનો પણ સમાવેશ થાય છે.
- આ મ્યુઝિયમ તેની હસ્તપ્રતો માટે ખાસ કરીને નોંધપાત્ર છે, જે ઉપચારિત અને સારવાર કરાયેલા ખજૂરના પાંદડા પર લખાયેલ છે અને વિવિધ વિષયો પર પ્રાથમિક સ્ત્રોત સામગ્રી ધરાવે છે.
- સૌથી પ્રસિદ્ધ હસ્તપ્રતોમાંની એક કોલાચેલના યુદ્ધનો અહેવાલ છે, જેમાં ત્રાવણકોરના અનીઝમ થિરુનલ માર્થાન્ડા વર્માએ વર્ષ 1741માં ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને હરાવ્યું હતું.
- આ મ્યુઝિયમ કેરળ રાજ્ય દ્વારા મોટા સંરક્ષણ પ્રયાસના ભાગ રૂપે બનાવવામાં આવ્યું છે.
- આ મ્યુઝિયમ ત્રણ સદી જૂની ઈમારતમાં આવેલું છે જે રાજ્ય સરકાર માટે કેન્દ્રીય દફતર ભંડાર છે.
- આ મ્યુઝિયમના સંગ્રહનો પ્રથમ તબક્કો 1.5 કરોડ (15 મિલિયન) પામ લીફ રેકોર્ડમાંથી પસંદ કરવામાં આવ્યો છે, જે સમગ્ર રાજ્યમાં સાચવવામાં આવ્યા છે.

## બિહાર રાજ્ય સરકાર દ્વારા જાતિ આધારિત સર્વે કરવામાં આવ્યો

- તાજેતરમાં મુખ્યમંત્રી નીતિશ કુમારની આગેવાની હેઠળની બિહાર સરકાર દ્વારા 7 જાન્યુઆરી, 2023ના રોજ રાજ્યમાં જાતિ આધારિત સર્વેક્ષણનો પ્રથમ તબક્કો શરૂ કરવામાં આવ્યો છે.




- આ સર્વેક્ષણ 31 મે, 2023ના રોજ પૂર્ણ થવાનું છે, જે 2 તબક્કામાં હાથ ધરવામાં આવી રહ્યો છે.
- આ સર્વેનો હેતુ રાજ્યમાં જાતિઓ અને સમુદાયોના વિકાસમાં મદદ કરવા માટે વિગતવાર રેકોર્ડ બનાવવાનો છે.
- આ સર્વે ખાસ કરીને બિહારના શાસક પક્ષો જનતા દળ (યુનાઈટેડ) અને રાષ્ટ્રીય જનતા દળ માટે ફાયદાકારક હોવાની અપેક્ષા છે, કારણ કે તેમની પાસે ઘણા સામાજિક અને આર્થિક રીતે વંચિત જાતિ જૂથોનું સમર્થન છે.
- આ સર્વે માટેનો ડેટા પંચાયતથી જિલ્લા કક્ષા સુધી આઠ–સ્તરની સર્વે પ્રક્રિયાના ભાગરૂપે મોબાઈલ એપ્લિકેશન દ્વારા ડિજિટલ રીતે એકત્રિત કરવામાં આવશે.
- આ એપમાં રહેઠાણનું સ્થળ, જાતિ, પરિવારમાં લોકોની સંખ્યા, તેમનો વ્યવસાય અને તેમની વાર્ષિક આવક અંગેના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવશે. રાજ્ય બહાર રહેતા પરિવારના સભ્યો વિશે પણ માહિતી એકત્ર કરવામાં આવશે.

❖ **તબક્કો 1 : ઘરગથ્થુ ગણતરી**

- આ સર્વેક્ષણના પ્રથમ તબક્કામાં રાજ્યના તમામ પરિવારોની ગણતરી અને રેકોર્ડિંગનો સમાવેશ થશે.
- આ તબક્કો 7 જાન્યુઆરીથી 21 જાન્યુઆરી, 2023 સુધી ચાલવાનો છે, જે 5.24 લાખ સર્વેયર દ્વારા હાથ ધરવામાં આવશે.
- આ સર્વેયર જેઓ મોટાભાગે શિક્ષકો, કૃષિ સંયોજકો અને સરકારી કર્મચારીઓ છે, જે રાજ્યના તમામ 38 જિલ્લાઓમાં શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં 2.58 કરોડ પરિવારોની મુલાકાત લેશે.
- આ સર્વેક્ષણના પ્રથમ તબક્કામાં બિહારની અંદાજિત 12.70 કરોડની વસ્તીને આવરી લેવાની અપેક્ષા છે.

❖ **તબક્કો 2: જાતિ અને સામાજિક–આર્થિક માહિતી સંગ્રહ**

- સર્વેક્ષણનો બીજો તબક્કો 1 એપ્રિલથી 30 એપ્રિલ, 2023 દરમિયાન યોજાશે અને તેમાં પરિવારના સભ્યોની જાતિ, તેમની સામાજિક–આર્થિક પ્રોફાઈલ અને સરકારી કલ્યાણ યોજનાઓ સાથેના તેમના એક્સપોઝર વિશે માહિતી એકત્ર કરવા માટે દરેક ઘરની મુલાકાત લેતા સર્વેયરોને સામેલ કરવામાં આવશે.
- આ તબક્કા માટે સર્વે ફોર્મમાં 26 કોલમ હશે, અને એકત્રિત કરવામાં આવેલ તમામ ડેટા પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે.

❖ **વિશેષ**

- બિહારમાં જાતિ–આધારિત સર્વેક્ષણ કરવાના નિર્ણયને રાજ્ય કેબિનેટ દ્વારા 2 જૂન, 2022 ના રોજ મંજૂરી આપવામાં આવી હતી અને બાદમાં બિહાર વિધાનસભા દ્વારા સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું હતું.

## મણિપુરમાં 122 ફૂટ ઊંચી પોલો પ્લેયરની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું

- તાજેતરમાં કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા મણિપુરની રાજધાની ઈમ્ફાલમાં મણિપુર પોની પર સવારી કરતા પોલો પ્લેયરની 122 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ અને માર્જિંગ પોલો કોમ્પ્લેક્સનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.



- આ કોમ્પ્લેક્સનો ઉદ્દેશ મણિપુર પોની જાતિના સંરક્ષણનો છે, જે આ પ્રદેશની સ્વદેશી છે અને મણિપુરી સમાજ માટે નોંધપાત્ર સાંસ્કૃતિક મહત્વ ધરાવે છે.
- આધુનિક પોલોની ઉત્પત્તિ મણિપુરની સ્વદેશી રમત સગોલ કાંગજેઈમાંથી થઈ હોવાનું માનવામાં આવે છે જેમાં ખેલાડીઓ મણિપુર પોની પર સવારી કરે છે.
- આ પ્રતિમાનો અનાવરણ વારસાને આગળ લઈ જશે અને વધુ યુવાનોને રમત તરફ પ્રેરિત કરશે.
- માર્જિંગ પોલો કોમ્પ્લેક્સ અને પ્રતિમાનું અનાવરણ વધુ યુવાનોને રમતગમત કરવા અને સગોલ કાંગજેઈનો વારસો ચાલુ રાખવા માટે પ્રેરણા આપવાનો છે.
- આ પ્રતિમાનું ઉદ્‌ઘાટન અને માર્જિંગ પોલો કોમ્પ્લેક્સનું ઉદઘાટન મણિપુર રાજ્યમાં પોલો અને મણિપુર પોની બંનેના સાંસ્કૃતિક મહત્વને પ્રકાશિત કરે છે.

# 3 ગુજરાત

## ગુજરાત વિધાનસભાના નવા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ



- તાજેતરમાં 15 મી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની નિમણૂક કરવામાં આવી હતી.
- ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે શંકરસિંહ ચૌધરીની નિમણૂક કરવામાં આવી છે.
- જ્યારે ગુજરાત વિધાનસભાના ઉપાધયક્ષ તરીકે જેઠાભાઈ ભરવાડની નિમણૂક કરવામાં આવી છે.
- શંકર ચૌધરી બનાસકાંઠા જિલ્લાની થરાદ બેઠક પરથી ચૂંટાયા હતા.
- જ્યારે જેઠાભાઈ ભરવાડ પંચમહાલની શહેરા બેઠક પરથી ચૂંટાયા હતા.

### ❖ વિધાન સભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ વિશે બંધારણીય જોગવાઈ

- ભારતીય બંધારણના અનુચ્છેદ 178 માં વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની નિમણૂક અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્ય વિધાનસભાના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને ગૃહના અધ્યક્ષ અને એક સભ્યને ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરે છે.

### ❖ શપથ



- વિધાનસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષે હોદ્દાના શપથ લેવાના હોતા નથી, કારણ કે તેમણે ગૃહના સભ્ય તરીકે શપથ લીધા હોય છે.

### ❖ પગાર અને ભથ્થાં

- બંધારણના અનુચ્છેદ – 186 અનુસાર વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પગાર અને ભથ્થા રાજ્ય વિધાનમંડળ દ્વારા નક્કી કરવામાં આવે છે.
- વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પગાર રાજ્યની સંચિત નિધિ અથવા તો રાજ્યના એકત્રિત ફંડ કે રાજ્યના એકીકૃત ભંડોળ (Consolidated Fund) ખાતે ઉધારવામાં આવે છે.

### ❖ રાજીનામું

- બંધારણના અનુચ્છેદ 179 (B) અનુસાર વિધાનસભાના અધ્યક્ષ સ્વેચ્છાએ પોતાનું રાજીનામું ઉપાધ્યક્ષને આપે છે અને ઉપાધ્યક્ષ સ્વેચ્છાએ પોતાનું રાજીનામું અધ્યક્ષને આપે છે.

### ❖ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પદ ખાલી પડવાના સંજોગો

- ભારતીય બંધારણના અનુચ્છેદ 179 મુજબ નીચેના સંજોગોમાં વિધાનસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષનું પદ ખાલી પડે છે :
  (A) જો અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ સ્વેચ્છાએ પોતાનું રાજીનામું આપે.
  (B) જો અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ વિધાનસભામાં સભ્યપદ ગુમાવે.
  (C) જો ગૃહના સભયો 14 દિવસ અગાઉ નોટિસ આપી અધ્યક્ષ કે ઉપાધ્યક્ષને હોદ્દા પરથી દૂર કરવાનો ઠરાવ વાસ્તવિક બહુમતીથી એટલે કે રાજ્ય વિધાનસભાના કુલ સભ્યોમાંથી રાજીનામું, મૃત્યું કે અન્ય કારણોથી ખાલી પડેલી જગ્યા બાદ કરીને વધેલા સભ્યોની બહુમતીથી પસાર કરે તો તેવા સંજોગોમાં અધ્યક્ષ કે ઉપાધ્યક્ષે પોતાનું પદ છોડવું પડે છે.

**નોંધ :** જ્યારે અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ સામે આવા ઠરાવ અંગે ગૃહમાં કાર્યવાહી કરવાની હોય ત્યારે અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ ગૃહની અધ્યક્ષતા કરી શકતા નથી. પરંતુ આ કાર્યવાહી દરમિયાન તેમને બોલવાની અને સામાન્ય સભ્ય તરીકે મત આપવાની સત્તા છે.

### ❖ કાર્યો અને સત્તાઓ

- વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના મુખ્ય કાર્યો તેમજ સત્તાઓ નીચે મુજબ છે.
  (1) અધ્યક્ષ / ઉપાધ્યક્ષ (વિધાનસભા) નું સંચાલન કરે છે અને ગૃહની વ્યવસ્થા જાળવે છે.
  (2) અધ્યક્ષ / ઉપાધ્યક્ષ ગૃહમાં સભ્યોને ભાષણ આપવાની પરવાનગી આપે છે અને તે માટેનો સમય પણ નિર્ધારિત કરે છે.
  (3) વિધાનસભા દ્વારા નીમવામાં આવતી સમિતિની નિમણૂક અધ્યક્ષ કરે છે અને મહત્વની સમિતિમાં પોતે પણ અધ્યક્ષ સ્થાન ગ્રહણ કરે છે.
  (4) બંધારણની અનુસૂચિ 10 અંતર્ગત ગૃહના કોઈ સભ્ય વિરુદ્ધ પક્ષ પલટાની ફરિયાદ આવે તો તે અંગેનો અંતિમ નિર્ણય વિધાનસભાના અધ્યક્ષનો રહે છે.
  (5) સામાન્ય સંજોગોમાં અધ્યક્ષ / ઉપાધ્યક્ષ ગૃહની કાર્યવાહીમાં મત આપી શકતા નથી, પરંતુ જ્યારે કોઈ ઠરાવ પર મતભેદ ઊભો થાય ત્યારે તેઓ ‘નિર્ણાયક મત’ આપી શકે છે.
  (6) અધ્યક્ષ ગૃહના સભ્યોમાંથી એક પેનલ (નામની યાદી) બનાવે છે. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં આ પેનલમાંથી કોઈપણ સભ્ય વિધાનસભાની અધ્યક્ષતા કરી શકે છે. જ્યારે તેમાંથી કોઈઅધ્યક્ષ બને ત્યારે તેમને અધ્યક્ષ જેટલી જ સત્તાઓ મળે છે.

## મુખ્યમંત્રી દ્વારા વૈષ્ણોદેવી જંકશન પાસે રૂ. 40.36 કરોડના ખર્ચે ઔડા દ્વારા નવનિર્મિત અંડરપાસનું લોકાર્પણ



- તાજેતરમાં ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા ચૂંટણીઓમાં પ્રચંડ જનસમર્થન મેળવી સેવા દાયિત્વ સંભાળી રહેલી તેમની નવી સરકારના કાર્યારંભે જ અમદાવાદ મહાનગર અને ઔડા વિસ્તારને 40.36 કરોડ રૂપિયાના મહત્વપૂર્ણ લોકહિત કાર્યની વિકાસ ભેટ આપી છે.
- મુખ્યમંત્રીએ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ 'ઔડા' દ્વારા એસ.પી. રિંગરોડ ઉપર વૈષ્ણોદેવી જંકશન પર નવનિર્મિત અંડર પાસનું લોકાર્પણ કર્યુ હતું.
- મુખ્યમંત્રીની નવી સરકારનો પ્રથમ જાહેર કાર્યક્રમ સરદાર ધામ પરિસરમાં સરદાર પ્રતિમાના ચરણોમાં યોજાઈ છે, જેનું ગૌરવ સ્મરણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યુ.
- આ અંડરપાસની લંબાઈ 720 મીટર અને પહોળાઈ 23 મીટર (6 લેન) છે. અંડરપાસની આર.સી.સી. દીવાલ 536 મીટર લંબાઈ (268 મીટર 268 મીટર) ધરાવે છે જ્યારે આર.સી.સી. બોક્સની લંબાઈ 70 મીટર છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં યોજાનારી અર્બન–20 ના લોગો–વેબસાઇટ–વેલકમ સોંગ નું લોન્ચીંગ કર્યુ



- તાજેતરમાં મુખ્યમંત્રી પટેલ ભુપેન્દ્ર દ્વારા G–20 દેશોના શહેરો–મહાનગરોના ક્લાયમેટ ચેન્જ, સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ, એફોર્ડેબલ હાઉસીંગ અને સર્વગ્રાહી સામાજીક વિકાસના વિવિધ મુદ્દાઓ પર વૈચારિક આદાન–પ્રદાન માટે અર્બન–20 સાયકલ ગ્લોબલ પ્લેટફોર્મ પુરૂં પાડશે.
- મુખ્યમંત્રી ભારતમાં યોજાનારી G–20 સમિટના ઉપલક્ષ્યમાં અમદાવાદને આંગણે યોજાનારા અર્બન–20 સમિટના લોગો તથા વેબસાઈટ અને સોશિયલ મિડીયા હેન્ડલ્સ તથા વેલકમ સોંગ લોન્ચીંગ અવસરે સંબોધન કરી રહ્યા હતા.
- કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી, હરદીપ એસ. પુરીએ, ભારત સરકાર, ગુજરાત અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ તેમજ C40 અને UCLG (યુનાઇટેડ સિટીઝ અને સ્થાનિક સરકારો) ના પ્રતિનિધિઓ સાથે વર્ચ્યુઅલ રીતે આ ઈવેન્ટમાં ભાગ લીધો છે.
- ભારતના G–20 પ્રેસિડન્સી હેઠળ, અમદાવાદમાં U–20 સાયકલનું આયોજન કરાશે. સી–40 (ક્લાઈમેટ ચેન્જ) અને યુનાઈટેડ સિટીઝ એન્ડ લોકલ ગવર્મેન્ટ્સ (UCLG), શહેરી મુદ્દાઓ પરના બે આંતરરાષ્ટ્રીય બિન–સરકારી હિમાયત જૂથો સાથે, અમદાવાદમાં 9–10 ફેબ્રુઆરી 2023ના રોજ સિટી શેરપાની શરૂઆતની મીટિંગ, વિષયોની ચર્ચાઓ સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન થશે. જુલાઈ–2023માં U–20 મેયર્સ સમિટ પણ યોજાશે.
- G–20 દેશો ઉપરાંત, C40, UCLG સભ્ય શહેરો અને નિરીક્ષક શહેરોના મેયર અને પ્રતિનિધિઓ આ કાર્યક્રમોમાં ભાગ લેશે અને ચર્ચાઓને સમૃદ્ધ બનાવશે. 'વસુધૈવ કુટુમ્બકમ–વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર'ની ભારતની G–20 થીમ સાથે સુસંગત અમદાવાદમાં યોજાનારી U–20 શહેર સ્તરની ક્રિયાઓ એકબીજા સાથે જોડાયેલી અને આપણા સહિયારા ભવિષ્યને રેખાંકિત કરતા કાયમી હકારાત્મક વૈશ્વકિ પરિણામો લાવી શકે છે તે બાબત પર કેન્દ્રીત હશે.
- આ અર્બન–20 સાયકલ જટિલ શહેરી મુદ્દાઓના સમાધાન માટે યોગ્ય નીતિ નિર્ધારણની દિશામાં રોડમેપ તૈયાર કરશે તથા સમિટમાં સહભાગી શહેરોની આકાંક્ષા પ્રતિબિંબિત કરશે.
- આ સંદર્ભનો એક દસ્તાવેજ U–20 સમિટના યજમાન શહેર અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરાશે.
- U20 અમદાવાદનો ઉદ્દેશ્ય "ઈરાદાથી કાર્ય તરફ" આગળ વધવાનો છે અને ગંભીર શહેરી સમસ્યાઓના નિરાકરણ માટે નીતિ અને પ્રેક્ટિસ વચ્ચેના અંતરને બંધ કરવા માટે રોડમેપ તૈયાર કરવાનો છે.

## અમદાવાદ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં GCCIનો વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજાયો




- તાજેતરમાં અમદાવાદ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI)નો વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજાયો છે.
- આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે અને દેશમાં સૌથી વધુ રોજગાર આપતું રાજ્ય હોય તો તે આપણું ગુજરાત છે.

## સરદારધામ સંકુલ ખાતે આયોજિત સ્નેહમિલન અને સન્માન સમારોહનું આયોજન

- તાજેતરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અમદાવાદના સરદારધામ સંકુલ ખાતે આયોજિત સ્નેહમિલન અને સન્માન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.
- આ અવસરે મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે સરદારધામ સંકુલ ખાતે ગર્લ્સ હોસ્ટેલ ફેઝ–2 ના નિર્માણ માટે યોગદાન આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## મુખ્યમંત્રી દ્વારા હેરિટેજ સિટી અમદાવાદ ખાતે 'કાંકરિયા કાર્નિવલ – 2022'નો પ્રારંભ



- તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ ખાતેથી 'કાંકરિયા કાર્નિવલ– ૨૦૨૨'નો પ્રારંભ કર્યો.
- કાંકરિયા કાર્નિવલનું આયોજન બે વર્ષ બાદ થઇ રહ્યું છે, જેથી લોકોમાં ઉત્સાહ બમણો છે.
- આ વખતે પણ કાર્નિવલમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, લોકડાયરો, નૃત્યનાટિકાઓ, લેઝર બીમ શો, યોગા–એરોબિક્સ, લાઈવ કેરેક્ટર્સ, ફૂડ ફેસ્ટિવલ, ગુજરાત પોલીસ દ્વારા હોર્સ શો તથા ડોગ શો ઉપરાંત નાનાં બાળકો માટે સાહસિક પ્રવૃત્તિઓ જેવાં સુંદર આયોજનો કરવામાં આવ્યાં છે. સાથે–સાથે કાંકરિયાની કિડ્ઝ સિટી, ટોયટ્રેન, ઝૂ, એક્વેરિયમ વગેરેની મજા નગરજનો માણી શકશે અને કાર્નિવલના સાતેય દિવસ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

## મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર અને સલાહકાર તરીકે રાજયના બે નિવૃત વરિષ્ઠ અધિકારીઓની નિમણૂંક




- તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના મુખ્ય સલાહકાર અને સલાહકાર એમ બે નવી જગ્યાઓ મુખ્યમંત્રી કાર્યાલયમાં ઊભી કરીને રાજ્યના બે નિવૃત વરિષ્ઠ અધિકારીઓની આ જગ્યાએ નિમણૂક કરી છે.
- મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર તરીકે ભારત સરકારના પૂર્વ નાણાં સચિવ ડૉ. હસમુખ અઢિયાની નિમણૂક કરવામાં આવી છે

### ❖ મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા

- ડૉ. હસમુખ અઢિયા ભારતીય વહીવટી સેવાના અધિકારી છે, તેઓ ભારત સરકારમાં કેન્દ્રીય નાણાં સચિવ અને મહેસૂલ સચિવ તરીકે સેવા આપી તા. 30 નવેમ્બર, 2018 ના રોજ નિવૃત્ત થયા છે.
- તેઓ હાલમાં બેંક ઓફ બરોડાના નોન એક્ઝિક્યુટિવ ચેરમેન છે અને સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના ચાન્સેલર પણ છે.
- ડૉ. હસમુખ અઢિયા મુખ્યમંત્રીને નાણા, આર્થિક બાબતો, શિક્ષણ, ઊર્જા અને બિનપરંપરાગત ઊર્જા, રોકાણોને લગતી બધી જ પોલિસી અને તેનું મોનિટરીંગ તથા રાજ્ય સરકાર દ્વારા અન્ય જે ક્ષેત્રો નિશ્ચિત કરવામાં આવે તે ક્ષેત્રો–વિષયોમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર તરીકે સેવાઓ આપશે.

### ❖ મુખ્યમંત્રીના સલાહકાર એસ.એસ. રાઠૌર




- સત્યનારાયણસિંહ શિવસિંહ રાઠૌર ગુજરાત ઈજનેરી સેવાના અધિકારી છે, તેઓએ ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ તેમજ જળસંપત્તિ વિભાગમાં સચિવ તરીકે સેવા આપી વર્ષ 2014 માં અધિક મુખ્ય સચિવ તરીકે નિવૃત્ત થયા છે.
- વર્ષ 2018 માં આંતરમાળખાકીય વિકાસના યોગદાન માટે ભારતના નાગરિક સન્માન પદ્મશ્રી થી રાઠૌરને સન્માનિત કરવામાં આવ્યા છે અને તેમણે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ના ચેરમેન અને મેનેજિંગ ડીરેક્ટર તરીકે પાંચ વર્ષ સેવા આપી છે.
- ગુજરાતના મુખ્ય રાજમાર્ગોને વિકસાવવાનો શ્રેય તેમને જાય છે. તેમણે બિલ્ડ, ઓપરેટ અને ટ્રાન્સફર (BOT) રોડ ડેવલપમેન્ટ મોડલ રજૂ કર્યું, ભારતમાં આ પ્રકારનું સૌ પ્રથમ મોડેલ છે. ગુજરાતના "હાઈવે અને કેનાલ મેન" તરીકે પણ રાઠૌર પ્રખ્યાત છે.
- સત્યનારાયણસિંહ શિવસિંહ રાઠૌર ઈન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયર્સ, ઈન્ડિયા અને ઈન્ડિયન રોડ કૉંગ્રેસના પ્રમુખ રહી ચૂક્યા છે અને વર્લ્ડ ફેડરેશન ઑફ એન્જિનિયરિંગ ઑર્ગેનાઈઝેશનના વાઈસ–પ્રેસિડેન્ટ છે.
- (જુલાઈ 2019થી) તેઓ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિ. ના મેનેજિંગ ડિરેક્ટર સેવા આપી રહ્યા છે અને મેટ્રો ફેઝ–1 નું કામ તેમના માર્ગદર્શનમાં પૂર્ણ કરાયું છે.
- રાજ્ય સરકાર દ્વારા નિશ્ચિત કરવામાં આવે તે ક્ષેત્રો માટે પણ રાઠૌર મુખ્યમંત્રીના સલાહકાર રહેશે.

ગુજરાતમાં સૌથી પ્રતિષ્ઠિત સંસ્થા

# GPSC - I/II

તાજેતર (2023)માં
જાહેર થનાર

નાયબ મામલતદાર

ચીફ ઓફિસર

Dy.So

રાજ્ય વેરા નિરીક્ષક

Enrol Now

650 - 725
કલાકનો
CLASSROOM
TEACHING PLAN

Prelim + Main
+ Interview
ની સંપૂર્ણ તૈયારી

Govt. Jobs

નવા વર્ગોની માહિતી માટે
સંસ્થાની રૂબરૂ મુલાકાત લો

ADMISSION
OPEN

તૈયારી માટેના નવા વર્ગો ટૂંક સમયમાં શરૂ

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

SURAT - HO (ઉધના) (SOSYO CIRCLE)
Sosyo Circle, Udhna-Magdalla Road, Surat.
Contact : 70466 33255

# 4 આંતરરાષ્ટ્રીય

## યુવા સાહસિકો માટે YOUTH Co:Labની 5મી આવૃત્તિની શરૂઆત કરવામાં આવી

- તાજેતરમાં નીતિ આયોગ અને UNDP ઇન્ડિયાએ સંયુક્ત રીતે 15 ડિસેમ્બર, 2022ના રોજ YOUTH Co:Lab ની 5 મી આવૃત્તિ શરૂ કરી છે.
- Youth Co:Lab એ એશિયા પેસિફિકમાં સૌથી મોટી યુવા ઇનોવેશન ઇવેન્ટ છે, જે યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) અને સિટી ફાઉન્ડેશન દ્વારા વર્ષ 2017માં સહ–નિર્માણ કરવામાં આવી હતી.
- આ લેબ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) હાંસલ કરતી વખતે અવરોધો પેદા કરતા વૈશ્વકિ પડકારોના ઉકેલો શોધવામાં યુવાનોને પ્રોત્સાહન આપે છે તેમજ યુવાનો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને સંબોધવા માટે તે બહુ–પરિમાણીય અને બહુ–સ્તરીય પ્રતિભાવ છે.
- આ લેબનો ઉદ્દેશ એશિયા–પેસિફિક દેશો માટે નેતૃત્વ, સામાજિક નવીનતા અને ઉદ્યોગસાહસિકતા દ્વારા ટકાઉ વિકાસ લક્ષ્યો 2030 તરફ પ્રગતિને ઝડપી બનાવવા માટે યુવાનોને રોકાણ કરવા અને સશક્ત કરવા માટે એક સામાન્ય કાર્યસૂચિ શરૂ કરવાનો છે.
- આ લેબ 2019 માં UNDP ઇન્ડિયા દ્વારા અટલ ઇનોવેશન મિશન, NITI આયોગના સહયોગથી ભારતમાં લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ લેબની પાંચમી આવૃત્તિ સામાજિક પરિવર્તનને સાકાર કરવા અને SDG લક્ષ્ય ક્રિયાઓના અમલીકરણને આગળ વધારવા માટે કામ કરતા યુવા સામાજિક સાહસિકોને ટેકો આપવાનો પ્રયાસ કરે છે.
- આ પહેલ દ્વારા, પ્રારંભિક તબક્કાના 30 સ્ટાર્ટઅપ્સને સ્પ્રિંગબોર્ડ પ્રોગ્રામ દ્વારા સમર્થન આપવામાં આવશે, અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર સ્ટાર્ટઅપ્સ તેમના વ્યવસાયને વધારવા માટે ગ્રાન્ટ મેળવવા માટે પાત્ર બનશે.
- આ પહેલ હેઠળ 18 થી 29 વર્ષની વયના યુવા સ્ટાર્ટ–અપ સ્થાપકો જેઓ વાસ્તવિક સમસ્યાઓના ઉકેલો ધરાવતા હોય તેઓ અરજી કરવા અને સમર્થન મેળવવા માટે પાત્ર છે.

❖ **યુથ Co:Lab 2022-23 જે પાંચ વિષયોના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે નીચે મુજબ છે.**

- યુવાનોની ડિજિટલ અને નાણાકીય સાક્ષરતામાં વધારો કરવો
- લિંગ સમાનતા અને મહિલા આર્થિક સશક્તિકરણ
- જૈવવિવિધતા સંરક્ષણ માટે નાણાકીય તકનીકી ઉકેલો વિકસાવવા
- નાણાકીય તકનીકો દ્વારા જૈવવિવિધતા–મૈત્રીપૂર્ણ જીવનશૈલીને પ્રોત્સાહન આપવું
- અપસાયકલિંગ ઇનોવેશન દ્વારા પરિપત્ર અર્થતંત્રને વેગ આપવો
- પર્યાવરણ માટે જીવનશૈલી

## જાપાન દ્વારા સૈન્ય નિર્માણ માટે 320 બિલિયન ડોલરની યોજનાનું અનાવરણ

- તાજેતરમાં લાંબા સમયના યુદ્ધ પછીના શાંતિવાદી અભિગમમાંથી નોંધપાત્ર ફેરફારમાં જાપાને લશ્કરી નિર્માણ માટે 320 બિલિયન ડોલરની યોજનાનું અનાવરણ કર્યું છે, જે બીજા વિશ્વ યુદ્ધ પછીની સૌથી સૌથી મોટું લશ્કરી ખર્ચ છે.



- આ 320 બિલિયન યુએસડીના કુલ બજેટની પંચવર્ષીય યોજના અમલમાં આવવાની છે, જે યુનાઇટેડ સ્ટેટ્સ અને ચીન પછી જાપાનને વિશ્વમાં ત્રીજો સૌથી મોટો લશ્કરી ખર્ચ કરનાર દેશ બનાવશે.
- આ જાહેરાત વડાપ્રધાન કિશિદા ફ્યુમિયોની આગેવાની હેઠળની કેબિનેટે જાપાનના 3 મહત્વપૂર્ણ સુરક્ષા દસ્તાવેજોને મંજૂરી આપ્યા બાદ કરવામાં આવી છે.

❖ **વિશેષ**

- જાપાનના યુદ્ધ પછીના બંધારણ હેઠળ, દેશને આક્રમક લશ્કરી દળ રાખવાની મંજૂરી નથી.
- આ બંધારણની કલમ 9 મુજબ જાપાનના લોકો હંમેશા માટે રાષ્ટ્રના સાર્વભૌમ અધિકાર તરીકે યુદ્ધનો ત્યાગ કરે છે અને આંતરરાષ્ટ્રીય વિવાદોના સમાધાનના માધ્યમ તરીકે બળનો ઉપયોગ કરે છે.
- જાપાન તેના પ્રદેશોની બહારથી પોતાનો બચાવ કરવા માટે તેની લશ્કરી ક્ષમતાઓને વધારવા માટે તેની સુરક્ષા નીતિમાં સતત સુધારો કરે છે. જ્યારે જરૂરી હોય ત્યારે તે વિદેશમાં દળો મોકલવા માટે પણ પોતાને સ કરી રહ્યું છે.

**JAPAN વિશે....**

| | |
|---|---|
| **રાજધાની** | : ટોક્યો |
| **ચલણ** | : જાપાનીઝ યેન |
| **સંસદ** | : Diet |
| **વડાપ્રધાન** | : Fumio Kishida |

## કુનમિંગ–મોન્ટ્રીયલ ગ્લોબલ બાયોડાયવર્સિટી ફ્રેમવર્ક (GBF) અપનાવ્યું

- તાજેતરમાં ડિસેમ્બર 2022માં કેનેડાના મોન્ટ્રીયલ શહેરમાં આયોજિત યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન બાયોલોજિકલ ડાયવર્સિટી (CBD)ની 15મી કોન્ફરન્સ ઑફ પાર્ટીઝ (COP15) દ્વારા કુનમિંગ–મોન્ટ્રીયલેમાં ગ્લોબલ બાયોડાયવર્સિટી ફ્રેમવર્ક (GBF) અપનાવવામાં આવ્યું છે.
- આ ફ્રેમવર્કમાં વર્ષ 2030 સુધીમાં જૈવવિવિધતાના નુકસાનને પહોંચી વળવા અને કુદરતી ઈકોસિસ્ટમને પુન:સ્થાપિત કરવાના 4 ધ્યેયો અને 23 લક્ષ્યોનો સમાવેશ થાય છે.




- આ ફ્રેમવર્કપર 188 સરકારોના પ્રતિનિધિઓ દ્વારા સંમત થયા હતા, જેમાં Convention on Biological Diversityના તમામ પક્ષોના 95%, તેમજ યુનાઈટેડ સ્ટેટ્સ અને વેટિકનનો સમાવેશ થાય છે.

**આ ફ્રેમવર્કના લક્ષ્યો**

- વિશ્વની ઓછામાં ઓછી 30% જમીન, પાણી, દરિયાકાંઠા અને દરિયાઈ વિસ્તારોનું રક્ષણ કરવું
- ક્ષતિગ્રસ્ત સ્થળ, આંતરદેશીય પાણી, દરિયાકાંઠાના અને દરિયાઈ ઈકોસિસ્ટમના ઓછામાં ઓછા 30% પુન:સ્થાપિત કરવું
- ઉચ્ચ જૈવવિવિધતા મહત્વ ધરાવતા વિસ્તારોના નુકશાનને ઘટાડવું અથવા દૂર કરવું
- વૈશ્વકિ ખાદ્યપદાર્થોના કચરાને અડધો કરવા અને વધુ પડતા વપરાશ અને કચરાને ઘટાડવો
- જંતુનાશકો અને જોખમી રસાયણોનો ઉપયોગ અડધાથી ઘટાડવો
- દર વર્ષે ઓછામાં ઓછા USD500 બિલિયન દ્વારા જૈવવિવિધતાને નુકસાન પહોંચાડતી સબસિડીને સમાપ્ત કરવી અથવા સુધારવી અને સંરક્ષણ અને ટકાઉ ઉપયોગ માટે પ્રોત્સાહનો વધારવા
- જૈવવિવિધતા–સંબંધિત કારણો માટે તમામ સ્ત્રોતોમાંથી ભંડોળમાં દર વર્ષે ઓછામાં ઓછા USD200 બિલિયન એકત્રિત કરવું
- વર્ષ 2025 સુધીમાં વિકાસશીલ દેશોમાં દર વર્ષે ઓછામાં ઓછા USD20 બિલિયન અને વર્ષ 2030 સુધીમાં ઓછામાં ઓછા USD30 બિલિયન પ્રતિ વર્ષ સુધી આંતરરાષ્ટ્રીય નાણાકીય પ્રવાહમાં વધારો
- આક્રમક પ્રજાતિઓની રજૂઆતને અટકાવવી અને અન્ય જાણીતી અથવા સંભવિત આક્રમક પ્રજાતિઓની સ્થાપના ઘટાડવી
- મોટી અને આંતરરાષ્ટ્રીય કંપનીઓને જૈવવિવિધતા પરના તેમના જોખમો અને અસરોને જાહેર કરવાની આવશ્યકતા

**આ ફ્રેમવર્કના 4 સર્વોચ્ચ ધ્યેયો**

- તમામ ઈકોસિસ્ટમ્સની અખંડિતતા, જોડાણ અને સ્થિતિસ્થાપકતાને જાળવવી, વધારવી અથવા પુન:સ્થાપિત કરવી
- ભયગ્રસ્ત પ્રજાતિઓના માનવ–પ્રેરિત લુપ્તતાને અટકાવવું અને લુપ્ત થવાના દર અને તમામ પ્રજાતિઓના જોખમમાં ઘટાડો
- જંગલી અને પાળેલી પ્રજાતિઓની વસ્તીમાં આનુવંશિક વિવિધતા જાળવવી
- જૈવવિવિધતાનો ટકાઉ ઉપયોગ અને સંચાલન અને લોકો માટે પ્રકૃતિના યોગદાનનું મૂલ્યાંકન

## યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના હાઉસમાં 1.7 ટ્રિલિયન ડોલરનો ખર્ચ બિલ પસાર

- તાજેતરમાં United States of Americaના હાઉસમાં સરકારના આંશિક શટડાઉનને ટાળવા માટે સપ્ટેમ્બર 2023 સુધીમાં ફેડરલ એજન્સીઓને ભંડોળ આપવા માટે 1.7 ટ્રિલિયન ડોલરના ખર્ચ બિલ પસાર કરવામાં આવ્યો છે.




**આ ખર્ચના બિલના મુખ્ય પગલાંઓ**

**સંરક્ષણ ખર્ચ**

- આ બિલ મુજબ સૈનિકોને 4.6 ટકા પગાર વધારો મળવાની અપેક્ષા છે અને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ વેટરન્સ અફેર્સ (VA) મેડિકલ કેર બજેટમાં 22.4 ટકાનો વધારો કરવામાં આવ્યો છે, જેથી સશસ્ત્ર કર્મચારીઓ, નિવૃત્ત સૈનિકો અને તેમના પરિવારોને ફુગાવાને કારણે સર્જાતી કટોકટીનો સામનો કરવામાં મદદ મળશે તેમજ તબીબી અને આવાસ સેવાઓની વ્યાપક ઍક્સેસ મળશે.
- આ બીલ અનુસાર નૌકાદળના જહાજો અને ફાઈટર જેટ પરનો ખર્ચ પણ વધારવામાં આવ્યો છે.

**United States of America (USA) વિશે...**

**રાજધાની** : ન્યૂ યોર્ક
**ચલણ** : ડોલર
**વડાપ્રધાન** : જો બાઈડેન

**યુક્રેન યુદ્ધ**

- આ બિલ અનુસાર રશિયા વિરુદ્ધ યુદ્ધનો સામનો કરી રહેલા યુક્રેનને સંરક્ષણ સહાય તરીકે જંગી 27.9 બિલિયન ડોલર ફાળવવામાં આવ્યો છે.

❖ **ચાઈલ્ડકેર**

- ચાઈલ્ડ કેર એન્ડ ડેવલપમેન્ટ વિભાગ માટે ભંડોળમાં 30 ટકાનો વધારો કરવામાં આવ્યો છે, જેથી ઓછી આવક ધરાવતા પરિવારોને બાળ સંભાળ અને શાળા માટે તૈયાર કરવામાં મદદ મળશે.

❖ **નિવૃત્તિના નિયમોમાં ફેરફાર**

- આ બિલમાં નિવૃત્તિના નિયમોમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યો છે જેમ કે સ્વતઃ નોંધણીની જરૂરિયાત, ફરજિયાત ઉપાડ માટે લઘુત્તમ વય 72 થી વધારીને 75 વર્ષ કરવામાં આવી છે.

❖ **આવાસ**

- આ બિલમાં બેઘર સહાય અનુદાનમાં 13 ટકાનો વધારો કરવામાં આવ્યો છે, જેનો અર્થ એ થાય કે 1 મિલિયનથી વધુ લોકોને લાભ આપવા માટે વધારાના 3.6 બિલિયન ડોલર પ્રદાન કરવામાં આવશે જેથી ઓછી અને મધ્યમ આવક ધરાવતા પડોશના આર્થિક વિકાસમાં મદદ કરવા સામુદાયિક વિકાસ કાર્યક્રમ માટે 6.4 મિલિયન યુએસડીથી વધુની ફાળવણી કરવામાં આવી છે.

❖ **પર્યાવરણ**

- આ બિલ મુજબ પર્યાવરણીય નિયમોને મજબૂત કરવા અને જોખમી કચરાનું અસરકારક સંચાલન સુનિશ્ચિત કરવા માટે પર્યાવરણ સુરક્ષા એજન્સી (Environmental Protection Agency) માટે ભંડોળમાં વધારો કરવામાં આવ્યો છે.
- આ બિલમાં વાઈલ્ડલેન્ડ અગ્નિશામક(wild land firefighting)ને ટેકો આપવા માટે રાષ્ટ્રીય ઉદ્યાન સેવાઓ માટે વધારાનું ભંડોળ પણ પૂરું પાડવામાં આવ્યું છે.

## યુક્રેનના વડાપ્રધાન ઝેલેન્સકીની 10 પોઈન્ટ પીસ પ્લાન જાહેર



- તાજેતરમાં યુક્રેનના વડાપ્રધાન વોલોડીમીર ઝેલેન્સકીએ રશિયા સાથેના યુદ્ધને સમાપ્ત કરવા માટે 10–પોઈન્ટની શાંતિ યોજનાની રૂપરેખા આપી છે.

❖ **આ યોજના નીચેના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.**

(1) રેડિયેશન અને ન્યુક્લિયર સેફ્ટી
(2) ખાદ્ય સુરક્ષા
(3) ઊર્જા સુરક્ષા
(4) યુદ્ધના તમામ કેદીઓ અને દેશનિકાલ કરાયેલ વ્યક્તિઓની મુક્તિ
(5) યુએન ચાર્ટરનો અમલ અને પ્રાદેશિક અખંડિતતાની પુનઃસ્થાપના
(6) રશિયન ટુકડીઓનું પાછું ખેંચવું અને દુશ્મનાવટનો અંત
(7) ન્યાય, યુદ્ધ ન્યાયાધિકરણ, અને વળતર
(8) ઈકોસાઈડનો પ્રતિકાર
(9) માનવતાવાદી સહાય
(10) રાજનીતિ અને સંવાદ

**Ukraine વિશે....**

| | | |
|---|---|---|
| **રાજધાની** | : | ક્યિવ |
| **ચલણ** | : | યુક્રેનિયન રિવનિયા |
| **સંસદ** | : | વર્ખોવના રાડા |

## Group of Friends ની રચના કરવામાં આવી

- તાજેતરમાં ભારત દ્વારા શાંતિ રક્ષકો ગુનાઓ માટે જવાબદારીને પ્રોત્સાહન આપવા માટે 'Group of Friends' શરૂ કરવામાં આવ્યું છે.
- જે 'યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ' (UNSC) ના ભારતના અધ્યક્ષપદ દરમિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.

❖ **Group of Friends**



- 'Group of Friends' નો હિસ્સો UNSC ઠરાવ 2589 ની જોગવાઈઓના અમલીકરણમાં સામેલ દેશો છે, જેને ઓગસ્ટ 2021 માં ભારતની UNSC અધ્યક્ષતા હેઠળ અપનાવવામાં આવ્યો હતો.
- UNSC ઠરાવ 2589 U.N. પીસકીપિંગ ઓપરેશન્સનું આયોજન કરતા દેશોને તેમની અટકાયત અને અપહરણ સહિત સંયુક્ત રાષ્ટ્રસંઘના કર્મચારીઓ વિરુદ્ધ હિંસાના તમામ કૃત્યોના ગુનેગારોને ન્યાયમાં લાવવા માટે જરૂરી પગલા લેવા મદદ કરે છે.
- 'Group of Friends to Promote Accountability for Crimes Against Peacekeepers' એક અનૌપચારિક મંચ છે જે સંયુકત રાષ્ટ્રના શાંતિ સૈનિકો (પીસકીપર્સ) ની સામેના તમામ હિંસાના કૃત્યો માટે જવાબદારીને પ્રોત્સાહન આપવા માટે કામ કરશે.
- તે આવા ગુનાઓને રોકવા અને તેના નિવારણ માટે યજમાન રાજ્યોના સત્તાવાળાઓને ક્ષમતા નિર્માણ અને તકનીકી સહાય પૂરી પાડવા માંગે છે.
- તેનો સહ – અધ્યક્ષ ભારત, નેપાળ, બાંગ્લાદેશ, ઈજિપ્ત, ફ્રાન્સ અને મોરક્કો છે.

- આ અનૌપચારિક મંચ માહિતીને આપ – લે કરવા, શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરવા અને શાંતિ રક્ષકો સામે આચરવામાં આવેલા ગુનાઓ માટે જવાબદારીની સુવિધા આપવા માટે સંસાધનો એકત્ર કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરશે.
- તે ફોરમ – સેક્રેટરી – જનરલ સાથે સક્રિયપણે માહિતી શેર કરશે અને પીસકીપિંગ ઓપરેશન્સનું આયોજન કરી રહેલા સભ્ય દેશોને મદદ કરશે અથવા ગુનેગારોને ન્યાય સુધી પહોંચાડવામાં મદદ કરશે.
- દર વર્ષે તેના સભ્યોની 2 બેઠકો યોજાશે અને દર વર્ષે સ્થાયી મિશન અને અન્ય હિસ્સેદારોનો સમાવેશ કરીને એક કાર્યક્રમનું આયોજન કરશે.

### UNSC (United Nations Security Council) વિશે....

- સંયુક્ત રાષ્ટ્ર સંઘના ઘોષણાપત્ર પ્રમાણે શાંતિ અને સુરક્ષા જાળવી રાખવાની પ્રાથમિક જવાબદારી સુરક્ષા પરિષદની હોય છે.
- સુરક્ષા પરિષદના નિર્ણયોને માનવા સભ્ય દેશો માટે જરૂરી બને છે.
- સુરક્ષા પરિષદમાં 15 સભ્યો છે. જેમાં પાંચ (ચીન, ફ્રાન્સ, રશિયા, અમેરિકા અને બ્રિટન) કાયમી સભ્યો છે. બાકીના દસ સભ્યો અસ્થાયી (બિન કાયમી) સભ્યો તરીકે હોય છે. જેની પસંદગી સામાન્ય સભા દ્વારા થાય છે. આ બિન– કાયમી સભ્યોનો કાર્યકાળ 2 વર્ષોનો હોય છે. કાર્યપ્રણાલીથી સંબંધિત પ્રશ્નોને છોડી દરેક નિર્ણય માટે મતોની જરૂરિયાત કહે છે.
- મુખ્ય બાબતોના પ્રશ્નો પર જો કાયમી પાંચ સભ્યોમાંથી કોઈ એક મત ન આપે તો નિર્ણય નથી લેવાતો. કાયમી પાંચ સભ્યોને વીટો અધિકાર મળેલ છે.
- પરિષદ પાસે જ્યારે પણ શાંતિ વિરુદ્ધ ભયનો સવાલ આવે છે, ત્યારે તે હંમેશા પહેલા પક્ષોને શાંતિપૂર્ણ ઉકેલ શોધવા કહે છે. પરિષદ મધ્યસ્થતાં પણ કરી શકે છે. તે સ્થિતિની તપાસ કરીને તેના પર રિપોર્ટ મોકલવા મહાસચિવને પણ આગ્રહ કરી શકે છે. લડાઈ / યુદ્ધ શરૂ થઈ જવાની સ્થિતિમાં પરિષદ યુદ્ધ વિરામની કોશિશ કરે છે.
- આર્થિક પ્રતિબંધ લગાવી અથવા સામૂહિક સૈનિક કાર્યવાહીના આદેશ આપી પોતાના નિર્ણય લાગુ કરાવવાનો હક ધરાવે છે. જેમા કોરિયાઈ સંકટ (1950) તથા ઈરાક–કુવૈત સંકટ (1990-91) દરમિયાન કરેલ છે.

**નોંધ :** સુરક્ષા પરિષદમાં શરૂઆતમાં 11 સભ્યો હતા પરંતુ વર્ષ 1965માં સુધારા કરી બિનકાયમી સભ્યોને ઉમેરી 15 સભ્યસંખ્યા કરાઈ હતી.

## માંગડેછુ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટની સોપણી

- તાજેતરમાં 720 Mangdechhu Hydroelectric Power Project ભૂતાનમાં ડ્રુક ગ્રીન પાવર કોર્પોરેશન (DGPC)ને સોંપવામાં આવ્યો છે, જે ભારતની સહાયથી અમલમાં મૂકવામાં આવ્યો હતો.
- આ સોંપણી સાથે બંને દેશોએ ચાર મેગા હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે.
- આ પ્રોજેક્ટનું વર્ષ 2019 માં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભૂટાનના વડાપ્રધાન લોટે શેરિંગ દ્વારા સંયુક્ત રીતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જેના માટે ભારત સરકારે નાણાકીય અને તકનીકી સહાય પૂરી પાડી હતી.
- આ પ્રોજેક્ટના કમિશનિંગથી ભૂટાનની ઈલેક્ટ્રિકલ પાવર ઉત્પાદન ક્ષમતામાં 44 ટકાનો વધારો થયો છે, જે વર્તમાનમાં 2,326 મેગા વોટ્સ છે.
- આ પ્રોજેક્ટ ચાલુ થયા બાદ 9,000 મિલિયન યુનિટથી વધુ ઉર્જાનું ઉત્પાદન થયું છે, જે દર વર્ષે 2.4 મિલિયન ટન કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરે છે.
- આ પ્રોજેક્ટથી વર્ષ 2020માં ભૂતાનની હાઈડ્રોપાવર આવકમાં 31 ટકાનો વધારો થયો છે અને ભૂતાને વર્ષ 2021માં ભારતમાં 12.13 અબજ રૂપિયાની વીજળીની નિકાસ કરી છે, જેનાથી ભૂટાનની વીજળીની નિકાસ રૂ. 24.43 અબજ થઈ છે.
- આ પ્રોજેક્ટને Institute of Civil Engineers (London) તરફથી Brunel Medal 2020 મળ્યો, જેને સિવિલ એન્જિનિયરિંગમાં તેની શ્રેષ્ઠતા અને તેના સામાજિક અને પર્યાવરણીય ઓળખપત્રો માટે માન્યતા આપવામાં આવી હતી.

### ❖ ભારત–ભૂતાન દ્વિપક્ષીય સંબંધો

- ભારત–ભૂતાન દ્વિપક્ષીય સંબંધોનું મૂળ માળખું વર્ષ 1949માં બંને દેશો વચ્ચે થયેલી મિત્રતા અને સહકારની સંધિ હતી.
- રાજદ્વારી સંબંધો 1968 માં થિમ્પુમાં ભારતના વિશેષ કાર્યાલયની સ્થાપના સાથે સ્થાપિત થયા હતા.
- સુરક્ષા, સરહદ વ્યવસ્થાપન, વેપાર, પરિવહન, આર્થિક, હાઈડ્રો–પાવર, વિકાસ સહકાર, જળ સંસાધનો વગેરે જેવા ક્ષેત્રોમાં ભારત અને ભૂટાન વચ્ચે સંખ્યાબંધ સંસ્થાકીય અને રાજદ્વારી તંત્રો છે.



### ❖ શેરિંગ બોર્ડર્સ

- ભૂટાન તેની સરહદ ચાર ભારતીય રાજ્યો સાથે વહેંચે છે : આસામ, અરુણાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને સિક્કિમ 699 કિમીની લંબાઈ સાથે અને ભારત અને ચીન વચ્ચે બફર તરીકે સેવા આપે છે.

### ❖ ભૂટાનનું વ્યૂહાત્મક મહત્વ

- ભૂટાન એક બફર રાજ્ય તરીકે ભારત માટે મહત્વપૂર્ણ છે કારણ કે તે ચિકન નેક કોરિડોરનું રક્ષણ કરીને ચીન સામે સંરક્ષણ તરીકે કામ કરે છે .

### ❖ આર્થિક મહત્વ

- બંને દેશો વચ્ચેનો વેપાર ભારત–ભૂતાન ટ્રેડ એન્ડ ટ્રાન્ઝિટ એગ્રીમેન્ટ 1972 દ્વારા સંચાલિત થાય છે .

- ભારત ભૂટાનનું સૌથી મોટું વેપારી ભાગીદાર છે.


❖ **વિશેષ**

- દ્વિપક્ષીય હાઇડ્રોપાવર સહયોગ 1961માં શરૂ થયો હતો જ્યારે જલઢાકા કરાર પર હસ્તાક્ષર થયા હતા.
- જલઢાકા પ્રોજેક્ટ પશ્ચિમ બંગાળમાં આવેલો છે, જેમાં પ્લાન્ટમાંથી પેદા થતી હાઇડ્રોપાવરને દક્ષિણ ભૂટાનમાં નિકાસ કરવામાં આવે છે.
- ભૂટાનનો પ્રથમ મેગા પાવર પ્રોજેક્ટ 336 મેગાવોટ ચુકા હાઇડ્રોપાવર પ્રોજેક્ટ (CHP)ને ભારત સરકાર દ્વારા સંપૂર્ણ ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું.

## વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની અસ્થાયી યાદીમાં ત્રણ સાઈટનો સમાવેશ કરવામાં આવ્યો

- તાજેતરમાં UNESCO દ્વારા ભારતના ત્રણ સ્થળોને ‘વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ’ ની અસ્થાયી યાદી અથવા કામચલાઉ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ ત્રણ સ્થળો આ મુજબ છે.
  (1) વડનગર શહેર (ગુજરાત)
  (2) મોઢેરાનું સૂર્યમંદિર (ગુજરાત)
  (3) ત્રીપુરામાં ઉનાકોટી ખડકોમાં કંડરાયેલી શિલ્પવાળી મૂર્તિઓ

❖ **વડનગર**




- ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ધરાવતુ શહેર વડનગર ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લામાં આવેલું છે.
- વડનગરના જૂના નામોમાં ‘સુંદરપુર’, ‘મદનપુર’,‘વૃદ્ધનગર’, ‘ચમત્કારપુર’, ‘અનંતપુર’, ‘આનંદપુર’ અને આનર્તપુરનો સમાવેશ થાય છે.
- વડનગરમાંથી એક સમયે હાટકી નદી વહેતી હતી પરંતુ હવે તે લુપ્ત થઈ ગઈ છે પરંતુ આજે પણ હાટકી નદીના કિનારે આવેલું નાગર બ્રાહ્મણોના કુળદેવતા હાટકેશ્વર મહાદેવનું મંદિર જોવા મળે છે.
- મલ્હારરાગની જાણકારી ધરાવતી બહેનો તાના અને રીરીની સમાધિ વડનગરમાં આવેલી છે. જયા દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા “તાના – રીરી” સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.
- વડનગરમાં યોજવામાં આવતા તાના – રીરી મહોત્સવમાં જાણીતા સંગીતકારો ભાગ લે છે અને તેમાં વિજેતાને તાના – રીરી સંગીત એવોર્ડ આપવામાં આવે છે.
- વડનગરમાં છ દરવાજા આવેલા છે જેમાં અર્જુનબારી દરવાજામાં આવેલા શિલાલેખમાં વડનગરની ભવ્યતા અને સમૃદ્ધિની માહિતી આપવામાં આવી છે. વડનગરની સૌથી મહત્વની ઓળખાણ અહીં આવેલ કીર્તિતોરણ છે.
- શર્મિષ્ઠા તળાવ,શામળશાની ચોરી અનેગૌરીકુંડ વડનગરમાં છે.
- ચિની યાત્રાળુ હયુ – એ – ત્સાંગે પોતાના ગુજરાત પ્રવાસ દરમિયાન વડનગરની મુલાકાત લીધી હતી.

❖ **મોઢેરાનું સૂર્યમંદિર**

- મોઢેરાનું સૂર્યમંદિર મહેસાણા જીલ્લાના બહુચરાજી તાલુકાના મોઢેરા ગામે આવેલ છે.ઈ.સ. 1026 – 27 માં ભીમદેવ પહેલાએ મોઢેરાના સૂર્યમંદિરનું નિર્માણ પુષ્પાવતી નદીના કિનારે કરાવ્યું હતું.મોઢેરાના સૂર્યમંદિરમાં ત્રણ વિભાગો છે:
  (1) ગર્ભગૃહ (2) અંતરાલ (3) સભામંડપ
- મોઢેરાના સૂર્યમંદિરનું નકશી કામ ઈરાની શૈલીમાં થયેલું છે.મોઢેરાના સૂર્યમંદિરનું પૂર્વ દિશામાં આવેલું પ્રવેશદ્વાર એવી રીતે રચાયેલું હતું કે સૂર્યનું કિર અંદર ગર્ભગૃહ સુધી રેલાયને સૂર્યની પ્રતિમાના મધ્યમાં રહેલ મણિ પર પડતા સમગ્ર મંદિરનું ગર્ભ ગૃહ પ્રકાશથી ઝળહળી ઉઠતું.
- મોઢેરાના સૂર્યમંદિરની બહારના જળકુંડની ચારેબાજુ નાના – નાના કુલ 108 મંદિર આવેલા છે.
- મોઢેરાના સૂર્યમંદિરમાં સૂર્યની 12 વિવિધ મૂર્તિઓ અંકિત થયેલ છે.મોઢેરામાં દર વર્ષે જાન્યુઆરી માસમાં ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન થાય છે.

❖ **ઉનાકોટી પથ્થરની કાપેલી મૂર્તિઓ**

- તે એક શૈવ તીર્થસ્થાન છે જે 7 મી કે 9 મી સદીનું છે. એવું કહેવાય છે કે અહીં કુલ 99 લાખ 99 હજાર 999 પથ્થરની મૂર્તિઓ છે, જેનો રહસ્યો આજ સુધી ઉકેલાયા નથી.તે ત્રિપુરાની રાજધાની અગરતલાથી લગભગ 145 કિમી દૂર આવેલું છે.
- ઉનાકોટી ખાતે મળેલા ચિત્રો બે પ્રકારના હોય છે : ખડકને કોતરીને બનાવેલ નકિશદાર ચિત્ર અને પથ્થરથી બનેલ ચિત્ર.
- ખડકને કોતરીને બનાવેલા ચીત્રોમાં વચ્ચે ભગવાન શિવનું મસ્તક અને ભગવાન ગણેશની વિશાળ આકૃતિઓ નોંધપાત્ર છે.
- ભગવાન શિવનું મસ્તક ‘ઉનાકોટેશ્વર કાલભૈરવ’ તરીકે ઓળખાય છે.
- અહી ‘અશોકષ્ટમી મેળા’ તરીકે ઓળખાતો ભવ્ય મેળો દર વર્ષે એપ્રિલ મહિનામાં યોજાય છે, જેમાં હજારો શ્રદ્ધાળુ ભાગ લે છે.

❖ **યુનેસ્કોની કામચલાઉ યાદી**

- યુનેસ્કોની કામચલાઉ યાદી એ મિલકતોની યાદી છે જે દરેક પક્ષ નામાંકન માટે ધ્યાનમાં લેવા ઈચ્છે છે.

- યુનેસ્કોની ઓપરેશનલ્સ ગાઈડલાઈન્સ, 2019 મુજબ કોઈપણ સ્મારક / સાઈટને વર્લ્ડ હેરિટેજ સાઈટની યાદીમાં તેનો અંતિમ સમાવેશ થાય તે પહેલા એક વર્ષ સુધી તેની કામચલાઉ યાદીમાં રાખવું ફરજિયાત છે.
- તેમાં નોમિનેશન થયા બાદ તેને હેરિટેજ સેન્ટરમાં મોકલવામાં આવે છે.
- આ ત્રણ સ્થળનો સમાવેશ થતા હવે ભારત પાસે યુનેસ્કોની કામચલાઉ સૂચિમાં 52 સાઈટ્સનો સમાવેશ થઈ ચૂક્યો છે.
- ભારતમાં વર્તમાન કુલ 40 વર્લ્ડ હેરિટેજ સાઈટ છે. જેમાં 32 સાંસ્કૃતિક, 7 કુદરતી અને 1 મિશ્ર સાઈટનો સમાવેશ થાય છે.

**UNESCO વિશે....**

**સ્થાપના** : 16 નવેમ્બર 1945
**વડુમથક** : પેરીસ (ફ્રાન્સ)
**અધ્યક્ષ** : શ્રીમતી ઑડ્રે અઝોલે

- યુનેસ્કો (UNESCO) એ સંયુકત રાષ્ટ્ર (UN) ની વિશિષ્ટ એજન્સી છે જેનો હેતુ શિક્ષણ, કળા, વિજ્ઞાન અને સંસ્કૃતિમાં આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા વિશ્વશાંતિ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો છે.

## Stay Safe Online Campaign and G20 Digital Innovation Alliance લોન્ચ

- તાજેતરમાં ભારતના G20 પ્રમુખપદના ભાગરૂપે Stay Safe Online અભિયાન અને G20 ડિજિટલ ઈનોવેશન એલાયન્સ લોન્ચ કરવામાં આવ્યું છે

### ❖ સ્ટે સેફ ઓનલાઈન અભિયાન વિશે

- સ્ટે સેફ ઓનલાઈન અભિયાનનો હેતુ ઈન્ટરનેટ પર વધતી જતી નિર્ભરતા વચ્ચે ઓનલાઈન વિશ્વમાં સુરક્ષિત રહેવાના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.
- આ અભિયાન નાગરિકોને વિવિધ સાયબર જોખમો અને તેમને સંબોધવાની રીતો વિશે જાગૃત કરવાનો પ્રયાસ કરે છે.
- આ અભિયાન વર્ષભર ચાલનાર છે, જે ખાસ કરીને બાળકો, મહિલાઓ, વિદ્યાર્થીઓ અને વરિષ્ઠ નાગરિકો, અલગ–અલગ–વિકલાંગ લોકો, શિક્ષકો અને સરકારી અધિકારીઓને લક્ષ્યાંક બનાવાશે.




- આ અભિયાન મોટી સંખ્યામાં લોકોને આવરી લેવા માટે તે હિન્દી, અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાઓમાં યોજવામાં આવશે.
- આ અભિયાન વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ અને પ્રિન્ટ જેવા મીડિયાના અન્ય સ્વરૂપો દ્વારા ઈન્ફોગ્રાફિક્સ, ટૂંકી વિડિઓઝ, કાર્ટૂન વાર્તાઓ વગેરેના સ્વરૂપમાં જાગૃતિ સામગ્રી પહોંચાડશે.
- આ અભિયાનની પહોંચને વિસ્તૃત કરવા માટે સરકારી એજન્સીઓ, એનજીઓ, નાગરિક સમાજ અને અન્ય જેવા મુખ્ય હિસ્સેદારોને સામેલ કરવામાં આવશે.

### ❖ G20 ડિજિટલ ઈનોવેશન એલાયન્સ વિશે

- G20 ડિજિટલ ઈનોવેશન એલાયન્સ (G20-DIA) સમિટનું આયોજન બેંગલુરુમાં ડિજિટલ ઈકોનોમી વર્કિંગ ગ્રૂપ (DEWG) મીટિંગની સમકક્ષ કરવામાં આવશે.
- G20 ડિજિટલ ઈનોવેશન એલાયન્સનો ઉદ્દેશ્ય G20 દેશો અને આમંત્રિત કરાયેલા બિન–સદસ્ય રાજ્યોના સ્ટાર્ટઅપ્સ દ્વારા વિકસિત નવીન અને પ્રભાવશાળી ડિજિટલ તકનીકોને ઓળખવા, ઓળખવા અને અપનાવવાનો છે.
- આ એલાયન્સ તકનીકો 6 વ્યાપક વિષયોમાં માનવતાની જરૂરિયાતોને સંબોધવામાં સક્ષમ હોવી જોઈએ, આ વિષયો કૃષિ, આરોગ્ય, શિક્ષણ, નાણા, સુરક્ષિત ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગોળ અર્થતંત્ર વગેરે છે.
- આ એલાયન્સ થીમ પર આધારિત વિકસિત ટેકનોલોજીઓને ડિજિટલ પબ્લિક ગુડ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા સક્ષમ કરવામાં આવશે જેથી કરીને તેને વૈશ્વિક સ્તરે અપનાવી શકાય, ડિજિટલ વિભાજન દૂર થાય અને ટકાઉ અને સર્વસમાવેશક વિકાસ સુનિશ્ચિત કરી શકાશે.

## ભારત અને ઓસ્ટ્રિયા વ્યાપક સ્થળાંતર અને ગતિશીલતા ભાગીદારી કરાર




- તાજેતરમાં ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ, શૈક્ષણિક વિદ્વાનો અને સંશોધકોની ગતિશીલતાને સરળ બનાવવા અને વ્યવસાયિક અને આર્થિક કારણોસર સ્થળાંતરને પ્રોત્સાહન આપવાના તેના પ્રયાસોના ભાગરૂપે ઓસ્ટ્રિયા સાથે Migration and Mobility Partnership Agreement (MMPA) કરવામાં આવ્યો છે.
- આ કરારોને અન્ય યુરોપીયન દેશો જેમ કે ફ્રાન્સ, યુનાઈટેડ કિંગડમ, જર્મની અને ફિનલેન્ડ વગેરે અનુસરે છે.
- આ કરારનો મુખ્ય ઉદ્દેશ્ય સમાન પરિસ્થિતિઓમાં બંને પક્ષોના નાગરિકો સાથે સમાન વ્યવહારની જોગવાઈ કરવાનો છે.
- આ કરાર ભારત અને ઑસ્ટ્રિયા વચ્ચે ગેરકાયદેસર સ્થળાંતરને રોકવામાં મદદ કરશે.
- આ કરાર બંને દેશો લાંબા સમયથી ભારત અને યુરોપિયન યુનિયન (EU) મુક્ત વ્યાપાર કરાર અને યુરોપિયન દેશોમાં કામ કરતા ભારતીય વ્યાવસાયિકોની અવરજવરને સરળ બનાવવા સંબંધિત મુદ્દાઓને ઉકેલવા તરફના પગલા તરીકે કરારને અંતિમ સ્વરૂપ આપશે.
- આ કરારને યુરોપીયન દેશોના દ્રષ્ટિએ ભારતમાંથી ગેરકાયદેસર ઈમિગ્રેશનને અટકાવવાના માર્ગ તરીકે જુએ છે.
- આ કરાર વ્યાવસાયિકો અને વિદ્યાર્થી વિનિમય કાર્યક્રમો માટે બહુવિધ પ્રવેશ વિઝાનું નિયમન કરશે, આ કાર્યક્રમોની સંયુક્ત કાર્યકારી જૂથ (JWG) દ્વારા નિયમિતપણે સમીક્ષા કરવામાં આવશે કે તેઓ તેમના ઉદ્દેશ્યોને પૂર્ણ કરી રહ્યાં છે અને ઈચ્છિત પરિણામો પ્રાપ્ત કરી રહ્યાં છે.
- ઓસ્ટ્રિયાએ ગયા વર્ષે ગેરકાયદેસર સ્થળાંતરમાં તીવ્ર વધારાનો સામનો કર્યો હતો, જેમાં ભારતમાંથી 15,000 થી વધુ લોકો ગેરકાયદેસર સ્થળાંતરનો થયા હતા.

**Austria વિશે....**

| | | |
|---|---|---|
| **રાજધાની** | : | વિયેના |
| **ચલણ** | : | યુરો |
| **સંસદ** | : | નેશનલ અને ફેડરલ કાઉન્સિલ |

## નેપાળના પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' નવા વડાપ્રધાન બન્યા



- તાજેતરમાં પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' નેપાળના નવા વડાપ્રધાન બન્યા છે.
- નેપાળ રાષ્ટ્રપતિ વિદ્યા દેવી ભંડારીએ 26 ડિસેમ્બર, 2022 ના રોજ પુષ્પ કમલ દહલને વડાપ્રધાન તરીકેના શપથ અપાવ્યા હતા.
- પુષ્પ કમલ દહલ બહુમતી સાથે વડાપ્રધાન તરીકે નિયુક્ત થયા હોવા છતા તેમણે નેપાળના બંધારણની કલમ 76(4) મુજબ 30 દિવસમાં નીચેલા ગૃહમાં વિશ્વાસનો મત સાબિત કરવો પડશે.
- પુષ્પ કમલ દહલ 'Communist Party of Nepal CPL (Maoist Center) રાજકીય પક્ષ સાથે સંકળાયેલ છે. તેમણે અન્ય પાર્ટીઓ સાથે મળીને ગઠબંધનવાળી સરકાર બનાવી છે.

**Nepal Vishe વિશે....**

| | | |
|---|---|---|
| **રાજધાની** | : | કાઠમાંડુ |
| **ચલણ** | : | નેપાળી રૂપિયો |
| **સંસદ** | : | નેશનલ એસેમ્બલી |

## વાસેનાર એરેજમેન્ટની 26 મી વાર્ષિક બેઠકનું આયોજન

- તાજેતરમાં આયર્લેન્ડના વિયેનામાં વાસેનાર એરેન્જમેન્ટની 26 મી વાર્ષિક પૂર્ણ બેઠક ભારતને સોંપવામાં આવી હતી અને 1 જાન્યુઆરી 2023 થી તેનું સત્તાવાર રીતે અધ્યક્ષપદ સંભાળશે.
- વાસેનાર એરેજમેન્ટ એ સ્વૈચ્છિક નિયંત્રણ વ્યવસ્થા છે. જુલાઈ 1996 માં ઔપચારિક રીતે સ્થપાયેલી આ વ્યવસ્થામાં 42 સભ્યો છે જે પરંપરાગત શસ્ત્રો અને બેવડા – ઉપયોગનાં માલસામાન અને ટેકનોલોજી ટ્રાન્સફર અંગેની માહિતીની આપ – લે કરે છે.
- વાસેનાર એરેજમેન્ટનું સચિવાલય ઓસ્ટ્રિયાના વિયેનામાં છે. તેમાં 42 સભ્ય દેશો છે.

# 5 અર્થવ્યવસ્થા

## સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ માટે FIT (Finance, Income and Trade) રેન્ક શરૂ કરવામાં આવશે

- તાજેતરમાં Small Industries Development Bank of India (SIDBI) ના માર્ગદર્શન હેઠળ Trans Union CIBIL અને Online PSB Loans Limited (OPL) દ્વારા Micro, Small and Medium Enterprise(MSME) માટે FIT રેન્ક શરૂ કરવા માટે સહયોગ કરવામાં આવ્યો છે.આ મોડલ ક્રેડિટ ઉદ્યોગના વધતા ડિજિટાઈઝેશનને કારણે વિકસાવવામાં આવ્યું છે.




- FIT રેન્ક એ એક વ્યાપક રેન્કિંગ મોડલ છે જે MSME ની ઔપચારિક ક્રેડિટ સુવિધાઓ સુધી પહોંચ વધારવા માટે GST, બેંક સ્ટેટમેન્ટ્સ અને આવકવેરા રિટર્ન (ITR) માંથી મેળવેલી માહિતીનો લાભ લે છે.
- CIBIL દ્વારા OPL સાથે મળીને વિકસાવવામાં આવેલ આ પ્રથમ ક્રેડિટ ડિફોલ્ટ પ્રિડિક્ટર મોડલ છે.
- આ રેન્કિંગ મોડલ મશીન લર્નિંગ અલ્ગોરિધમનો ઉપયોગ કરીને MSME ના નોન–પર્ફોર્મિંગ એસેટ (NPA) બનવાની સંભાવનાની આગાહી કરી શકે છે.
- આ રેન્કિંગ મોડલ 1 થી 10 ના સ્કેલ પર નાણાકીય આવક અને વેપાર ડેટાના આધારે MSME માટે રેન્કિંગ પ્રદાન કરે છે. FIT રેન્ક 1 એ સૌથી ઓછું જોખમી MSME રેન્ક છે, જ્યારે FIT રેન્ક 10 એ સૌથી વધુ જોખમી MSME રેન્ક છે.
- FIT રેન્ક ડિફોલ્ટની સંભાવના સાથે સુસંગત છે જ્યારે FIT રેન્ક નીચો હોય છે, ત્યારે MSME દ્વારા ડિફોલ્ટનું માનવામાં આવતું જોખમ ઓછું હોય છે.

❖ **વિશેષ**

- FIT રેન્ક મોડલ ચોક્કસ MSME ના નાણાકીય, આવક અને વેપાર ડેટાનો એકીકૃત દૃષ્ટિકોણ પ્રદાન કરવા માટે બહુવિધ સ્ત્રોતોમાંથી માહિતીનો ત્રિકોણ કરે છે.
- આ MSMEના જોખમના ચોક્કસ તફાવતને સુનિશ્ચિત કરે છે. આનાથી બેંકો વધુ MSME ને વિશ્વાસપૂર્વક ધિરાણ સુવિધાઓ પહોંચાડવા અને ક્ષેત્રની ધિરાણ વૃદ્ધિમાં વધારો કરવા સક્ષમ બનાવે છે.
- FIT રેન્ક દ્વારા પૂરા પાડવામાં આવેલ ડેટાનો ઉપયોગ કરીને, SIDBI એ MSMEs માટે એક નવી એક્સપ્રેસ લોન પ્રોડક્ટ લોન્ચ કરી છે જે સીધી પ્રક્રિયા દ્વારા મશીનરી અને રૂફ–ટોપ સોલર ઈન્સ્ટોલેશન ખરીદવા માટે રૂ. 50 લાખ સુધીની લોન ઓફર કરે છે.

## RBI ના સુધારેલા બેંક લોકર નિયમોનો અમલ




- તાજેતરમાં 1 જાન્યુઆરી, 2023 થી ભારતીય રિઝર્વ બેંકના સુધારેલા બેંક લોકર નિયમો અમલમાં આવશે.
- Reserve Bank of India (RBI) દ્વારા ઑગસ્ટ 2021 ના રોજ સુધારેલા બેંક લોકર નિયમો બહાર પાડવામાં આવ્યા હતા.
- વર્તમાનના તમામ લોકર થાપણદારોએ નવીકરણ કરાયેલ લોકર વ્યવસ્થાને ઍક્સેસ કરવા માટે પાત્રતાનો પુરાવો પ્રદાન કરવો જરૂરી છે.

❖ **સુધારેલા નિયમોની મુખ્ય વિશેષતાઓ**

**(1) મોડલ લોકર એગ્રીમેન્ટ**

- આ સુધારેલા નિયમો મુજબ ધિરાણકર્તાઓને Indian Banks' Association(IBA) દ્વારા તૈયાર કરવામાં આવેલ મોડેલ લોકર કરારનો ઉપયોગ કરવા માટે નિર્દેશિત કરવામાં આવે છે, જે સુપ્રીમ કોર્ટના આદેશો અને માર્ગદર્શિકા અનુસાર બનાવવામાં આવ્યો છે.
- Indian Banks' Association(IBA)ની સ્થાપના 26 સપ્ટેમ્બર 1946માં થયી હતી જેનું વડુંમથક મુંબઈમાં આવેલું છે.
- આ સુધારેલા નિયમો અનુસાર બેંકોએ ખાતરી આપવી જોઈએ કે તેમના લોકર એગ્રીમેન્ટમાં કોઈ અયોગ્ય નિયમો અને શરતો નથી, અને બેંકના હિતોનું રક્ષણ કરવા કરારની શરતો "વ્યવસાયના સામાન્ય અભ્યાસક્રમમાં જરૂરી કરતાં વધુ સખત ન હોવી જોઈએ.

**(2) સેફ ડિપોઝીટ વિસ્તારોમાં સીસીટીવી કેમેરા**

- આ સુધારેલા નિયમો મુજબ બેંકોએ સ્ટ્રોંગ રૂમ (બેંક તિજોરી)ના પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળો પર અને કામગીરીના સામાન્ય વિસ્તારોમાં સીસીટીવી કેમેરા લગાવવા જરૂરી છે, અને માર્ગદર્શિકા અનુસાર ઓછામાં ઓછા 180 દિવસ માટે સીસીટીવી કેમેરા રેકોર્ડિંગ સાચવવાનું ફરજિયાત છે.

- આ સુધારેલા નિયમો અનુસાર જો કોઈ ગ્રાહકે તેના લોકરની ચોરી અથવા સુરક્ષા ભંગ અંગે બેંકને ફરિયાદ કરી હોય, તો બેંકે જ્યાં સુધી પોલીસ તપાસ પૂર્ણ ન થાય અને વિવાદનું સમાધાન ન થાય ત્યાં સુધી સીસીટીવી રેકોર્ડિંગ સાચવવા પડશે.
- આ સુધારેલા નિયમો મુજબ જો તિજોરીઓમાં સંગ્રહિત કીમતી ચીજવસ્તુઓ તોડફોડ કરવામાં આવે અથવા આગ કે મકાન ધરાશાયી થવાને કારણે ખોવાઈ જાય તો થાપણદારો બેંક ચાર્જના 100 ગણા સુધી વળતર મેળવી શકે છે અને જો બેંકો કુદરતી આફતોને કારણે થતા નુકસાન માટે જવાબદાર બેંક રહેશે નહી.

**(3) સરકારી દરોડા**

- આ સુધારેલા નિયમો મુજબ બેંકોએ ગ્રાહકને પત્ર અને ઈમેલ અથવા એસએમએસ દ્વારા લોકર પરના સરકારી દરોડા અથવા સુરક્ષિત કસ્ટડી માટે જમા કરાયેલી વસ્તુઓ વિશે અગાઉથી માહિતી આપવી જરૂરી છે.

**Reserve Bank of India (RBI) વિશે....**

| | |
|---|---|
| **સ્થાપના** | : 1 એપ્રિલ, 1935 (કોલકાતા) |
| **વડુમથક** | : મુંબઈ |
| **પ્રકાર** | : દેશની મધ્યસ્થ બેંક |
| **ગવર્નર** | : શકિતકાંત દાસ (25મા ગવર્નર) – વર્ષ 2018થી |

**(4) ભાડા તરીકે ટર્મ ડિપોઝિટ**

- આ સુધારેલા નિયમો બેંકોને લોકરની ફાળવણી દરમિયાન મુદતની થાપણોની માંગ કરવાની મંજૂરી આપે છે જે 3 વર્ષ માટે ભાડા તરીકે એકત્રિત કરી શકાય છે.
- આ નિયમ વર્તમાનના લોકર ધારકો અને સંતોષકારક ઓપરેટિવ એકાઉન્ટ ધરાવતા લોકો માટે લાગુ પડતો નથી.

## કેરળના પાંચ કૃષિ ઉત્પાદનોને GI દરજ્જો આપવામાં આવ્યો

- તાજેતરમાં કેરળના પાંચ કૃષિ ઉત્પાદનો અટ્ટાપડી અટ્ટુકોમ્બુ અવારા, અટ્ટાપડી થુવારા, ઓનાટ્ટુકારા એલુ, કંથલ્લુર–વટ્ટાવદા વેલુથુલ્લી અને કોડુંગલ્લુર પોટ્ટુવેલરીને ભૌગોલિક સંકેત (GI) દરજ્જો આપવામાં આવ્યો છે.
- આ ઉપરાંત આસામના ગામોસા (પરંપરાગત કાપડ), મહારાષ્ટ્રની અલીબાગ સફેદ ડુંગળી, લદ્દાખના રકતસે કાર્પો જરદાળુ અને તેલંગાણાના તંદુર લાલગ્રામને પણ તાજેતરમાં GI ટેગ આપવામાં આવ્યો છે.



**❖ અટ્ટાપડી અટ્ટુકોમ્બુ અવારા (બીન્સ)**

- તે પલક્કડના અટ્ટાપ્પડી પ્રદેશમાં ઉગાડવામાં આવે છે. તેના નામ પ્રમાણે તે બકરીના શિંગડા જેવું વળેલું છે.
- અન્ય ડોલીચોસ કઠોળની તુલનામાં તેના ઉચ્ચ એન્થોકયાનિન સામગ્રી દાંડી અને ફળને જાંબલી રંગ આપે છે.
- એન્થોકયાનિન તેના એન્ટિડાયાબિટીક ગુણધર્મો સાથે હૃદય રોગ સામે મદદરૂપ છે.
- અટ્ટાપડી અટ્ટકોમ્બ અવારાની ઉચ્ચ ફિનોલિક સામગ્રી જીવાતો અને રોગો સામે પ્રતિકાર પ્રદાન કરે છે, જે પાકને જૈવિક ખેતી માટે યોગ્ય બનાવે છે. આ ઉપરાંત તેમાં કેલ્શિયમ, પ્રોટીન અને ફાઈબરનું પ્રમાણ પણ વધુ હોય છે.

**❖ અટ્ટાપડી થુવારા (લાલ ચણા)**

- તેના બીજ સફેદ આવરણથી ઢંકાયેલા હોય છે. એટલે કે તેમાં સફેદ કોટવાળા બીજ હોય છે.અન્ય લાલ ચણાની તુલનામાં અટ્ટાપડી થુવારામાં મોટા બીજ અને બીજનું વજન વધારે હોય છે.
- આ સ્વાદિષ્ટ લાલ ચણા જેનો ઉપયોગ શાકભાજી અને લાલ દાળ તરીકે થાય છે.તે પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, ફાઈબર, કેલ્શિયમ અને મેગ્નેશિયમથી ભરપૂર હોય છે.

**❖ ઓનાટ્ટુકારા એલુ (તલ)**

- ઓનાટ્ટુકારા એલુ (Onattukara Ellu) અને તેનું તેલ તેમના અનોખા સ્વાસ્થ્ય લાભો માટે પ્રખ્યાત છે.
- ઓનાટ્ટુકારા એલુંમાં પ્રમાણમાં ઉચ્ચ એન્ટીઓકિસડન્ટ સામગ્રી મુકત રેડિકલ સામે લડવામાં મદદ કરે છે, જે શરીરના કોષોનો નાશ કરે છે.
- ઉપરાંત અસંતૃપ્ત ચરબીની ઉચ્ચ સામગ્રી તેને હૃદયના દર્દીઓ માટે ફાયદાકારક બનાવે છે.

**❖ કંથલ્લુર–વટ્ટાવદા વેલુથુલ્લી (લસણ)**

- કંથલ્લુર–વટ્ટાવદા (વટ્ટાવડા) વેલુથુલ્લી એ અન્ય પ્રદેશોમાં ઉત્પાદિત લસણની તુલનામાં આ લસણમાં સલ્ફાઈડ, ફલેવોનોઈડ્સ પ્રોટીનનું પ્રમાણ વધુ છે.તે એલિસિનથી સમૃદ્ધ છે જે માઈક્રોબાયલ ચેપ, બ્લડશુગર, કેન્સર વગેરે સામે અસરકારક છે.


**❖ કોડુંગલ્લુર પોટ્ટુવેલરી**

- તે કોડુન્ગલૂરમાં ઉગાડવામાં આવે છે અને એર્નાકુલમના કેટલાક ભાગોને રસ તરીકે અને અન્ય સ્વરૂપોમાં પીવામાં આવે છે.
- આ એક જાતનું તરબૂચ ઉનાળામાં લણવામાં આવે છે, તરસ છીપાવવા માટે ઉત્તમ છે.તેમાં વિટામિન–C નું પ્રમાણ વધુ હોય છે.
- અન્ય કાકડીઓની તુલનામાં કોડુંગલ્લુર પોટુવેલ્લરીમાં કેલ્શિયમ, મેગ્નેશિયમ, ફાઈબર અને ચરબીની સામગ્રી જેવા પોષક તત્વો પણ વધુ હોય છે.

## GI (Geographical Indication) Tag વિશે....

- GI ટેગ એ કોઈ વિશિષ્ટ ઓળખ ધરાવતી પ્રોડક્ટને આપવામાં આવતું એક ચિહ્ન છે.
- આ ટેગ કોઈ ચોક્કસ વિસ્તારમાં (ગામ, શહેર, ક્ષેત્ર, પ્રદેશમાં) ઉત્પન્ન થતી અથવા તો બનાવવામાં આવતી પરંપરાગત, ઉચ્ચ ગુણવત્તા ધરાવતી અને પ્રતિષ્ઠિત પ્રોડક્ટને આપવામાં આવે છે.
- ભારતમાં સૌપ્રથમ પશ્ચિમ બંગાળની દાર્જીલિંગ ચાને GI Tag આપવામાં આવ્યો હતો.
- જ્યારે ગુજરાતમાંથી સૌપ્રથમ વખત સંખેડા ફર્નિચરને આ ટેગ આપવામાં આવ્યો હતો.
- ભારતમાં ભૌગોલિક સંકેતોની નોંધણી 'Geographical Indication of Goods (Registration and Protection) Act, 1999' દ્વારા નિયંત્રિત થાય છે. આ ભૌગોલિક સંકેતની નોંધણી 10 વર્ષના સમયગાળા માટે માન્ય હોય છે.

## વર્લ્ડ ઈકોનોમિક આઉટલુકના નવીનતમ અપડેટ્સ જાહેર




- તાજેતરમાં International Monetary Fund (IMF) દ્વારા તેના World Economic Outlookમાં ભારત માટે તેના Financial Year 2023 વૃદ્ધિનું અનુમાન તેના જુલાઈના 7.4 ટકાથી 60 બેસિસ પોઈન્ટ ઘટાડીને 6.8 ટકા કરવામાં આવ્યો છે.
- આ આઉટલુક મુજબ IMFનું વર્તમાનનું પગલું World Bank તેના FY2023ના ભારત માટેના વિકાસના અનુમાનને 7.5 ટકાથી ઘટાડીને 6.5 ટકા કર્યા બાદ કરવામાં આવ્યું છે અને તાજેતરના અઠવાડિયામાં RBI સહિત અન્ય કેટલીક એજન્સીઓએ પણ ભારતના GDP અનુમાનમાં ઘટાડો કર્યો છે.
- આ આઉટલુક અનુસાર IMF ની તાજેતરની આગાહી જૂન ક્વાર્ટરમાં અપેક્ષિત કરતા નબળું ઉત્પાદન, બાહ્ય માંગમાં તીવ્ર ઘટાડો દર્શાવે છે જો કે, ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની રહે તેવી અપેક્ષા છે.
- આ આઉટલુક અનુસાર વર્ષ 2022-23માં ભારતનો ફુગાવો 6.9 ટકા રહેવાનો અંદાજ છે, જે આવતા વર્ષે RBIના 4 થી 6 ટકાના સહનશીલતા સ્તર પર પાછા આવશે. આ સાનુકૂળ પાયાની અસરો, નાણાકીય નીતિને કડક બનાવવાની અસર અને સારી રીતે લંગરાયેલી ફુગાવાની અપેક્ષાઓ દર્શાવે છે.
- આ આઉટલુક મુજબ નાણાકીય વર્ષ 2023 માં, સરકારી મૂડી ખર્ચમાં વધારો અને ઉચ્ચ ખાનગી માંગને કારણે ભારતનો જીડીપી 7 ટકા વધશે, જે મુખ્યત્વે વસ્તુના ઊંચા ભાવ અને ઊંચી આયાત માંગને કારણે છે.

## International Monetary Fund (IMF) વિશે....

**સ્થાપના** : જુલાઈ 1944
**વડુમથક** : વાશિંગ્ટન ડીસી (USA)
**સભ્ય દેશ** : 190 દેશો
**હેતુ** : તેના તમામ 190 સભ્ય દેશો માટે ટકાઉ વૃદ્ધિ અને સમૃદ્ધિ હાસંલ કરવી.

## બરછટ અનાજ ખાદ્ય ઉત્સવ (જાડુ અનાજ અથવા મોટુ અનાજ) નું આયોજન




- બરછટ અનાજના મહત્વ અંગે જાગૃતિ વધારવા માટે કૃષિ મંત્રાલય 20 ડિસેમ્બર, 2022 ના રોજ સંસદના સભ્યો માટે બરછટ અનાજ ખાદ્ય ઉત્સવનું આયોજન કર્યું હતું.
- વિશ્વની વસ્તીમાં અત્યાર સુધીના સૌથી મોટા વધારાને ધ્યાનમાં રાખીને વૈશ્વિક કૃષિ – ખાદ્ય પ્રણાલી પડકારોનો સામનો કરી રહી છે.
- આવી સ્થિતિમાં બરછટ અનાજ એક સસ્તો અને પૌષ્ટિક વિકલ્પ છે. નોંધનીય છે કે સંયુકત રાષ્ટ્રએ આંતરરાષ્ટ્રીય બરછટ અનાજ વર્ષ તરીકે 2023 ને જાહેર કરવા ઠરાવ પસાર કર્યો હતો.
- જુવાર, બાજરી, કોડો, પ્રોસો, કુટકી, રાગી, જવ વગેરેને સામૂહિક રીતે બરછટ અનાજ તરીકે ઓળખવામાં આવે છે.

## રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ઉત્કર્ષ 2.0 ની શરૂઆત

- તાજેતરમાં Reserve Bank of India(RBI) દ્વારા ઉત્કર્ષ 2.0 લોન્ચ કરવામાં આવ્યો છે, જે નિયમનકારી અને સુપરવાઈઝરી મિકેનિઝમને મજબૂત કરવા માટે તેની મધ્યમ ગાળાની વ્યૂહરચનાનો બીજો તબક્કો છે.




- ઉત્કર્ષ જુલાઈ 2019 માં શરૂ કરવામાં આવ્યું હતું, જે વર્ષ 2019 થી 2022 સુધીના સમયગાળાને આવરી લે છે.
- ઉત્કર્ષ 2.0 વર્ષ 2023 થી વર્ષ 2025 ના સમયગાળા દરમિયાન RBIને માર્ગદર્શન આપશે, જેમાં 6 વિઝન સ્ટેટમેન્ટ્સનો સમાવેશ થાય છે.

❖ **ઉત્કર્ષ 2.0ના 6 વિઝન સ્ટેટમેન્ટ્સ નીચે મુજબ છે.**

(1) વૈધાનિક અને અન્ય કાર્યોની કામગીરીમાં શ્રેષ્ઠતા– આ વિઝન સ્ટેટમેન્ટનો હેતુ ભારતીય લોકોની અને અર્થવ્યવસ્થાની જરૂરિયાતોને વધુ સારી રીતે પૂરી કરવા માટે આરબીઆઈના વૈધાનિક અને અન્ય કાર્યોની કામગીરીમાં સુધારો કરવાનો છે.

(2) આરબીઆઈમાં નાગરિકો અને સંસ્થાઓનો વિશ્વાસ મજબૂત– આ વિઝન સ્ટેટમેન્ટ નાગરિકો અને સંસ્થાઓનો આરબીઆઈમાં રહેલા વિશ્વાસને વધારવાનો પ્રયાસ કરે છે, કારણ કે આરબીઆઈ તેના આદેશને અસરકારક રીતે પરિપૂર્ણ કરવા માટે આ જરૂરી છે.

(3) રાષ્ટ્રીય અને વૈશ્વકિ ભૂમિકાઓમાં ઉન્નત સુસંગતતા અને મહત્વ– આ વિઝન સ્ટેટમેન્ટનો હેતુ રાષ્ટ્રીય અને વૈશ્વકિ સ્તરે આરબીઆઈની સુસંગતતા અને મહત્વને સુધારવાનો છે, કારણ કે આ ભારતીય અર્થતંત્રની સ્થિરતા અને વિકાસમાં વધુ સારી રીતે યોગદાન આપવા માટે આરબીઆઈને સક્ષમ બનાવશે.

(4) પારદર્શક, જવાબદાર અને નૈતિકતા–સંચાલિત આંતરિક શાસન– આ વિઝન સ્ટેટમેન્ટ આરબીઆઈના આંતરિક શાસનને વધુ પારદર્શક, જવાબદાર અને મજબૂત નૈતિક સંહિતા દ્વારા સંચાલિત કરીને તેને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

(5) શ્રેષ્ઠ–વર્ગ અને પર્યાવરણ–મૈત્રીપૂર્ણ ડિજિટલ અને ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર– આ વિઝન સ્ટેટમેન્ટ આરબીઆઈના ડિજિટલ અને ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને શ્રેષ્ઠ–વર્ગ અને પર્યાવરણને અનુકૂળ બનાવીને તેને સુધારવા માંગે છે.

(6) નવીન, ગતિશીલ અને કુશળ માનવ સંસાધનો– આ વિઝન સ્ટેટમેન્ટનો હેતુ RBIના માનવ સંસાધનોની ગુણવત્તા અને ક્ષમતાઓને વધુ નવીન, ગતિશીલ અને કુશળ બનાવીને સુધારવાનો છે.

Govt. Jobs

Our Students Selected For Assistant & Officer

Again Banking Academy Proved It......

# IBPS-RRB

## (Gramin Bank) Results - 2022

GOVT. JOBS માં સફળ થયેલ અમારા વિદ્યાર્થીઓ

Heartiest Congratulations..!

कभी भी जीवनमे आधे रास्ते से पीछे न मुडिये, क्योंकि जितना समय पीछे आने मे लगेगा, उतने समयमे आप अपने लक्ष्य तक पहोंच जाओगे

SAURASTRA GRAMIN BANK Officer

CHAUDHARI KINJAL

SAURASTRA GRAMIN BANK Officer

VASU VADADORIYA

SAURASTRA GRAMIN BANK Officer

ARPIT KHANNA

SAURASTRA GRAMIN BANK Officer

OJAS PATEL

SAURASTRA GRAMIN BANK Officer

DIVYESH RANA

SAURASTRA GRAMIN BANK Officer

NILESH PATIL

SAURASTRA GRAMIN BANK Officer

SENJALIYA SAGAR

SAURASTRA GRAMIN BANK Officer

SACHIN PATIL

GRAMIN BANK Assistant

VIREN GANDHI

SAURASTRA GRAMIN BANK Assistant

ABHI PATEL

GRAMIN BANK Assistant

PAYAL CHAUHAN

SAURASTRA GRAMIN BANK Assistant

BHAVIKA GOTI

SAURASTRA GRAMIN BANK Assistant

RAVI YADAV

SAURASTRA GRAMIN BANK Assistant

VASU VADADORIYA

GRAMIN BANK Assistant

ARPIT KHANNA

SAURASTRA GRAMIN BANK Assistant

SHARMA CHETANYA

GRAMIN BANK Assistant

SUCHIT KATARIA

ADMISSION OPEN

New Demo Class for Upcoming SBI IBPS RRB BANK Starts from Every MONDAY

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

નવા વર્ગો દર સોમવારથી શરૂ

Surat (HO-Udhna) Ph. : 70461 40555

Varachha (Surat) Ph. : 70464 16555


Navsari Ph. : 70466 41555

Vyara Ph. : 90998 64658

# 6 યોજના,પોર્ટલ અને એપ્લીકેશન

## EV Yatra Mobile Application ની શરૂઆત

- તાજેતરમાં રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ નિમિત્તે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા નવી દિલ્હીમાં EV યાત્રા મોબાઈલ એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે.




- EV (Electric Vehicle) યાત્રા મોબાઈલ એપ્લિકેશન બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સી (BEE) દ્વારા EV વપરાશકર્તાઓને નજીકના સાર્વજનિક ચાર્જર પર વાહનમાં નેવિગેશનની સુવિધા આપવા માટે વિકસાવવામાં આવી હતી.
- આ એપ્લિકેશન ચાર્જ પોઈન્ટ ઓપરેટરોને પ્લેટફોર્મ પર નોંધણી કરવાની અને રાષ્ટ્રીય ઓનલાઈન ડેટાબેઝમાં વિગતો દાખલ કરવાની પણ મંજૂરી આપે છે.
- આ એપ્લિકેશન EV ચાર્જિંગ સ્ટેશન પર ઈન્સ્ટોલ કરેલા ચાર્જરનો પ્રકાર, ઈલેક્ટ્રિક વાહન ચાર્જ કરવા માટે ટેરિફ, ચાર્જિંગ સ્ટેશનો દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ વગેરે જેવી વિગતો પ્રદાન કરે છે.
- આ એપ્લિકેશન વપરાશકર્તાઓને ચાર્જિંગ સ્લોટ પ્રી–બૂક કરવા સક્ષમ બનાવે છે અને ચાર્જિંગ સ્લોટની વાસ્તવિક સમયની ઉપલબ્ધતા, ચાર્જિંગ સ્ટેશનની અંદર કાર્યક્ષમતા અને સગવડતા વધારવાની વિગતો પ્રદાન કરે છે.
- આ એપ વર્તમાનમાં અંગ્રેજી તેમજ હિન્દીમાં ઉપલબ્ધ છે, જેને ગૂગલ પ્લેસ્ટોર અને એપલ સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાય છે.

❖ **વિશેષ**

- વર્તમાનમાં ભારતમાં EVs માટે લગભગ 5,151 ઓપરેશન પબ્લિક ચાર્જિંગ સ્ટેશન છે. જોકે રસ્તાઓ પર લગભગ 18 લાખ EVs છે.
- કર્ણાટકમાં 698 ચાર્જિંગ સ્ટેશન, મહારાષ્ટ્રમાં 660 ચાર્જિંગ સ્ટેશન અને દિલ્હીમાં 539 EV ચાર્જિંગ સ્ટેશન છે.
- ઉત્તર પ્રદેશ, દિલ્હી અને મહારાષ્ટ્ર ભારતના સૌથી મોટા EV બજારો છે.

## રાષ્ટ્રીય ગોકુલ મિશન દ્વારા ખેડૂતોને રોજગાર




- તાજેતરમાં મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયે જાહેરાત કરી છે કે રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ 50 લાખથી વધુ ખેડૂતોને રોજગાર આપવામાં આવશે.
- રાષ્ટ્રીય ગોકુલ મિશન (RGM) હેઠળ ગાય / ભેંસ / ડુક્કર / મરઘી / બકરીના સંવર્ધન ફાર્મ અને સાઈલેજ બનાવવાના એકમોને સબસિડી આપવાની યોજના છે. જેમાંથી 50% સબસિડી ભારત સરકાર દ્વારા આપવામાં આવશે.
- આ સાથે પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (AHIDF) યોજના હેઠળ લોનની રકમ પર 3 ટકા વ્યાજ સબવેન્શન પણ લઈ શકાય છે.

❖ **રાષ્ટ્રીય ગોકુલ મિશન વિશે**

- દેશી અથવા સ્થાનિક બોવાઈન જાતિ (ગાય / ભેંસ / ડુક્કર / મરઘી / બકરી) ના વિકાસ અને સંરક્ષણ માટે ડિસેમ્બર 2014 થી આ મિશન અમલમાં છે.
- આ મિશન 'રાષ્ટ્રીય પશુધન વિકાસ યોજના' હેઠળ વર્ષ 2021 થી 2026 સુધી રૂ. 2400 કરોડના બજેટ ખર્ચ સાથે ચાલુ છે.
- આ મિશનનું નોડલ મંત્રાલય 'મત્સ્યદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય' છે અને રાષ્ટ્રીય ગોકુલ મિશનનો અમલ 'રાજ્ય અમલીકરણ એજન્સી' દ્વારા કરવામાં આવશે.

❖ **ઉદ્દેશ્ય**

- અદ્યતન તકનીકીનો ઉપયોગ કરીને ટકાઉ રીતે પશુઓની ઉત્પાદકતા અને દૂધ ઉત્પાદનમાં વધારો કરવો.
- સંવર્ધન હેતુઓ માટે ઉચ્ચ આનુવંશિક યોગ્યતાવાળા બળદને પ્રોત્સાહન આપવું.
- પ્રજનન નેટવર્કને મજબૂત કરીને અને ખેડૂતોના ઘરે કૃત્રિમ બીજદાન સેવાઓ ડિલિવરી દ્વારા કૃત્રિમ બીજદાન કવરેજ વધારવું.
- વૈજ્ઞાનિક અને સર્વગ્રાહી રીતે સ્વદેશી ગાયો અને ભેંસોના ઉછેર અને સંરક્ષણને પ્રોત્સાહન આપવું.

❖ **મહત્વ**

- રાષ્ટ્રીય ગોકુલ મિશન (RGM) ના પરિણામે ઉત્પાદકતામાં વધારો થશે અને કાર્યક્રમોનો લાભ ભારતના તમામ નાના અને સીમાંત ખેડૂતો ખાસ કરીને ગાયો અને ભેંસો સુધી પહોંચશે.
- આ કાર્યક્રમ ખાસ કરીને મહિલાઓને પણ ફાયદો કરશે કારણ કે પશુપાલન સાથે સંકળાયેલા 70% થી વધુ કામ મહિલાઓ દ્વારા કરવામાં આવે છે.

## અમૃત ભારત સ્ટેશન યોજનાની શરૂઆત

- તાજેતરમાં કેન્દ્રીય રેલ્વે મંત્રાલય દ્વારા સમગ્ર ભારતમાં રેલ્વે સ્ટેશનોને આધુનિક બનાવવા માટે અમૃત ભારત સ્ટેશન યોજના નામની નવી યોજના શરૂ કરવામાં આવ્યો છે.




- આ યોજના હેઠળ આ તમામ શ્રેણીના રેલ્વે સ્ટેશનો માટે ઉચ્ચ સ્તરીય પ્લેટફોર્મ વિતરિત કરવામાં આવશે.
- આ પ્લેટફોર્મ પર ડ્રેનેજ સુવિધાઓને બહેતર બનાવવામાં આવશે, જેમાં સૌંદર્યલક્ષી રીતે ડિઝાઈન કરાયેલા ચોરી–પ્રતિરોધક કવર સાથે ગટરોને આવરી લેવાનો સમાવેશ થાય છે.
- આ યોજના અંતર્ગત રેલ્વે સ્ટેશનના યુઝર્સને ફ્રી વાઈ–ફાઈની સુવિધા આપવામાં આવશે અને માસ્ટર પ્લાનમાં 5G ટાવર ઈરેક્શન પણ આવરી લેવામાં આવ્યા છે.
- આ યોજના હેઠળ વેઈટિંગ રૂમ, પ્લેટફોર્મ, રિટાયરિંગ રૂમ અને ઓફિસમાં વર્તમાનના ફર્નિચરની સમીક્ષા કરવામાં આવશે. જો આવશ્યકતા ઊભી થાય, તો ફર્નિચરને વધુ આરામદાયક અને ટકાઉ બનાવવા માટે બદલવામાં આવશે.
- આ યોજના અનુસાર દિવ્યાંગજનોની જરૂરિયાતોને ટેકો આપવા માટે રેલવે સ્ટેશનો પર સુવિધાઓ હશે.
- દિવ્યાંગજનો માટે તમામ કેટેગરીના સ્ટેશનો પર પૂરતી સંખ્યામાં શૌચાલય ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ શૌચાલય સરળતાથી દેખાઈ શકે અને સુલભ થઈ શકે તે રીતે બનાવવામાં આવશે.
- આ યોજના મુજબ ભંડોળની ઉપલબ્ધતા અને વર્તમાનની અસ્કયામતોની શરતોના આધારે ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ ઉકેલો તરફ ધીમે ધીમે શિફ્ટ થવાના પ્રયાસો કરવામાં આવશે.
- આ યોજના અંતર્ગત વિવિધ પ્રકારના વેઈટિંગ હોલને કલબ કરવાનો પ્રયાસ કરવામાં આવશે અને રેલ્વે સ્ટેશન સ્ટેશનોમાં બહેતર કાફેટેરિયા અને છૂટક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- સુનિયોજિત પાર્કિંગ વિસ્તારો, યોગ્ય રીતે ડિઝાઈન કરાયેલા સંકેતો, સુધારેલ લાઈટિંગ, અનિચ્છનીય માળખાંને દૂર કરવા અને આવા અન્ય પ્રયાસો રેલવે સ્ટેશન વપરાશકર્તાઓના અનુભવને સુધારવા માટે કરવામાં આવશે.

### ❖ અમૃત ભારત સ્ટેશન યોજનાના અનેક વ્યાપક ઉદ્દેશ્યો

- રેલવે સ્ટેશનો માટે માસ્ટર પ્લાનની તૈયારી અને અમલીકરણ ન્યૂનતમ આવશ્યક સુવિધાઓથી વધુ સુવિધાઓ વધારવા અને લાંબા ગાળા માટે સ્ટેશન પરિસરમાં છત પ્લાઝા અને સિટી સેન્ટર બનાવવાનો છે.
- આ યોજના વર્તમાનની સુવિધાઓના અપગ્રેડેશન અને રિપ્લેસમેન્ટ તેમજ નવી સુવિધાઓની રજૂઆતને પૂરી કરશે.
- આ યોજના રેલવે સ્ટેશનોની જરૂરિયાતો અને આશ્રયના આધારે લાગુ કરવામાં આવશે.
- આ યોજના હેઠળ 1,000 થી વધુ સ્ટેશનો માટે માળખાકીય વિકાસ સુનિશ્ચિત કરવામાં આવશે.

## Bharat Interface for Money(BHIM) એપ્લિકેશનના 6 વર્ષ પૂર્ણ

- તાજેતરમાં ભારત ઈન્ટરફેસ ફોર મની (BHIM) પેમેન્ટ એપના 6 વર્ષ પૂર્ણ થયા છે.




- BHIM એપ્લિકેશન વર્તમાનમાં મજબૂત બની રહ્યું છે, જેમાં સતત વધી રહેલા યુઝર બેઝ અને એપ મારફત મોટી સંખ્યામાં ટ્રાન્ઝેક્શનની પ્રક્રિયા કરવામાં આવી રહી છે.
- આ એપ્લિકેશનનો ઉપયોગ કરવા માટે, યુઝર્સને પહેલા એપ ડાઉનલોડ કરવી પડશે અને તેને તેમના બેંક એકાઉન્ટ સાથે લિંક કરવી પડશે.
- આ એપ્લિકેશન યુઝર્સની બેંક વિગતો દાખલ કરીને અને તેમના અંગૂઠાની છાપનો ઉપયોગ કરીને કનેક્શનને પ્રમાણિત કરે છે, જો એકવાર એપ્લિકેશન સેટ થઈ જાય, પછી વપરાશકર્તાઓ અન્ય BHIM વપરાશકર્તાઓને અથવા BHIM ચૂકવણી સ્વીકારતા વેપારીઓને ચૂકવણી કરી શકે છે.
- આ એપ્લિકેશન હેઠળ ચુકવણી કરવા માટે વપરાશકર્તાને ફક્ત પ્રાપ્તકર્તાનું UPI ID દાખલ કરવાની અથવા તેમનો QR કોડ સ્કેન કરવાની જરૂર છે. ત્યારબાદ તેઓ જે રકમ ચૂકવવા માગે છે તે દાખલ કરી શકે છે અને તેમના અંગૂઠાની છાપનો ઉપયોગ કરીને વ્યવહારની પુષ્ટિ કર્યા બાદ ચુકવણી તરત જ પ્રાપ્તકર્તાના ખાતામાં ટ્રાન્સફર થઈ જશે.
- આ એપ્લિકેશન પાસે વધારાની વિશેષતાઓની શ્રેણી પણ છે, જેમાં એકાઉન્ટ બેલેન્સ ચેક કરવાની ક્ષમતા, ટ્રાન્ઝેક્શન ઈતિહાસ જોવાની અને વિનંતી કરવાની અને અન્ય વપરાશકર્તાઓને નાણાં મોકલવાની વિશેષતાઓનો સમાવેશ થાય છે.

❖ **Bharat Interface for Money (BHIM) એપ વિશે**

- BHIM એપ્લિકેશન એ National Payments Corporation of India (NPCI) દ્વારા વિકસિત મોબાઈલ પેમેન્ટ એપ્લિકેશન છે, જેની શરૂઆત ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ડિસેમ્બર 2016માં કરવામાં આવી હતી.
- આ એપ્લિકેશન યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) પર આધારિત છે, જે બેંક દ્વારા સીધા જ ઈલેક્ટ્રોનિક ચુકવણી માટે પરવાનગી આપે છે.
- આ એપ્લિકેશન સ્માર્ટફોન અને ફીચર ફોન સહિત તમામ મોબાઈલ ઉપકરણો પર ઉપયોગ માટે ઉપલબ્ધ છે અને તેનો ઉપયોગ ઈન્ટરનેટ કનેક્શન સાથે અથવા વગર કરી શકાય છે.

**National Payments Corporation of India (NPCI) વિશે....**

**સ્થાપના** : વર્ષ 2008
**વડુમથક** : મુંબઈ
**મંત્રાલય** : નાણાં મંત્રાલય (નિર્મલા સીતારમણ)

- NPCI એ RBI અને Indian Banks Association હેઠળ કાર્ય કરે છે.

## New integrated Food Security યોજના લોન્ચ

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા એક નવી સંકલિત ખાદ્ય સુરક્ષા યોજના શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે, જે વર્ષ 2023 માટે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (NFSA) હેઠળ 81.35 કરોડ લાભાર્થીઓને મફત અનાજ પ્રદાન કરશે.
- કેન્દ્રિય કેબિનેટ દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના 'એક રાષ્ટ્ર—એક કિંમત—એક રાશનના વિઝનને પૂર્ણ કરવા માટે આ યોજનાને અમલમાં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- આ યોજના શરૂ કરવાનો હેતુ સૌથી વધુ અસરગ્રસ્ત 67% વસ્તીને લાભ આપવાનો છે, જે National Food Security Act (NFSA) હેઠળ આવરી લેવામાં આવેલ 81.35 કરોડ વ્યક્તિઓ છે.
- યોજના હેઠળ, સરકાર દેશભરમાં 5.33 લાખ વાજબી ભાવની દુકાનોના નેટવર્ક દ્વારા એક વર્ષ માટે અંત્યોદય અન્ન યોજનાના પરિવારો અને પ્રાથમિકતા ધરાવતા ઘરના વ્યક્તિઓ સહિત તમામ NFSA લાભાર્થીઓને મફત અનાજ પ્રદાન કરશે.




- યોજનાનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમના અસરકારક અને સમાન અમલીકરણને સુનિશ્ચિત કરવાનો અને ગરીબો માટે સુલભતા, પોષણક્ષમતા અને અનાજની ઉપલબ્ધતા પ્રદાન કરવાનો છે.
- આ યોજના વન નેશન વન રેશન કાર્ડ પ્રોગ્રામ હેઠળ પોર્ટેબિલિટીના સમાન અમલીકરણને પણ સક્ષમ કરશે, જે દેશમાં ગમે ત્યાં રેશન કાર્ડનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે.

**Food Corporation of India (FCI) વિશે....**


**શરૂઆત** : 14 જાન્યુઆરી, 1965
**મંત્રાલય** : ગ્રાહક બાબત, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય
**વડુમથક** : નવી દિલ્હી
**અધ્યક્ષ** : સંજીવ કુમાર

- આ યોજના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ (DFPD) ની બે વર્તમાન ફૂડ સબસિડી યોજનાઓને સમાવિષ્ટ કરશે.
- યોજનાના અમલીકરણ માટે DFPD ના સચિવે 29 ડિસેમ્બર, 2022 ના રોજ તમામ રાજ્યના ખાદ્ય સચિવો સાથે એક બેઠક યોજી હતી, જે દરમિયાન ટેકનિકલ ઠરાવો સહિત મફત અનાજના વિતરણ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.
- તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ 1 જાન્યુઆરી, 2023 થી મફત અનાજ યોજના લાગુ કરવાની ખાતરી આપી.
- આ યોજના અંતર્ગત સરકારે Food Corporation of India(FCI)ના તમામ જનરલ મેનેજરોને 1 જાન્યુઆરીથી 7 જાન્યુઆરી સુધી તેમના અધિકારક્ષેત્રના વિવિધ વિસ્તારોમાં દરરોજ 3 રેશન શોપની મુલાકાત લેવા અને સમીક્ષા માટે દૈનિક ધોરણે DFPD નોડલ ઓફિસરને રિપોર્ટ સબમિટ અને સુધારાત્મક કાર્યવાહી કરવાનો આદેશ પણ જારી કર્યો છે.
- આ યોજના હેઠળ મફત અનાજને ધ્યાનમાં રાખીને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને લાભાર્થીઓને અનાજનું વિતરણ કરવા માટે ડીલરનું માર્જિન પ્રદાન કરવા માટેની પદ્ધતિ તેમજ યોજનાના અમલીકરણની સ્થિતિ પર એક એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.

## બ્રોડકાસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ નેટવર્ક ડેવલપમેન્ટ (BIND) યોજનાને મંજૂરી

- તાજેતરમાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા પ્રસાર ભારતી માટે વિશાળ માળખાકીય વિકાસ યોજનાને મંજૂરી આપી છે, જે ભારતમાં ઓલ ઈન્ડિયા રેડિયો અને દૂરદર્શનનું નેતૃત્વ કરશે.
- આ 2,500 કરોડથી વધુ મૂલ્યની બ્રોડકાસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ નેટવર્ક ડેવલપમેન્ટ (BIND) સ્કીમ પ્રસાર ભારતીના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ અને અપગ્રેડેશન તેમજ ડિજિટલ સામગ્રી અને વિતરણ નેટવર્કને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- આ યોજના પ્રસાર ભારતીને તેના બ્રોડકાસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ અને અપગ્રેડેશન, કન્ટેન્ટ ડેવલપમેન્ટ અને સંસ્થા સાથે સંબંધિત સિવિલ વર્કને લગતા ખર્ચ માટે નાણાકીય સહાય પૂરી પાડવા માટે બનાવવામાં આવી છે.

- આ યોજના પ્રસાર ભારતીને સુધારેલ માળખાકીય સુવિધાઓ સાથે તેની સુવિધાઓના મોટા અપગ્રેડેશન હાથ ધરવા માટે સક્ષમ બનાવશે, જે લેફ્ટ વિંગ ઉગ્રવાદ ધરાવતા વિસ્તારો, વ્યૂહાત્મક સ્થાનો અને સરહદી વિસ્તારોનો સમાવેશ કરવા માટે તેની પહોંચને વિસ્તૃત કરશે.
- આ યોજનાનો ઉદ્દેશ્ય સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને પ્રેક્ષકો માટે ઉચ્ચ–ગુણવત્તાવાળી સામગ્રી પ્રદાન કરવાનો અને વધુ ચેનલોને સમાવવા માટે DTH પ્લેટફોર્મની ક્ષમતાને અપગ્રેડ કરીને વિવિધ સામગ્રીની ઉપલબ્ધતા વધારવાનો છે.
- આ પ્રોજેક્ટના ભાગ રૂપે પ્રસાર ભારતી OB vans પણ ખરીદશે અને Door Darshan (DD) અને All India Radio (AIR) સ્ટુડિયોને HD તૈયાર કરવા માટે ડીજીટલ અપગ્રેડ કરશે.
- આ યોજનામાં દૂરસ્થ, આદિવાસી, લેફ્ટ વિંગ ઉગ્રવાદથી પ્રભાવિત અને સરહદી વિસ્તારોમાં રહેતા લોકોને 800,000 થી વધુ ડીડી ફ્રી ડીશ set top boxનું મફત વિતરણ પણ સામેલ કરવામાં આવ્યું છે.




### Prasar Bharati વિશે....

**સ્થાપના** : વર્ષ 1997 (સંસદના અધિનિયમ દ્વારા)
**મંત્રાલય** : કેન્દ્રિય માહિતી અને પ્રસારણ મંત્રાલય
**ઉદ્દેશ** : જાહેર જનતાને નિષ્પક્ષ, સચોટ અને વ્યાપક સમાચાર અને માહિતી પ્રદાન કરવાનો અને સાંસ્કૃતિક વિવિધતા અને રાષ્ટ્રીય એકીકરણને પ્રોત્સાહન આપવાનો છે.

## પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ મંત્રાલયની યોજનાઓને ચાલુ રાખવા માટે મંજૂરી

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા 15મા નાણાપંચ (વર્ષ 2022–23 થી વર્ષ 2025–26)ના બાકી સમયગાળા માટે 12,882 કરોડ રૂપિયાના ખર્ચ સાથે પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ મંત્રાલય (Ministry of Development of Northeastern Region) ની યોજનાઓને ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી છે.
- પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ કેન્દ્રિય મંત્રી જી કિશન રેડ્ડીએ એક પ્રેસ કોન્ફરન્સમાં જાહેરાત કરી હતી કે મંજૂર કરાયેલી યોજનાઓને 15મા નાણાપંચના બેલેન્સ સમયગાળા માટે લંબાવવામાં આવશે.
- આ નિર્ણય બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં લેવામાં આવ્યો હતો.
- આ યોજનાઓનો ઉદ્દેશ એક તરફ વિવિધ કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોના પ્રયાસોને પૂરક બનાવવાનો છે અને બીજી તરફ વિકાસ અને કલ્યાણકારી પ્રવૃત્તિઓ માટે ઉત્તર–પૂર્વીય રાજ્યોની જરૂરિયાતોને ઘટાડવાનો છે.
- આ યોજનાઓ ક્ષેત્રના પૂર્વોત્તર આઠ રાજ્યોને તેમની અનુભૂતિની જરૂરિયાતોના આધારે, કનેક્ટિવિટી અને સામાજિક ક્ષેત્રની ખાધને ઘટાડવા માટે માળખાકીય સુવિધાઓ વિકસાવવા અને પ્રદેશમાં આજીવિકા અને રોજગારીની તકો વધારવા માટેના પ્રોજેક્ટ્સ હાથ ધરીને ગેપ–ફિલિંગ સપોર્ટ પ્રદાન કરે છે.
- આ યોજનાઓ દ્વારા આત્મનિર્ભર ભારત અભિયાનના પાંચ સ્તંભો જેમકે અર્થતંત્ર, માળખાકીય સુવિધા, સિસ્ટમ, વાઈબ્રન્ટ ડેમોગ્રાફી અને માંગને પણ પ્રોત્સાહન મળશે.
- આ યોજનાઓ હેઠળ છેલ્લા ચાર વર્ષમાં વાસ્તવિક ખર્ચ 7,534.46 કરોડ રૂપિયા હતો, જ્યારે આગામી ચાર વર્ષમાં 2025–26 સુધી ખર્ચ માટે ઉપલબ્ધ ભંડોળ 19,482.2 કરોડ રૂપિયા છે.




❖ **વિશેષ**

- કનેક્ટિવિટી સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરીને પૂર્વોત્તર ક્ષેત્રમાં માળખાગત સુવિધાઓને સુધારવાના પ્રયાસો કરવામાં આવ્યા છે, રેલ્વે કનેક્ટિવિટી સુધારવા માટે વર્ષ 2014 થી 51,019 કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે અને 77,930 કરોડ રૂપિયાના કુલ 19 નવા પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે.
- રોડ કનેક્ટિવિટી સુધારવા માટે 1.05 લાખ કરોડ રૂપિયાના 375 પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે અને આગામી 3 વર્ષમાં સરકાર 209 પ્રોજેક્ટ્સ હેઠળ 9,476 કિલોમીટરના રસ્તાઓનું નિર્માણ 1,06,004 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.
- ઉત્તરપૂર્વીય ક્ષેત્રમાં પણ એર કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો થયો છે આ પ્રદેશમાં છેલ્લા આઠ વર્ષોમાંએરપોર્ટની સંખ્યા 9 થી વધીને 17 થઈ છે અને હવાઈ ટ્રાફિકની હિલચાલ 200% થી વધુ વધી છે.

## પ્રધાનમંત્રી રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ મેળાનું આયોજન

- તાજેતરમાં કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય એપ્રેન્ટિસશિપ મેળો (PMNAM) 9મી જાન્યુઆરી, 2023ના રોજ યોજવામાં આવશે.




- આ કાર્યક્રમ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 242 જિલ્લાઓમાં યોજાશે અને તે તમામ વ્યક્તિઓ માટે ખુલ્લું છે જેઓ સ્થાનિક વ્યવસાયો સાથે એપ્રેન્ટિસશીપ તાલીમ મેળવવામાં રસ ધરાવે છે.
- આ કાર્યક્રમ માટે નોંધણી સત્તાવાર વેબસાઈટ apprenticeshipindia.gov.in પરથી કરી શકાય છે, અને આ કાર્યક્રમ મુજબ રસ ધરાવતા ઉમેદવારોને આ ઈવેન્ટમાં સ્થળ સુરક્ષિત કરવા માટે શક્ય તેટલી વહેલી તકે નોંધણી કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે.
- આ કાર્યક્રમ હેઠળ એપ્રેન્ટિસશીપ તાલીમ દ્વારા સ્થાનિક યુવાનોને તેમની કારકિર્દી ઘડવાની વિશેષ તક આપે છે.
- આ કાર્યક્રમ અંતર્ગત સહભાગી વ્યવસાયોને એક જ પ્લેટફોર્મ પર સંભવિત એપ્રેન્ટિસને મળવાની અને સ્થળ પર જ અરજદારોને પસંદ કરવાની તક મળશે, જેથી એપ્રેન્ટિસોને તેમની આજીવિકા મજબૂત કરવાની અને નવી કુશળતા શીખવાની તક મળશે.
- આ પહેલ અને પ્લેટફોર્મ દ્વારા સરકાર 2 વર્ષે 1 મિલિયન યુવાનોને તાલીમ આપવાનું લક્ષ્ય ધરાવે છે.
- આ કાર્યક્રમ અંતર્ગત જોબ પર આપવામાં આવતી મૂલ્યવાન તાલીમ ઉપરાંત, ઉમેદવારોને તાલીમ સત્રની સમાપ્તિ પર નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ (NCVET) માટે માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્રો પણ આપવામાં આવશે, જેથી તેમની રોજગાર ક્ષમતામાં સુધારો કરવામાં અને લાંબા ગાળાની રોજગાર શોધવાની તેમની તકો વધારવામાં મદદ મળશે.
- આ કાર્યક્રમમાં પાત્ર બનવા માટે ઉમેદવારોએ સફળતાપૂર્વક ધોરણ 5 થી ધોરણ 12 પાસ કરેલ હોવું જોઈએ અને તેમની પાસે કૌશલ્ય તાલીમ પ્રમાણપત્રો, અથવા ITI ડિપ્લોમા ધારક અથવા સ્નાતક હોવા જોઈએ.
- આ કાર્યક્રમમાં તેમની શૈક્ષણિક લાયકાત ઉપરાંત, ઉમેદવારોએ ઘણા દસ્તાવેજો પણ લાવવાના રહેશે, જેમાં તેમના બાયોડેટાની ત્રણ નકલો, તમામ માર્કશીટ અને પ્રમાણપત્રોની ત્રણ નકલો, ફોટો ID (જેમ કે આધાર કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ અથવા PAN કાર્ડ), અને પાસપોર્ટ સાઈઝના ત્રણ ફોટા વગેરેનો સમાવેશ થશે.

## Aamantran Invitation Management Portal લોન્ચ કરવામાં આવ્યું

- તાજેતરમાં 06 જાન્યુઆરી, 2023ના રોજ નવી દિલ્હીમાં ઉત્તરાખંડ રાજ્યના રક્ષા મંત્રી અજય ભટ્ટ દ્વારા ભારત સરકારની ઈ–ગવર્નન્સ પહેલના ભાગરૂપે, ઈન્વિટેશન મેનેજમેન્ટ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ પોર્ટલ મહાનુભાવો અને મહેમાનોને ઈ–આમંત્રણના વિસ્તરણ તેમજ આગામી પ્રજાસત્તાક અને સ્વતંત્રતા દિવસના કાર્યક્રમો માટે સામાન્ય જનતાને ટિકિટના ઓનલાઈન વેચાણની મંજૂરી આપશે.
- આ પોર્ટલનો ઉદ્દેશ આમંત્રણ અને ટિકિટિંગ પ્રક્રિયાને વધુ મૈત્રીપૂર્ણ વપરાશકર્તા અને પર્યાવરણને અનુકૂળ બનાવવાનો છે.
- આ પોર્ટલનો એક મોટો ફાયદો એ છે કે તે મહાનુભાવો અને સામાન્ય જનતા બંનેને સુવિધા પ્રદાન કરે છે.
- આ પોર્ટલ હેઠળ મહાનુભાવો અને તેમના મહેમાનો વર્તમાનમાં સરળતાથી ઓનલાઈન ઈવેન્ટ્સ માટે પાસ મેળવી શકે છે, જ્યારે સામાન્ય લોકો પણ ગમે ત્યાંથી ટિકિટ ખરીદી શકે છે.
- આ પોર્ટલનો ઉપયોગ પ્રિન્ટેડ પાસ અને ટિકિટની જરૂરિયાતને દૂર કરીને સરકાર પ્રિન્ટિંગ ખર્ચમાં બચત કરશે, જેથી પર્યાવરણને પણ ઓછું અસર થશે.
- આ પોર્ટલ પ્રજાસત્તાક દિવસની ઉજવણીની સુરક્ષામાં વધારો કરશે.
- આ પોર્ટલનું લોન્ચિંગ એ ભારત સરકારની ઈ–ગવર્નન્સ પહેલમાં એક મહત્વપૂર્ણ પગલું છે, જે ઈ–આમંત્રણ જાહેર કરવા અને આગામી રાષ્ટ્રીય કાર્યક્રમો માટે ટિકિટના વેચાણ માટે અનુકૂળ અને સુરક્ષિત પ્લેટફોર્મ પૂરું પડશે.

**❖ આ પોર્ટલની મુખ્ય વિશેષતાઓ**

- ઉન્નત સુરક્ષા માટે QR કોડ–આધારિત પ્રમાણીકરણ
- ઈમેલ અથવા SMS દ્વારા પાસ૦ટિકિટની ડિજિટલ ડિલિવરી
- બિન–રદ કરી શકાય તેવી અને ટ્રાન્સફર ન કરી શકાય તેવી ટિકિટો
- આમંત્રિતો પાસેથી સ્વીકૃતિ મેળવવા માટે પાસ માટે RSVP વિકલ્પ

- ભાવિ ઈવેન્ટ્સના બહેતર સંચાલન માટે ઈવેન્ટ બાદ ડેટા એનાલિટિક્સ.

## તેલંગાણામાં ભદ્રાચલમ જૂથના મંદિરોમાં ‘તીર્થસ્થાન સુવિધાઓનો વિકાસ’ પ્રોજેક્ટ

- તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા તેલંગાણામાં ભદ્રચલમ જૂથના મંદિરોમાં ‘તીર્થસ્થાન સુવિધાઓનો વિકાસ’ પ્રોજેક્ટનો શિલાયન્સ કરવામાં આવ્યો છે.




- રૂદ્રેશ્વર (રામપ્પા મંદિર) ખાતે ‘તીર્થસ્થાન અને હેરિટેજ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ’ નામના અન્ય પ્રોજેક્ટનો પણ પાછળથી સમાવેશ કરવામાં આવ્યો હતો.
- આ બંને પ્રોજેક્ટને પ્રવાસન મંત્રાલય, ભારત સરકારની પ્રસાદ યોજના હેઠળ મંજૂરી આપવામાં આવી છે.

**ભદ્રાચલમ મંદિરોના જૂથ વિશે**

- ભદ્રાચલમ ખાતેનું મંદિર 350 વર્ષથી જૂનું હોવાનું કહેવાય છે અને તે મહાકાવ્ય રામાયણ સાથે સંબંધિત છે.
- ભગવાન રામે સિતામાતા અને ભાઈ લક્ષ્મણ સાથે તેમના 14 વર્ષના વનવાસનો કેટલોક ભાગ ભદ્રચલમ મંદિર નજીક દંડકારણ્ય જંગલના એક ભાગ પરનાસલ નામના ગામમાં વિતાવ્યો હતો.

**રુદ્રેશ્વર મંદિર વિશે**

- રુદ્રેશ્વર મંદિર તેલંગાણા રાજ્યના મુલુગુ જિલ્લાના પાલમપેટ ખાતે સ્થિત છે.
- રુદ્રેશ્વર મંદિરનું નિર્માણ ઈ.સ. 1213માં કાકતીય સામ્રાજ્યના શાસનકાળમાં કાકતીય રાજા ગણપતિ દેવના એક સેનાપતિ રેચારલા રુદ્રએ કરાવ્યું હતું. આ મંદિરમાં ભગવાન રામલિંગેશ્વરની પૂજા કરવામાં આવે છે.
- આ મંદિરને ‘રામપ્પા મંદિર’ તરીકે પણ ઓળખવામાં આવે છે. જેનું નામ શિલ્પકારના નામ પરથી રાખવામાં આવ્યું છે જેમણે 40 વર્ષ સુધી આ મંદિરમાં કામ કર્યું હતું.
- આ મંદિર છ ફૂટ ઊંચું તારા જેવા પ્લેટફોર્મ પર ઉભુ છે, જેમાં દિવાલો, થાંભલાઓ અને છત પર જટિલ કોતરણી કરવામાં આવી છે. જે કાકતિય શિલ્પકારોની અનન્ય કુશળતાને પૃષ્ટિ આપે છે.
- તેના પાયા ‘સેન્ડબોક્સ ટેકનોલોજી’ દ્વારા બનાવવામાં આવ્યા છે, જેમાં ફ્લોર ગ્રેનાઈટ પથ્થરો અને બેસાલ્ટ ખડકોથી બનેલા થાંભલાઓ સાથે છે.
- મંદિરનો નીચલો ભાગ લાલ રેતીના પથ્થરથી બનેલો છે. જ્યારે ‘સફેદ ગોપુરમ’ પ્રકાશ ઈટોથી બનેલો છે.
- વર્ષ 2021માં યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં રુદ્રેશ્વર મંદિરનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**વિશેષ**

- પર્યટન મંત્રાલય દ્વારા વર્ષ 2014-15માં ઓળખાયેલા તીર્થસ્થળોના સર્વગ્રાહી વિકાસના ઉદ્દેશ્ય સાથે National Mission on Pilgrimage Rejuvenation and Spiritual Augmentation Drive (Prasad) યોજના કરી હતી.
- ત્યારબાદ વર્ષ 2017માં નામ બદલીને ‘National Mission on Pilgrimage Rejuvenation and Spiritual Heritage Augmetation Drive (PRASHAD) રાખવામાં આવ્યું હતું.

## પ્રોજેક્ટ વાણી (Project Vaani)

- તાજેતરમાં ભારતીય વિજ્ઞાન સંસ્થા (IISc), ARTPARK (AI અને રોબોટિક્સ ટેક્નોલોજી પાર્ક) અને ગૂગલ દ્વારા AI – આધારિત ભાષા મોડેલ બનાવવા માટે સમગ્ર ભારતમાંથી ભાષણ ડેટા એકત્રિત કરવા માટે ‘પ્રોજેક્ટ વાણી’ સંયુકત રીતે અમલમાં મુકવામાં આવશે. જે ભારતીય ભાષાઓને સમજી શકશે.





- પ્રોજેક્ટ વાણી હેઠળ 3 વર્ષમાં 773 જિલ્લાઓમાંથી લગભગ 1 મિલિયન લોકોના ભાષણ સેટ એકત્રિત કરીને સમગ્ર ભારતમાં ઉપયોગમાં લેવાતી વિવિધ ભાષાઓને મેપ કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ 30 થી 40 મિલિયન ડોલર છે. તે બેંગ્લુરુ સ્થિત IISc અને આર્ટપાર્કના ભાષા AI પ્રોજેક્ટનો એક ભાગ છે. જેમાં RESPIN (ભારતીય ભાષાઓમાં ભાષણને ઓળખવા) અને SYSPIN (ભારતીય ભાષાઓમાં સંશ્લેષણ વાણી) નો સમાવેશ થાય છે.
- આ પ્રોજેક્ટમાં IISc અને Google લગભગ 1.5 લાખ કલાકની સ્પીચ રેકોર્ડ કરશે, જેનો એક ભાગ સ્થાનિક સ્ક્રિપ્ટમાં ટ્રાંસ્ક્રાઈબ કરવામાં આવશે.

➲ આ પ્રોજેક્ટ જિલ્લા – નિશ્ચિત અભિગમનો ઉપયોગ કરે છે, જેમાં દરેક જિલ્લામાંથી 1000 થી વધુ લોકોને રેન્ડમલી પસંદ કરીને સ્થાનિક ભાષણ રેકોર્ડ કરવાનો સમાવેશ થાય છે.

# 7 રિપોર્ટ અને ઈન્ડેક્સ

## The Wheebox India Skills Report 2023 જાહેર

➲ તાજેતરમાં વ્હીબોક્સ ઈન્ડિયા સ્કીલ્સ રિપોર્ટ 2023 બહાર પાડવામાં આવ્યો છે, જેમાં છેલ્લા એક વર્ષમાં ભારતીયોની રોજગાર ક્ષમતામાં વધારો જોવા મળ્યો છે.




➲ આ રીપોર્ટ મુજબ છેલ્લા એક વર્ષમાં ભારતીયોની રોજગાર ક્ષમતામાં વધારો થયો છે. અને આ મૂલ્યાંકન અનુસાર 50.3 ટકા ઉમેદવારો રોજગારી માટે યોગ્ય છે જે ગયા વર્ષમાં 46.2 ટકા હતું.

➲ આ રીપોર્ટ અનુસાર બી કોમ, એમબીએ અને બી ફાર્મ ગ્રેજ્યુએટ સૌથી વધુ રોજગારી ધરાવે છે, અને પોલિટેકનિક અને એમસીએના ક્ષેત્રોમાં સ્નાતકો સૌથી ઓછા રોજગાર ધરાવે છે.

➲ આ રીપોર્ટ મુજબ 52.8 ટકા મહિલા વર્કફોર્સ રોજગાર માટે યોગ્ય છે, આ 47.2 ટકા રોજગારી પુરૂષો કરતા વધારે છે. છેલ્લા એક દાયકામાં મહિલાઓની રોજગાર ક્ષમતામાં સતત વધારો એ દેશના વિકસતા શ્રમ બજારમાં દૂરગામી ફેરફારોનો સકારાત્મક સંકેત છે.

➲ આ રીપોર્ટ અનુસાર ભારતીય વર્કફોર્સમાં મહિલાઓનો વર્તમાન હિસ્સો 33 ટકા છે. આ 67 ટકા પુરૂષો કરતાં ઓછું છે, જયારે દક્ષિણ અમેરિકા, એશિયા અને આફ્રિકામાં સ્થિત દેશોમાં કુલ કર્મચારીઓમાં મહિલાઓનો હિસ્સો 36 ટકા છે.

➲ આ રીપોર્ટ મુજબ રાજસ્થાનમાં નોકરીપાત્ર મહિલાઓની સૌથી વધુ ટકાવારી 53.5 ટકા છે, ત્યારબાદ ઉત્તર પ્રદેશ 46.5 ટકા છે.

➲ આ રીપોર્ટ અનુસાર વર્તમાનમાં ભારતમાં જે ક્ષેત્રોમાં કુશળ શ્રમની ઊંચી માંગ છે તેમાં BFSI, ફાર્માસ્યુટિકલ, ઈ–કોમર્સ અને IT ક્ષેત્રો છે અને વર્ષ 2022ની સરખામણીએ આ ઉદ્યોગોમાં ફ્રેશર્સની ભરતીમાં વર્ષ 2023માં 20 ટકાનો વધારો થવાની ધારણા છે.

➲ આ રીપોર્ટ મુજબ ઓટોમોટિવ, એન્જિનિયરિંગ અને ઈન્ટરનેટ બિઝનેસ જેવા ક્ષેત્રોમાં સૌથી વધુ ભરતી થવાની અપેક્ષા છે.

➲ આ રીપોર્ટ અનુસાર ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને દિલ્હીમાં 2023માં સૌથી વધુ રોજગારી યોગ્ય પ્રતિભા હોવાની અપેક્ષા છે.

➲ આ રીપોર્ટમાં ખાનગી અને જાહેર બંને ક્ષેત્રોમાં કર્મચારીઓની ભાગીદારી વધારવા માટે નીતિ–સ્તરના ફેરફારોની ભલામણ કરવામાં આવી છે.

❖ **Wheebox India Skills Report 2023 વિશે**

- વ્હીબોક્સ ઈન્ડિયા સ્કીલ્સ રિપોર્ટ 2023 વેપારી સંસ્થાઓ, કંપનીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને અન્યો દ્વારા સંકલિત કરવામાં આવ્યો છે, જેમાં CII, AICTE, AIU, Sunstone, Pearson, AWS, Economic Times અને Taggd નો સમાવેશ થાય છે.
- આ રીપોર્ટ સમગ્ર ભારતમાં વ્હીબોક્સ નેશનલ એમ્પ્લોયબિલિટી ટેસ્ટ (WNET) આપનારા 3.75 લાખ ઉમેદવારો અથવા ફ્રેશર્સના મૂલ્યાંકન અને 15 વિવિધ ઉદ્યોગોમાંથી 150 કોર્પોરેશનો દ્વારા ભારત હાયરિંગ ઈન્ટેન્ટ સર્વેની પ્રારંભિક કારકિર્દી આવૃત્તિમાં સહભાગિતાના પરિણામે આવ્યો છે.

## સામાજિક પ્રગતિ સૂચકાંક 2022 જાહેર

➲ તાજેતરમાં Institute for Competitiveness and Social Progress Imperative દ્વારા Social Progress Index(SPI) 2022 બહાર પાડવામાં આવ્યો છે.




➲ આ ઈન્ડેક્સ મુજબ રાજ્યો અને જિલ્લાઓ માટે સામાજિક પ્રગતિના 6 સ્તરો હેઠળના SPI સ્કોરના આધારે રાજ્યો અને જિલ્લાઓને રેન્ક આપવામાં આવે છે.

❖ **સામાજિક પ્રગતિના 6 સ્તરો નીચે મુજબ છે.**

- ટીયર 1 ખૂબ જ ઉચ્ચ સામાજિક પ્રગતિ
- ટીયર 2 ઉચ્ચ સામાજિક પ્રગતિ
- ટીયર 3: ઉચ્ચ મધ્યમ સામાજિક પ્રગતિ
- ટીયર 4: નિમ્ન મધ્યમ સામાજિક પ્રગતિ
- ટીયર 5: ઓછી સામાજિક પ્રગતિ
- ટીયર 6: ખૂબ જ ઓછી સામાજિક પ્રગતિ

❖ **ટીયર 1**

- આ ઈન્ડેક્સ મુજબ વ્યક્તિગત સ્વતંત્રતા અને પસંદગી, આશ્રય, અને પાણી અને સ્વચ્છતાની કેટેગરીમાં પુડુચેરી (65.99) એ સૌથી વધુ સ્કોર મેળવ્યો, ત્યારબાદ લક્ષદ્વીપ અને ગોવાએ અનુક્રમે 65.89 અને 65.53નો બીજો અને ત્રીજો સૌથી વધુ સ્કોર મેળવ્યા છે અને આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ટાયર 1 હેઠળ વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

❖ **ટીયર 6**

- આ ઈન્ડેક્સ અનુસાર વ્યક્તિગત સ્વતંત્રતા અને પસંદગી, આશ્રય, અને પાણી અને સ્વચ્છતાની કેટેગરીમાં આસામ, ઝારખંડ અને બિહારે ભારતમાં સૌથી ઓછો સ્કોર કર્યો, જેથી તેઓને ટીયર 6 માં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

❖ **માનવ જરૂરિયાતોનું પરિમાણઃ**

- આ ઈન્ડેક્સ મુજબ જળ અને સ્વચ્છતા અને આશ્રય ઘટકોમાં ટોચના પ્રદર્શન કરનારા રાજ્યો ગોવા, પુડુચેરી, લક્ષદ્વીપ અને ચંદીગઢ છે, જ્યારે ગોવાએ પાણી અને સ્વચ્છતા ઘટકમાં સૌથી વધુ સ્કોર મેળવ્યો, ત્યારબાદ કેરળનો નંબર આવે છે. અને ચંદીગઢ અને નાગાલેન્ડ આશ્રય અને વ્યક્તિગત સુરક્ષા ઘટકો માટે ટોચના પ્રદર્શનકર્તા છે.

❖ **સુખાકારીના માપદંડોનો પાયોઃ**

- ઈન્ડેક્સ અનુસાર સુખાકારીના પરિમાણનો પાયાની કેટેગરીમાં ટોચના પ્રદર્શન કરનારાઓમાં મિઝોરમ, હિમાચલ પ્રદેશ, લદાખ અને ગોવા છે.
- આ ઈન્ડેક્સ મુજબ પંજાબ (62.92) એ એક્સેસ ટુ બેઝિક નોલેજ ઘટકમાં સૌથી વધુ સ્કોર મેળવ્યો અને દિલ્હી (71.30) એ એક્સેસ ટુ આઈસીટી ઘટકમાં સૌથી વધુ સ્કોર મેળવ્યો છે.
- આ ઈન્ડેક્સ અનુસાર રાજસ્થાને આરોગ્ય અને સુખાકારી ઘટકમાં સૌથી વધુ સ્કોર મેળવ્યો છે અને પર્યાવરણીય ગુણવત્તા ઘટકમાં સૌથી વધુ સ્કોર ધરાવતા ટોચના ત્રણ રાજ્યો મિઝોરમ, નાગાલેન્ડ અને મેઘાલય છે.

❖ **તકના માપદંડો**

- આ ઈન્ડેક્સ મુજબ તમિલનાડુ (72) એ તકના પરિમાણમાં સૌથી વધુ સ્કોર મેળવ્યો છે.
- આ ઈન્ડેક્સ અનુસાર સિક્કિમ સર્વસમાવેશકતામાં ટોચનું પ્રદર્શન કરનાર છે.
- આ ઈન્ડેક્સ મુજબ આંદામાન અને નિકોબાર ટાપુઓએ વ્યક્તિગત અધિકારોના ઘટક માટે સૌથી વધુ સ્કોર મેળવ્યો છે.
- આ ઈન્ડેક્સ અનુસાર વ્યક્તિગત સ્વતંત્રતા અને પસંદગી અને અદ્યતન શિક્ષણની ઍક્સેસની કેટેગરીમાં પુડુચેરીએ સૌથી વધુ સ્કોર મેળવ્યો છે.

## Coal 2022: Analysis and Forecast to 2025 રીપોર્ટ જાહેર

- તાજેતરમાં International Energy Agency (IEA) દ્વારા Coal 2022: Analysis and Forecast to 2025 રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે.
- International Energy Agency (IEA)ની સ્થાપના નવેમ્બર 1974માં થયી હતી, જેનું વડુંમથક પેરીસ(ફ્રાન્સ)માં છે જેનો ઉદ્દેશ ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને ઘટાડવાનો છે.
- આ રીપોર્ટ મુજબ ભારત અને ચીન કોલસાના સૌથી મોટા ઉત્પાદકો, ગ્રાહકો અને આયાતકારો છે અને વિશ્વના બે જ દેશો ભારત અને ચીનની કોલસાની ખાણની અસ્કયામતોમાં રોકાણમાં ઉછાળો જોવા મળે છે.
- આ રીપોર્ટ અનુસાર ભારતમાં કોલસાનું સ્થાનિક ઉત્પાદન વર્ષ 2025 સુધીમાં એક અબજ ટનને વટાવી જવાની ધારણા છે, જેનો વપરાશ દેશમાં વર્ષ 2007થી 6 ટકાના વાર્ષિક વૃદ્ધિ દરે બમણો થયો છે જેથી વૈશ્વિક કોલસાની માંગને આગળ વધારશે તેવી અપેક્ષા છે.
- આ રીપોર્ટ મુજબ ભારત અને ચીન જેવા દેશોમાં, જ્યાં કોલસો વીજળી પ્રણાલી માટે બળતણનો મુખ્ય સ્ત્રોત છે, યુક્રેનના યુદ્ધને કારણે વૈશ્વિક ઉર્જા કટોકટીની અસર ઓછી થઈ હતી કારણ કે ગેસનો હિસ્સો વીજ ઉત્પાદનનો માત્ર એક ભાગ છે.
- આ રીપોર્ટ અનુસાર રશિયન ગેસ પર નિર્ભરતાને કારણે યુક્રેન પર રશિયાણા આક્રમણથી યુરોપ સૌથી વધુ અસરગ્રસ્ત છે જેના કારણે ગેસના ભાવમાં વધારો થયો છે.
- આ રીપોર્ટ મુજબ યુનાઈટેડ સ્ટેટ્સ પણ કોલસાના ઉપયોગની નીચેની ગતિ જાળવી રાખે તેવી અપેક્ષા છે.
- આ રીપોર્ટ અનુસાર લોખંડ અને કોલસા ક્ષેત્રોમાં કોલસાને બદલવા માટે ઓછા ઉત્સર્જનવાળા વિકલ્પોની ગેરહાજરીને કારણે વૈશ્વિક કોલસાની માંગ વર્ષ 2025 સુધી સ્થિર રહેવાની ધારણા છે.



❖ **વિશેષ**

- વર્ષ 2011 થી IEA નો કોલ માર્કેટ રિપોર્ટ દર ડિસેમ્બરમાં પ્રકાશિત કરવામાં આવે છે, જે કોલસાની માંગ, પુરવઠા અને વેપારની આગાહી માટે તે વૈશ્વિક બેન્ચમાર્ક છે.
- આ રીપોર્ટ ઊર્જા સંકટ અને ભૌગોલિક રાજકીય તણાવ અંગે વધતી જતી ચિંતાઓ વચ્ચે કોલસાની માંગ, પુરવઠો, વેપાર, ખર્ચ અને કિંમતોમાં વર્તમાન પ્રવાહોનું વ્યાપક વિશ્લેષણ પ્રદાન કરે છે.
- કોલસો વર્તમાનમાં આબોહવા અને ઉર્જા–સંબંધિત ચર્ચાઓમાં કેન્દ્રિય છે કારણ કે તે વીજળી ઉત્પાદન અને લોખંડ, સ્ટીલ અને સિમેન્ટના ઉત્પાદન માટે વિશ્વનો સૌથી મોટો ઉર્જા સ્ત્રોત છે.
- કોલસો GREEN HOUSE GAS ઉત્સર્જનનો એકમાત્ર સૌથી મોટો સ્ત્રોત પણ છે.

## વાયુ પ્રદૂષણ પર વિશ્વ બેન્કનો રિપોર્ટ જાહેર




- તાજેતરમાં World Bank દ્વારા 'Strixin for Clean Air : Air Pollution and Public Health in South Asia અહેવાલ બહાર પાડવામાં આવ્યો છે.
- આ રિપોર્ટમાં નિર્દેશ કરવામાં આવ્યો છે કે વર્તમાનમાં અમલમાં મૂકવામાં આવેલી નીતિઓ (મોટાભાગે વર્ષ 2018થી) ચાલુ રાખવાથી પરિણામો મળશે પરંતુ ઈચ્છિત સ્તર સુધી નહીં મળશે.

❖ **રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ**

- આ રિપોર્ટ અનુસાર દક્ષિણ એશિયામાં 6 મુખ્ય એરશેડ અસ્તિત્વમાં છે, જે નીચે મુજબ છે :
  (1) પશ્ચિમ / મધ્ય ભારત (ઈન્ડો) – ગંગા મેદાન (IGP) : જેમાં પંજાબ (પાકિસ્તાન), પંજાબ (ભારત), હરિયાણા, રાજસ્થાનનો ભાગ, ચંદીગઢ , દિલ્હી અને ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે.
  (2) મધ્ય/પૂર્વ IGP : બિહાર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બાંગ્લાદેશ
  (3) મધ્ય ભારત : ઓડિશા / છત્તીસગઢ
  (4) મધ્ય ભારત : પૂર્વીય ગુજરાત / પશ્ચિમ મહારાષ્ટ્ર
  (5) ઉત્તરી / મધ્ય સિંધુ નદીના મેદાન : પાકિસ્તાન, અફઘાનિસ્તાનનો ભાગ
  (6) દક્ષિણ સિંધુ મેદાન અને આગળ પશ્ચિમ : દક્ષિણ પાકિસ્તાન, પશ્ચિમ અફઘાનિસ્તાન, પૂર્વ ઈરાન સુધી વિસ્તરે છે.
- આ રિપોર્ટ મુજબ જ્યારે પવનની દિશા મુખ્યત્વે ઉત્તર–પશ્ચિમથી દક્ષિણ–પૂર્વ તરફ હોય ત્યારે ભારતીય પંજાબમાં 30% વાયુ પ્રદૂષણ પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાંથી આવે છે અને બાંગ્લાદેશના સૌથી મોટા શહેરો (ઢાકા, ચિત્તાગોંગ અને ખુલના) સરેરાશ 30% ભારતમાંથી ઉદ્‌ભવે છે.
- આ રિપોર્ટ મુજબ મોટા ઉદ્યોગો, પાવર પ્લાન્ટ્સ અને વાહનો વાયુ પ્રદૂષણના મુખ્ય સ્ત્રોત છે, પરંતુ દક્ષિણ એશિયામાં આવા અન્ય ઘણા સ્ત્રોતો પણ પ્રદૂષણમાં નોંધપાત્ર ફાળો આપે છે. જેમાં રસોઈ અને ગરમ કરવા માટે ઘન ઈંધણનું દહન, ઈંટના ભઠ્ઠા જેવા નાના ઉદ્યોગોમાંથી ઉત્સર્જન, મ્યુનિસિપલ અને કૃષિ કચરાને બાળી નાખવા અને અગ્નિ સંસ્કારનો સમાવેશ થાય છે.

### World Bank વિશે....

**સ્થાપના** : ડિસેમ્બર 1945
**વડુમથક** : વોશિંગ્ટન ડી.સી. (અમેરિકા)
**અધ્યક્ષ** : ડેવિડ માલપાસ
**સભ્ય દેશો** : 189

- વિશ્વ બેંક એક આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થા છે જે ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોની સરકારોને મૂડી પ્રોજેક્ટને અનુસરવાના હેતુથી લોન અને અનુદાન પ્રદાન કરે છે.
- વર્લ્ડ બેંકનું જૂનું નામ International Bank for Reconstruction and Development (IBRD) હતું.

## વૈશ્વિક જળ સંસાધન અહેવાલ 2021 જાહેર




- તાજેતરમાં WMO (વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન) દ્વારા તેનો પ્રથમ વાર્ષિક 'State of Global Water Resources Report 2021' બહાર પાડવામાં આવ્યો છે.
- આ વાર્ષિક રિપોર્ટનો ઉદ્દેશ્ય વધતી માંગ અને મર્યાદિત પુરવઠાના યુગમાં વૈશ્વિક તાજા પાણીના સંસાધનોની દેખરેખ અને સંચાલનને સમર્થન આપવાનો છે.
- **આ રિપોર્ટ 3 મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે :**
  (1) સ્ટ્રીમ ફ્લો (ધારા પ્રવાહ) : કોઈપણ સમયે નદીની ચેનલમાંથી વહેતા પાણીનો જથ્થો
  (2) સ્થળીય જળ સંગ્રહ (Terrestrial Water Storage – TWS) : જમીનની સપાટી પર અને પેટા સપાટી પરના તમામ પાણીનો જથ્થો.

(3) હિમમંડળ / ગ્લેશિયર (સ્થિરપાણી)

❖ **રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ**

- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2001 અને 2018 ની વચ્ચે UN-Water રિપોર્ટ મુજબ તમામ કુદરતી આફતોમાંથી 74% પાણી સંબંધિત છે.
- આ રિપોર્ટ મુજબ વર્તમાન યુનાઈટેડ નેશન્સ કલાઈમેટ ચેન્જ કોન્ફરન્સ, ઈજિપ્તમાં COP27 એ સરકારોને અનુકૂલનના પ્રયત્નોમાં પાણીને એકીકૃત કરવા વિનંતી કરી છે અને COPમાં પાણીના મહત્વનો પ્રથમ વખત પરિણામ દસ્તાવેજોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- આ રિપોર્ટ અનુસાર 3.6 અબજ લોકો દર વર્ષે ઓછામાં ઓછા એક મહિને પાણીની અપૂરતી એક્સેસ ધરાવે છે અને વર્ષ 2050 સુધીમાં આ વધીને પાંચ અબજથી વધુ થવાની ધારણા છે.
- આ રિપોર્ટ મુજબ વર્ષ 2021માં વિશ્વના મોટા વિસ્તારોમાં સામાન્ય કરતા વધુ સૂકી સ્થિતિ નોંધાવવામાં આવી છે, જે વરસાદની પેટર્ન આબોહવા પરિવર્તન અને લા–નીના ઘટનાની પ્રભાવિત હતી.
- આ રિપોર્ટ અનુસાર 30 વર્ષની હાઈડ્રોલોજિકલ સરેરાશની સરખામણીમાં નીચે–સરેરાશ પ્રવાહ સાથેનો વિસ્તાર ઉપરના સરેરાશ વિસ્તાર કરતા લગભગ બે ગણો મોટો છે.
- આ રિપોર્ટ મુજબ જે વિસ્તારો અસામાન્ય રીતે શુષ્ક છે તેમાં દક્ષિણ અમેરિકાના રિયો ડે લા પ્લાટા વિસ્તારનો સમાવેશ થાય છે, જ્યાં વર્ષ 2019થી સતત દુષ્કાળની અસર પડી રહી છે.
- આ રિપોર્ટ મુજબ આફ્રિકામાં નાઈજર, વોલ્ટા, નાઈલ અને કોંગો જેવી મોટી નદીઓમાં વર્ષ 2021માં પાણીનો પ્રવાહ સરેરાશ કરતા ઓછો હતો. જે રશિયા, પશ્ચિમ સાઈબિરિયા અને મધ્ય એશિયાના ભાગોમાં નદીઓમાં સમાન વલણ જોવા મળ્યું છે.
- આ રિપોર્ટ અનુસાર ઉત્તર અમેરિકાના કેટલાક બેસિન, ઉત્તરીય એમેઝોન અને દક્ષિણ આફ્રિકા તેમજ ચીનની અમૂર નદીનો તટપ્રદેશ અને ઉત્તર ભારતમાં નદીના પાણીનું સ્તર સામાન્ય કરતા વધુ છે.

❖ **ભારતીય દ્રશ્ય**

- આ રિપોર્ટ મુજબ ગ્લોબલ વોર્મિંગની અસરો પૂર્વ પાકિસ્તાન, ઉત્તર ભારત, દક્ષિણ નેપાળ અને બાંગ્લાદેશમાં ફેલાયેલા ઈન્ડો–ગંગાના મેદાનો (IGP)માં જોઈ શકાય છે.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2021માં કુલ જળસંગ્રહમાં ઘટાડો થયો હોવા છત્તા ગંગા–બ્રહ્મપુત્રા અને સિંધુ બેસિનોએ ગ્લેશિયર્સ ઓગળવાને કારણે તેમની નદીઓના વધુ પાણીનો પ્રવાહ નોંધાયો છે.

## Road Accidents in India 2021 જાહેર

- તાજેતરમાં કેન્દ્રીય માર્ગ, પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા તેનો વાર્ષિક રીપોર્ટ Road accidents in India 2021 બહાર પાડવામાં આવ્યો છે.





- આ રીપોર્ટ મુજબ સમગ્ર દેશમાં વાહન ચાલક દ્વારા નિયંત્રણ ગુમાવવાને કારણે કુલ 19,748 માર્ગ અકસ્માતો નોંધાયા છે.
- આ રીપોર્ટ અનુસાર વધુ ઝડપ અને બેધ્યાનના લીધે 9,150 લોકોના મોત અને 19,077 લોકો ઘાયલ થયા છે.
- આ રીપોર્ટ મુજબ વર્ષ 2021માં માર્ગ અકસ્માતની ઘટનાઓમાં લગભગ 1.54 લાખ લોકોના મોત અને 3.84 લાખથી વધુ લોકો ઘાયલ થયા છે.
- આ રીપોર્ટ અનુસાર ઘટાડો રોગચાળાની આગેવાની હેઠળના લોકડાઉન અને નિયંત્રણના પગલાંને વર્ષ 2020 માં ભારતમાં માર્ગ અકસ્માતો, જાનહાનિ અને ઈજાઓની સંખ્યામાં અભૂતપૂર્વ ઘટાડો જોવા મળ્યો છે.
- આ રીપોર્ટ મુજબ વર્ષ 2019 ની સરખામણીમાં વર્ષ 2021 માં માર્ગ અકસ્માતમાં 8.1 ટકાનો ઘટાડો અને ઈજાઓની સંખ્યામાં 14.8 ટકાનો ઘટાડો થયો છે, જો કે, સમાન સમયગાળાની સરખામણીમાં માર્ગ અકસ્માતોથી થતા મૃત્યુની સંખ્યામાં 1.9 ટકાનો વધારો થયો છે.

❖ **વિશેષ**

- આ રીપોર્ટ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ વિભાગો પાસેથી મળેલી માહિતી અથવા ડેટા પર આધારિત છે.
- આ માહિતી અને ડેટા Asia Pacific Road Accident Data (APRAD) બેઝ પ્રોજેક્ટ હેઠળ United Nations Economic and Social Commission for Asia and the Pacific (UNESCAP) દ્વારા નિર્ધારિત ધોરણો અનુસાર એકત્રિત કરવામાં આવે છે.
- આ રીપોર્ટમાં 10 વિભાગોનો સમાવેશ થાય છે અને માર્ગની લંબાઈ અને વાહનોની વસ્તીના સંદર્ભમાં માર્ગ અકસ્માતો સંબંધિત માહિતીને આવરી લે છે.

## AVGC Promotion Task Force Report જાહેર

➲ તાજેતરમાં સરકારને AVGC ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે 'એનિમેશન, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, ગેમિંગ એન્ડ કોમિક્સ (AVGC) ટાસ્ક ફોર્સની રચના માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ શ્રી અપુર્વ ચંદ્રાની અધ્યક્ષતા કરવામાં આવી હતી.




❖ **મુખ્ય ભલામણો**

- 4 શ્રેણીઓ હેઠળ વ્યાપક રીતે વર્ગીકૃત કરાયેલ ટાસ્ક ફોર્સની ભલામણો નીચે મુજબ છે :

❖ **વૈશ્વિક વપરાશ માટે ઘરેલુ ઉદ્યોગ વિકાસ**

- AVGC સેક્ટર સંકલિત પ્રમોશન અને વૃદ્ધિ માટે બજેટ ખર્ચ સાથે રાષ્ટ્રીય AVGC – XR મિશન બનાવવામાં આવશે.
- ભારત અને વિશ્વ માટે સામગ્રી નિર્માણ પર વિશેષ ધ્યાન સાથે 'ક્રિએટ ઈન ઈન્ડિયા' અભિયાનની શરૂઆત કરવી.
- ભારતને AVGC માટે વૈશ્વિક હબ બનાવવાના ધ્યેય સાથે FDI, સહ – ઉત્પાદન સંધિઓ અને નવીનતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને એક ગેમિંગ એક્સ્પો સાથે આંતરરાષ્ટ્રીય AVGC પ્લેટફોર્મની સ્થાપના કરવી.
- AVGC સેક્ટર માટે કૌશલ્ય, શિક્ષણ, ઉદ્યોગ વિકાસ અને નવીનતામાં આંતરરાષ્ટ્રીય સંદર્ભ બિંદુ બનવા માટે AVGC ક્ષેત્ર માટે નેશનલ સેન્ટર ઓફ એક્સેલેન્સ (COE) ની સ્થાપના કરવી.

❖ **ડેમોગ્રાફિક ડિવિડન્ડની અનુભૂતિ કરવા માટે ટેલેન્ટ ઈકોસિસ્ટમ વિકસાવવી**

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ના લાભો શાળા કક્ષાએ AVGC કોર્સ સામગ્રી સાથે સર્જનાત્મક વિચારસરણી વિકસાવવા અને કારકિર્દી વિકલ્પ તરીકે AVGC વિશે જાગૃતિ લાવવા માટે પાયાના કૌશલ્યનું નિર્માણ કરવું.
- અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક ડિગ્રીઓ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) દ્વારા માન્ય અભ્યાસક્રમ પણ સૂચવામાં આવ્યો છે.
- નોન–મેટ્રો શહેરો અને પૂર્વોત્તર રાજ્યોની વિદ્યાથીઓ માટે રોજગારીની તકો અને શોષણ સુનિશ્ચિત કરવા માટે ઉદ્યોગની ભાગીદારી વધારવી.
- અટલ ટિંકરિંગ લેબ્સની તર્જ પર શૈક્ષણિક સંસ્થાઓમાં AVGC એક્સિલરેટર્સ અને ઈનોવેશન હબની સ્થાપના કરવી.

❖ **ભારતીય AVGC ઉદ્યોગ માટે ટેકનોલોજી અને નાણાકીય સદ્ધરતા વધારવી**

- MSME, સ્ટાર્ટઅપ અને સંસ્થાઓ માટે સબ્સ્ક્રિપ્શન – આધારિત કિંમત નિર્ધારણ મોડલને પ્રોત્સાહન આપીને AVGC તકનીકોનું લોકશાહીકરણ કરવું.
- સંશોધન અને વિકાસ તથા IP નિર્માણ માટે પ્રોત્સાહક યોજનાઓ દ્વારા ભારતમાં AVGC તકનીકોનું ઉત્પાદન કરવું. તથા AVGC હાર્ડવેર ઉત્પાદકોને પ્રોત્સાહિત કરવા માટે PLI યોજનાનું મૂલ્યાંકન કરવું.
- AVGC વિસ્તારમાં વેપાર કરવાની સરળતા એટલે કે કર લાભો, આયાત ડયૂટી, ચાંચિયાગીરી પર અંકુશ વગેરે.'
- સંશોધન અને વિકાસ તથા સ્થાનિક IP નિર્માણની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે AVGC સાહસિકોને ટેકનિકલ, નાણાકીય અને માર્કેટ એક્સેસ સપોર્ટ પૂરો પાડવા માટે સ્ટાર્ટ – અપ ઈન્ડિયાનો લાભ લેવો.

❖ **સર્વસમાવેશક વૃદ્ધિ દ્વારા ભારતના શોફ્ટ પાવર (નરમ શકિત) વધારવો**

- ભારતીય સંસ્કૃતિ અને વારસાને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહિત કરવા માટે સમગ્ર ભારતમાંથી ઘરેલું સામગ્રી માટે સમર્પિત ઉત્પાદન ભંડોળની સ્થાપના કરવી.
- બ્રોડકાસ્ટર્સ દ્વારા ઉચ્ચ ગુણવત્તાની સ્વદેશી સામગ્રી માટે આરક્ષણનું મૂલ્યાંકન કરવું જોઈએ.
- સમાવિષ્ટ ભારત માટે ભારતના ટિયર – 2 અને 3 નગરો અને ગામડાઓમાં યુવાનો માટે કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગની પહોંચને લક્ષ્યાંકિત કરવું.
- AVGC ક્ષેત્રમાં મહિલા સાહસિકો માટે વિશેષ પ્રોત્સાહનો સ્થાપિત કરવા.
- ડિજિટલ વિશ્વમાં બાળ અધિકારોના રક્ષણની ખાતરી કરવા માટે એક માળખુ સ્થાપિત કરવું.

❖ **ભારતમાં AVGC સેકટરની સ્થિતિ**

- ભારતમાં AVGC સેકટરમાં તાજેતરના સમયમાં અસાધારણ વૃદ્ધિ દર જોવા મળ્યો છે, જેમાં ઘણા વૈશ્વિક એજન્ટો સેવાઓની અપતટીય ડિલિવરીનો લાભ લેવા ભારતીય સેકટરમાં પ્રવેશ્યા છે.
- વધુમાં મીડિયા અને મનોરંજન ઉદ્યોગ વર્ષ 2026 સુધીમાં 8.8% ના CAGR પર વૃદ્ધિ પામશે તેવી અપેક્ષા છે.
- નિષ્ણાતોના મતે મીડિયા અને મનોરંજન ઉદ્યોગ હેઠળના AVGC સેકટરમાં આગામી દાયકામાં 14-16% વૃદ્ધિ થવાની ધારણા છે.
- AVGC સેકટરમાં ઉચ્ચ સ્તરીય, કૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓ માટે ભારત પ્રાથમિક સ્થળ તરીકે ઉભરી રહ્યું છે.
- AVGC ક્ષેત્ર એ મીડિયા અને મનોરંજન ક્ષેત્રનો એક મહત્વપૂર્ણ ભાગ છે. જે ભારતીય અર્થતંત્રના મહત્વપૂર્ણ એન્જિન તરીકે ઉભરી રહ્યું છે.

# 8 પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

## સંપૂર્ણ જીનોમ સિકવન્સિંગ (Whole Genome Sequencing) ની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી

- તાજેતરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (IISER), ભોપાલના સંશોધકો દ્વારા પાંદડાની પેશીના નમૂનાઓમાંથી બન્યન/વડ (Ficus benghalensis) અને પીપલ (Ficus Religiosa) ની સંપૂર્ણ જીનોમ સિકવન્સિંગની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે.
- આ કાર્યથી વડનાં 17 જનીનો અને પીપલમાં 19 જનીનોને ઓળખવામાં મદદ મળી છે, જેમાં અનુકૂલનશીલ ઉત્ક્રાંતિના ઘણા પાત્રો છે. જે આ બે પ્રજાતિઓના લાંબા આયુષ્યમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.



- બધા સજીવોમાં એક યુનિક DNA અથવા જીનોમ હોય છે, જે ન્યુક્લિયોટાઈડ બેઝ એડનાઈન (A), થાઈમિન (T), સાયટોસિન (C) અને ગ્વાનિન (G)થી બનેલો હોય છે.
- આ યુનિક DNA પેટર્ન સજીવમાં પાયાના ક્રમને જાણીને ઓળખી શકાય છે.
- પાયાનો ક્રમના નિર્ધારણને સિકવન્સિંગ કહેવામાં આવે છે.
- સંપૂર્ણ જિનોમ સિકવન્સિંગ એ એક પ્રયોગશાળા પ્રક્રિયા છે જે એક પ્રક્રિયામાં જીવતંત્રના જિનોમમાં પાયાનો ક્રમ નક્કી કરે છે.
- વૈજ્ઞાનિકો DNA ને કાપવા માટે મોલેક્યુલર કાતરનો ઉપયોગ કરે છે, જે લાખો આધારો (A, C, T અને G) થી બનેલો છે, જે સિકવન્સિંગ મશિનને સમજવા માટે ખૂબ જ નાના છે.
- વૈજ્ઞાનિકો ડીએનએ ટેગના ટૂંકા ટુકડાઓ ઉમેરે છે અથવા કટ ડીએનએનો ભાગ કયા બેકટેરિયાનો છે તે ઓળખવા માટે બારકોડનો ઉપયોગ કરે છે.
- કેટલાક બેકટેરિયામાંથી બાર–કોડેડ ડીએનએને ભેગા કરવામાં આવે છે અને ડીએનએ સિકવન્સરમાં મૂકવામાં આવે છે.
- સિકવન્સર A'S, C'S, T'S અને G'S અથવા પાયાને ઓળખે છે, જે દરેક બેકટેરિયલ ક્રમ બનાવે છે.
- સિકવન્સિંગ બારકોડનો ઉપયોગ કરીને એ ઓળખી શકાય કે કયો આધાર કયા બેકટેરિયાનો છે.
- વૈજ્ઞાનિકો અલગ–અલગ બેકટેરિયામાંથી ક્રમની તુલના કરવા અને તફાવતોને ઓળખવા માટે કમ્પ્યૂટર વિશ્લેષણ સાધનોનો ઉપયોગ કરે છે.
- આ તફાવતો વૈજ્ઞાનિકોને એ સમજવામાં મદદ કરે છે કે બેકટેરિયા કેટલા નજીકથી સંબંધિત છે અને તે સમાન પ્રકોપનો ભાગ બનવાની કેટલી શકયતા છે.

## ભારતની પ્રથમ ગ્રીન સ્ટીલ બ્રાન્ડ લોન્ચ કરવામાં આવી

- તાજેતરમાં ભારત સ્થિત કલ્યાણી ગ્રુપ દ્વારા 'કલ્યાણી ફેરેસ્ટા' (Kalyani Ferresta) નામની ભારતની પ્રથમ 'ગ્રીન સ્ટીલ બ્રાન્ડ' લોન્ચ કરવામાં આવી છે.
- જેનું લોન્ચિંગ કેન્દ્રીય સ્ટીલ મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ નવી દિલ્હી ખાતેથી કર્યું છે.
  - **ગ્રીન સ્ટીલ વિશે**
    - જ્યારે અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ કર્યા વિના સ્ટીલનું ઉત્પાદન કરવામાં આવે છે ત્યારે તેને ગ્રીન સ્ટીલ તરીકે ઓળખવામાં આવે છે.
    - તે પરંપરાગત કાર્બન – સઘન ઉત્પાદન માર્ગને બદલે હાઈડ્રોજન, વીજળી અથવા કોલસાના ગેસિફિકેશન જેવા ઓછા કાર્બન ઊર્જા સ્ત્રોતનો ઉપયોગ કરીને ઉત્પાદિત થાય છે.
    - ગ્રીન ઉત્પાદન કરનાર સ્વીડન પ્રથમ દેશ હતો. તે HYBRIT ટેકનોલોજી દ્વારા વિકસાવવામાં આવી હતી.




स्टील मिनिस्टर ज्योतिरादित्य सिंधिया ने भारत का पहला ग्रीन स्टील ब्रांड लांच किया

**કલ્યાણી ફેરેસ્ટા વિશે....**

- 'કલ્યાણી ફેરેસ્ટા બ્રાન્ડ સ્ટીલ' પૂણે સ્થિત સ્ટીલ કંપની કલ્યાણી ગ્રુપ દ્વારા ઉત્પાદિત તેના પ્રકારનું પ્રથમ સ્ટીલ છે.
- આ ગ્રુપ પર્યાવરણમાં શૂન્ય કાર્બન ફૂટપ્રિન્ટ લાવવા માટે નવીનીકરણીય ઊર્જા સંસાધનોનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે.
- ફેરેસ્ટા – બ્રાન્ડેડ સ્ટીલનો 70 ટકા સુધીનો સ્ક્રેપ રિન્યુએબલ એનર્જી સ્ત્રોત દ્વારા સંચાલિત ઈલેક્ટ્રિકમ આર્ક પર ઓગળે છે.
- નવી પદ્ધતિ દ્વારા કંપની કુલ 76,484 કાર્બન ડાયોકસાઈડ $(tCo_2)$ ઉત્સર્જનને દૂર કરવામાં, પાણીના વપરાશમાં 10 ટકા ઘટાડો કરવામાં અને તેના 99.4 ટકા કચરાને રિસાયકલ કરવામાં સક્ષમ હતી.

## COVID-19 માટે INCOVACC રસીને બુસ્ટર ડોઝ તરીકે મંજૂરી

- ભારત બાયોટેકની ઈન્ટ્રાનાસલ રસી INCOVACC ને COVID-19 માટે બૂસ્ટર ડોઝ તરીકે મંજૂર કરાયેલ વિશ્વની પ્રથમ ઈન્ટ્રાનાસલ રસી છે. આ રસીનું બીજું નામ BBV154 છે.




❖ **INCOVACC**

- INCOVACC વેક્સિન સંલયન સ્પાઈક પ્રોટીન સાથે એક રિકોમ્બીનન્ટ રેપ્લીકેશન – ડેફિસીએન્ટ એડનોવાયરસ વેક્ટરવાળી વેક્સિન છે.
- વેક્સિનને નેજલ સ્પ્રે (અનુનાસિક સ્પ્રે) દ્વારા આપવામાં આવે છે, તે હાલમાં ઉપલબ્ધ તમામ COVID-19 રસીઓ માટે સોય અને સિરીંજની જરૂરિયાતને દૂર કરશે. તેને આપવા માટે પ્રશિક્ષિત કર્મચારીઓ પરની નિર્ભરતા પણ ઘટશે.
- Incovacc Omicron વેરિઅન્ટ સામે અસરકારક છે જે ફેફસામાં પ્રવેશતા પહેલા ઉપલા શ્વસન માર્ગને અસર કરે છે.
- જેવી આ રસી નાક દ્વારા આપવામાં આવે છે ત્યારે તે મ્યુકોસલ મેમ્બ્રેનમાં રોગ પ્રતિકારક પ્રતિક્રિયા પેદા કરે છે.
- આ રસી ઉપલા શ્વસન માર્ગમાં સ્થાનિક એન્ટબોડિઝ ઉત્પન્ન કરી શકે છે જે ચેપ અને રોગના સંક્રમણને ઘટાડવાની ક્ષમતા પ્રદાન કરી શકે છે.
- નાકની રસી સ્થાનિક રોગપ્રતિકારક શકિત પૂરી પાડે છે. એવું કહી શકાય કે તે આપણી પાસે વર્તમાન પેઢીની રસીઓ કરતા ટ્રાન્સમિશનને રોકવામાં અસરકારક બનવાની વધુ ક્ષમતા ધરાવે છે.
- INCOVACC માત્ર 18 વર્ષથી વધુ ઉંમરના લોકો માટે બૂસ્ટર ડોઝ તરીકે ઉપલબ્ધ હશે.

## કોરોના વાઈરસનું નવું વેરિએન્ટ BF.7 મળી આવ્યું

- તાજેતરમાં કોરોના વાઈરસને BF.7 વેરિએન્ટે ચીનમાં હાહાકાર મચાવ્યો છે. આ વાઈરસ જ્યારે પરિવર્તિત થાય છે, ત્યારે તેઓ તેમના પોતાના પ્રકારો અને પેટા પ્રકારો બનાવે છે.




- BF.7 પણ BA.5.2.1.7 ની સમકક્ષ છે, જે ઓમીક્રોન (Omicron) નું સબ વેરિએન્ટ છે. હાલમાં Omicron ના અસંખ્ય વેરિએન્ટ અસ્તિત્વમાં છે.
- તાજેતરમાં એક અભ્યાસમાં જણાવાયું છે કે BF.7 સબ – વેરિએન્ટમાં મૂળ D614G વેરિએન્ટ કરતા 4.4 ગણો વધુ તટસ્થતા પ્રતિકાર છે.
- આનો અર્થ એ થયો કે રસી અપાયેલા લોકોના શરીરમાં હાજર એન્ટિબોડીઝ 2020 માં વિશ્વભરમાં ફેલાયેલા કોરાના વાઈરસની તુલનામાં BF. 7 નો નાશ કરવામાં ઘણી ઓછી ક્ષમતા ધરાવે છે.
- વધુ તટસ્થ અથવા ઉચ્ચ તટસ્થતા પ્રતિકારનો અર્થ એ છે કે વસતીમાં વેરિએન્ટ ફેલાવાની અને અન્ય વેરિએન્ટ (પ્રકાર) બદલવાની સંભાવના વધુ છે.

## બોમ્બ ચક્વાતએ (Bomb Cyclone) અમેરિકા અને કેનેડામાં ત્રાટક્યું

- તાજેતરમાં બોમ્બ ચક્વાતે (Bomb Cyclone) અમેરિકા અને કેનેડામાં ખૂબ વધુ પ્રમાણમાં નુકસાન કર્યું છે. બોમ્બ ચક્વાતના કારણે લગભગ 40 થી વધુ વ્યકિતના મૃત્યુ થયા છે.



❖ **બોમ્બ ચક્વાત**

- બોમ્બ ચક્વાત એ હવામાન સંબંધિત એક ઘટનાક્રમ છે. વાયુ મંડળમાં અચાનક દબાણ સિસ્ટમ સર્જાતા આવી સ્થિતિ સર્જાતી હોય છે. આ એક તીવ્ર મધ્ય – અક્ષાંશ ચક્વાત છે.
- તેનો કેન્દ્રમાં હવાનું ઓછુ દબાણ હોય છે અને તેમાં ખરાબ હવામાન અને બરફના તોફાનોથી લઈને તીવ્ર વાવાઝોડા અને ભારે વરસાદ સુધીના હવામાનના ઘણા સ્વરૂપો જોવા મળે છે.
- બોમ્બ ચક્વાતને આગાહી કરનારાઓ દ્વારા ઉચ્ચ ચેતવણી પર રાખવામાં આવ છે. કારણકે તે અત્યંત નુકસાનકારણ અસરો પેદા કરી શકે છે.
- આ ચક્વાત ત્યારે રચાય છે જ્યારે ઠંડી હવાનો સમૂહ ગરમ હવાના જથ્થા સાથે અથડાય છે, જેમ કે ગરમ દરિયાના પાણી ઉપરની હવા. આવી ઝડપથી મજબૂત થતી હવામાન પ્રણાલીની રચના એ 'બોમ્બોજેનેસિસ' તરીકે ઓળખાતી પ્રક્રિયા છે.
- જ્યારે મધ્ય – અક્ષાંશ ચક્વાત ઝડપથી વિકસે છે અને 24 કલાકમાં ઓછામાં ઓછા 24 મિલિબારનું દબાણ ઘટે છે ત્યારે તે રચાય છે.

- મિલીબાર વાતાવરણીય દબાણને માપે છે. તેનાથી બે હવાના સમૂહ વચ્ચેના દબાણનો તફાવત અથવા ઢાળ ઝડપથી વધે છે, જેના કારણે પવન વધુ મજબૂત બને છે.
- હવાના દબાણમાં ઝડપથી ઘટાડો થતા અચાનક ઝડપથી પવન ફૂંકાવા લાગે છે. આ દરમિયાન ભારે બરફવર્ષા, વરસાદ, ઝડપી પવન અને આંધી ફૂંકાવા જેવી ઘટનાઓ બનતી હોય છે.
- સામાન્ય રીતે શિયાળામાં જ આવા ચક્રવાતનું સર્જન થતું હોય છે ક્યારેક અનય ઋતુમાં પણ તે આકાર લઈ શકે છે.



## પાણીમાંથી માઈક્રો–પ્લાસ્ટિકને ફિલ્ટર કરવાની નવી ટેકનોલોજી

- દક્ષિણ કોરિયાના વૈજ્ઞાનિકોએ એક નવી જળ શુદ્ધિકરણ સિસ્ટમ વિકસાવી છે જે માત્ર 10 સેકન્ડમાં પાણીમાંથી માઈક્રોપ્લાસ્ટિકને અસરકારક રીતે દૂર કરી શકે છે.
- આ સિસ્ટમ, જળ શુદ્ધિકરણ માટે પોલિમરનો ઉપયોગ કરે છે જે આ માઈક્રોપ્લાસ્ટિકને ઝડપથી અને અસરકારક રીતે ફિલ્ટર કરવામાં સક્ષમ છે અને પ્રમાણમાં સસ્તું છે.
- પોલિમરમાં માઈક્રોપ્લાસ્ટિકને શોષીલેવાનું અને સારી ફોટોથર્મલનું ઉત્તમ ગુણધર્મો ધરાવે છે.
- આ સિસ્ટમ વાપરવામાં ઓછી વીજળી (ઊર્જાના નીચા સ્તર) ની જરૂર પડે છે અને સૌર ઉર્જા સાથે વાપરવામાં સરળ છે.
- પ્રગતિશીલ ટેકનોલોજી માટે ઊર્જાના નીચા સ્તરની જરૂર પડે છે, જે તેને સૌર–આધારિત ઉપયોગ માટે યોગ્ય બનાવે છે, ખાસ કરીને વિકાસશીલ દેશોમાં જ્યાં વીજ પુરવઠો અવિશ્વસનીય છે.




### ❖ પાણીમાં માઈક્રોપ્લાસ્ટિક્સની સમસ્યાઃ

- માઈક્રોપ્લાસ્ટિક્સએ પ્લાસ્ટિકના નાના કણો કે જેનું કદ 5mm કરતા ઓછું છે, તે વૈશ્વિક સમસ્યા બની ગયું છે.
- માઈક્રોપ્લાસ્ટિક્સએ જળાશયો, માટી અને હવામાં જોવા મળે છે અને માનવ ખાદ્ય શૃંખલામાં પણ પ્રવેશ કરી ચૂક્યા છે. પાણીમાં માઈક્રોપ્લાસ્ટિક્સની હાજરી જળચર જીવન અને સંભવિત રીતે માનવ સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરી શકે છે.

### ❖ નવી સિસ્ટમના ફાયદા

- પરંપરાગત કાર્બન–આધારિત ફિલ્ટર્સ કરતાં નવી જળ શુદ્ધિકરણ પ્રણાલીના ઘણા ફાયદા છે. માઈક્રોપ્લાસ્ટિક્સને દૂર કરવામાં વધુ કાર્યક્ષમ હોવા ઉપરાંત, સિસ્ટમને નીચા સ્તરની ઊર્જાની પણ જરૂર છે અને તે પ્રમાણમાં સસ્તી છે.
- આ લાભો તેને વિવિધ સેટિંગ્સમાં પાણીને શુદ્ધ કરવા માટે એક આદર્શ ઉકેલ બનાવે છે, જેમાં વિકાસશીલ દેશોનો સમાવેશ થાય છે જ્યાં સ્વચ્છ પાણીની પહોંચ એ એક જટિલ સમસ્યા છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 108મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનું ઉદ્‌ઘાટન કર્યું..

- તાજેતરમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા, ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ (ISCv Indian Science Congress) ની 108મી આવૃત્તિનું સત્તાવાર રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.
- 'રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ નાગપુર યુનિવર્સિટી' તેની શતાબ્દીની યાદમાં ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ ના પાંચ દિવસીય 108મા સત્રનું આયોજન કર્યું હતું.
- આ વર્ષની સાયન્સ કોંગ્રેસની થીમઃ "મહિલા સશક્તિકરણ સાથે ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન ટેકનોલોજી" (“Science Technology for Sustainable Development with Women Empowerment”)છે.
- વડાપ્રધાન નરેન્દ્રમોદીએ રાષ્ટ્રની વિસ્તરી રહેલી ઉર્જા જરૂરિયાતો પર ભાર મૂક્યો અને ભારતીય વૈજ્ઞાનિકોને વિનંતી કરી કે તે રાષ્ટ્રને મદદરૂપ થાય તેવા ક્ષેત્રમાં કોઈપણ પ્રગતિ વિકસાવે





- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિજ્ઞાન અને નવીનતાના ક્ષેત્રમાં ભારતે કરેલી નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો. ભારત હવે ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં 40મા ક્રમે છે, જે 2015માં 81મા ક્રમે હતું અને સ્ટાર્ટઅપ્સ અને પીએચડી સંશોધન કાર્યોના સંદર્ભમાં ટોચના ત્રણ દેશોમાં સામેલ છે.
- આ 108મી આવૃત્તિમાં ભારતને આત્મનિર્ભર બનાવવામાં વિજ્ઞાનની ભૂમિકા પર પણ ભાર મૂક્યો હતો.

- સંયુક્ત રાષ્ટ દ્વારા વર્ષ 2023ને આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ તરીકે જાહેર કરવામાં આવતાં ભારતીય વિજ્ઞાન કોંગ્રેસે વિજ્ઞાનના ઉપયોગ દ્વારા ભારતના બાજરીમાં વધુ સુધારો કરવા હાકલ કરી હતી.
  - **ભારતમાં ડેટા વિશ્લેષણ અને ટેક્નોલોજી**
  - 21મી સદીમાં ભારતમાં વિપુલ પ્રમાણમાં ડેટા અને ટેક્નોલોજી છે, જેનો ઉપયોગ દેશના વિજ્ઞાનને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે કરી શકાય છે. ISCએ માહિતીને આંતરદૃષ્ટિ અને વિશ્લેષણને કાર્યક્ષમ જ્ઞાનમાં રૂપાંતરિત કરવા માટે ડેટા વિશ્લેષણના મહત્વ પર પ્રકાશ પાડ્યો.
  - **G20 પ્રેસિડેન્સી અને મહિલા સશક્તિકરણ**
  - ભારતે તાજેતરમાં જ G20 પ્રમુખપદની જવાબદારી સંભાળી છે. G-20 ના મુખ્ય વિષયોમાં મહિલા સશક્તિકરણ મુખ્ય પ્રાથમિકતા છે. વિજ્ઞાનમાં મહિલાઓની વધતી જતી ભાગીદારી એ સમાજ અને વિજ્ઞાનની પ્રગતિનું પ્રતિબિંબ છે અને તેનો ધ્યેય મહિલાઓની ભાગીદારી દ્વારા વિજ્ઞાનને સશક્ત કરવાનો છે.

## પ્રલય મિસાઈલની ખરીદીને મંજૂરી આપવામાં આવી

- તાજેતરમાં સંરક્ષણ મંત્રાલયે સ્વદેશી 'શોર્ટ–રેન્જ બેલેસ્ટિક સરફેસ–ટુ–સરફેસ' (SRBM) મિસાઈલ પ્રલયની ખરીદીને મંજૂરી આપી છે.
- સંરક્ષણ મંત્રાલયે ભારતીય સશસ્ત્ર દળો માટે 120 પ્રલય બેલેસ્ટિક મિસાઈલોની ખરીદીને મંજૂરી આપી છે. આ મિસાઈલો આંતરરાષ્ટ્રીય સરહદો પર તૈનાત કરવામાં આવશે.




  - આ પ્રલય મિસાઈલ ભારતની પ્રથમ પરંપરાગત અર્ધ–બેલિસ્ટિક મિસાઈલ છે. તેને DRDO દ્વારા વિકસાવવામાં આવી છે.
  - આ મિસાઈલ ઉત્તર અથવા પશ્ચિમ સરહદોથી કોઈપણ પરંપરાગત મિસાઈલ હુમલાનો જવાબ આપવા સક્ષમ છે.
  - અર્ધ–બેલિસ્ટિક મિસાઈલનો માર્ગ ટૂંકો હોય છે અને જોકે તે મોટા ભાગે બેલિસ્ટિક મિસાઈલ જેવી જ હોય છે.
  - આ મિસાઈલ ઉડાન દરમિયાન 'મનૂવર/દત્વપેચ' (Maneuver) કરવામાં સક્ષમ છે.
  - આ મિસાઈલને એવી રીતે વિકસાવવામાં આવી છે કે ઈન્ટરસેપ્ટર મિસાઈલને હરાવવામાં સક્ષમ છે અને હવામાં ચોક્કસ રેન્જને આવરી લીધા બાદ તેનો માર્ગ બદલવાની ક્ષમતા પણ ધરાવે છે. તે ઘન પ્રોપેલન્ટ રોકેટ મોટર અને ઘણી નવી ટેક્નોલોજી દ્વારા સંચાલિત છે.
  - મિસાઈલ માર્ગદર્શન પ્રણાલીમાં અત્યાધુનિક નેવિગેશન સિસ્ટમ અને સંકલિત એવિઓનિક્સનો સમાવેશ થાય છે.
  - પ્રલય મિસાઈલની રેન્જ 150 થી 500 કિ.મી. સુધીની છે અને 350 થી 700 કિગ્રા સુધીના પરંપરાગત ઓર્ડનન્સ વહન કરવામાં સક્ષમ છે.
  - આ મિસાઈલ મોબાઈલ લોન્ચરથી પણ લોન્ચ કરી શકાય છે.

## iDEX અને ડિફેન્સ ઈન્ડિયા સ્ટાર્ટ–અપ ચેલેન્જ

- તાજેતરમાં ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ પ્રોડક્શનની મુખ્ય પહેલ 'ઈનોવેશન ફોર ડિફેન્સ એક્સેલન્સ (iDEX) એ તેના 150માં કરાર પર હસ્તાક્ષર કરીને એક મહાન સીમાચિહ્ન હાંસલ કર્યું છે.
- iDEX વર્ષ 2018માં શરૂ કરવામાં આવ્યું હતું, તે એક ઈકોસિસ્ટમ છે જે સંરક્ષણ અને એરોસ્પેસમાં નવીનતા અને તકનીકી વિકાસને પ્રોત્સાહન આપશે અને ભારતીય સેનાને તકનીકી રીતે અદ્યતન ઉકેલો અને આધુનિકીકરણ પ્રદાન કરવા માટે સંશોધકો અને ઉદ્યોગસાહસિકોને જોડશે.
- તે માઈક્રોસ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (MSME), સ્ટાર્ટઅપ્સ, વ્યક્તિગત ઈનોવેટર્સ, સંશોધન અને વિકાસ સંસ્થાઓ તથા શૈક્ષણિક સંસ્થાઓને સંશોધન અને વિકાસ માટે અનુદાન પ્રદાન કરે છે.
- iDEX પ્રાઈમનો ઉદ્દેશ્ય રૂ. 1.5 કરોડથી રૂ. 10 કરોડની જરૂરિયાતવાળા પ્રોજેક્ટને ભંડોળ પૂરું પાડીને સંરક્ષણ ક્ષેત્રમાં ઝડપથી વિકસતા સ્ટાર્ટ–અપ્સને મદદ કરવાનો છે. iDEXને 'ડિફેન્સ ઈનોવેશન ઓર્ગેનાઈઝેશન (DIO) દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે અને તેનું સંચાલન કરવામાં આવે છે.


## મિથેનોલ ઉત્પાદન માટે NTPC – ટેકનિમોન્ટ કરાર



- તાજેતરમાં ભારતની સૌથી મોટી વીજ ઉત્પાદન કંપની 'નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડ' (NTPC લિમિટેડ) એ મૈયર ટેકનિમોન્ટ (Maire Tecnimont) ગ્રુપની ભારતીય પેટાકંપની ટેકનોમોન્ટ પ્રાઈવેટ લિમિટેડ સાથે બિન – બંધનકર્તા MOU પર હસ્તાક્ષર કર્યા છે.
- આ MOU નો ઉદ્દેશ્ય ભારતમાં NTPC ના પ્રોજેક્ટમાં વાણિજ્યિક ધોરણે ગ્રીન મિથેનોલ ઉત્પાદન સુવિધા વિકસાવવાની સંભાવનાનું સંયુક્ત મૂલ્યાંકન અને અન્વેષણ કરવાનો છે.
- આ ગ્રીન મિથેનોલ પ્રોજેક્ટમાં NTPC ના પાવર પ્લાન્ટ્સમાંથી કાર્બન મેળવવાનો અને તેને ગ્રીન ફ્યુઅલમાં રૂપાંતરિત કરવાનો સમાવેશ થાય છે. ગ્રીન મિથેનોલ એપ્લિકેશની વિશાળ શ્રેણી ધરાવે છે.
- તેમાં રાસાયણિક ઉદ્યોગો, નવીનીકરણીય વીજળીનો સંગ્રહ અને પરિવહન બળતણ માટે આધાર સામગ્રી તરીકે ઉપયોગનો પણ સમાવેશ થાય છે. તેને દરિયાઈ ઈંધણના ઉપયોગ માટે રિપ્લેસમેન્ટ ઈંધણ પણ ગણવામાં આવે છે.

## BSF માટે 'પ્રહરી' એપ લોન્ચ કરવામાં આવી

- તાજેતરમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ દ્વારા બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) ના સૈનિકો માટે 'પ્રહરી' (Prahari) એપ લોન્ચ કરવામાં આવી.




- આ એપ સાથે મંત્રાલયે બોર્ડર સિક્યુરિટી ઓર્ગેનાઈઝેશનના વહીવટ, તાલીમ અને કામગીરીની સમજ વધારવા માટે 13 BSF મેન્યુઅલની સુધારેલી આવૃત્તિ પણ બહાર પાડવામાં આવી છે.
- આ માર્ગદર્શિકા BSF જવાનોના કામને ઝડપી બનાવવામાં મદદરૂપ થશે.
  - ❖ **એપની મુખ્ય વિશેષતા :**
  - પ્રહરી એપનો ઉપયોગ BSF જવાનો આવાસ સુવિધાઓ, આયુષ્યમાન – CAPF અને રજા વિશે માહિતી મેળવવા માટે કરી શકે છે.
  - આ એપ્લિકેશન 'કેન્દ્રિયકૃત જાહેર ફરિયાદ નિવારણ અને મોનિટરિંગ સિસ્ટમ' (CP-GRAMS) પર બાયોડેટા, ફરિયાદ નિવારણ વિશેની માહિતી અને BSF માટેની વિવિધ કલ્યાણ યોજનાઓ સંબંધિત માહિતી પણ પ્રદાન કરે છે. તે યુઝરને ગૃહ મંત્રાલયના પોર્ટલ સાથે જોડશે.

**Border Security Force વિશે....**

| | | |
|---|---|---|
| **સ્થાપના** | : | 01 ડિસેમ્બર, 1965 |
| **વડુમથક** | : | નવી દિલ્હી |
| **મંત્રાલય** | : | રક્ષા મંત્રાલય |
| **અધ્યક્ષ** | : | સુજોય લાલ થાઓસેન |

# 9 રમત-જગત

## અંતિમ પંઘલને 'યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ રાઈઝિંગ સ્ટાર ઓફ ધ યર' થી સન્માન આપવામાં આવ્યું



- તાજેતરમાં ભારતીય મહિલા કુસ્તીબાજ અંતિમ પંઘલને 'યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ રાઈઝિંગ સ્ટાર ઓફ ધ યર' સન્માન માટે નામાંકિત કરવામાં આવ્યા છે.
- પુરસ્કાર માટે પસંદ કરાયેલી અન્ય પાંચ મહિલાઓમાં જાપાનની નોનોકા ઓઝાકી, અમેરિકાની અમીટ એલોર, સ્વીડનની એમ્મા માલમગ્રેન અને રોમાનિયાની એન્ડ્રી અનાનો સમાવેશ થાય છે.
- અંતિમ પંઘલે ઓગસ્ટ 2022 માં વર્લ્ડ અન્ડર ટવેન્ટી કુસ્તી ચેમ્પિયનશિપમાં ભારત માટે પ્રથમ સૂવર્ણચંદ્રક જીતી ઈતિહાસ રચ્યો હતો.
- અંતિમ પંઘલએ હરિયાણાના હિસાર જિલ્લાના ભગાના ગામના રહેવાસી છે.

## સાનિયા મિર્ઝા પ્રોફેશનલ ટેનિસમાંથી નિવૃત્તિની જાહેરાત

- ભારતની ભૂતપૂર્વ ડબલ્સ વર્લ્ડ નંબર 1 ચેમ્પિયન, સાનિયા મિર્ઝાએ જાહેરાત કરી છે કે તે ફેબ્રુઆરીમાં દુબઈમાં WTA 1000 ઈવેન્ટમાં વ્યાવસાયિક ટેનિસમાંથી નિવૃત્તિ લેશે.
- 36 વર્ષીય સાનિયા મિર્ઝાએ 2005માં હૈદરાબાદ ઈવેન્ટ જીતીને છ ગ્રાન્ડ સ્લેમ ડબલ્સ ટાઈટલ જીત્યા અને WTA એ સિંગલ્સ ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય બનીને સફળ કારકિર્દી બનાવી.



- સાનિયા મિર્ઝા કારકિર્દીના ઉચ્ચ રેન્કિંગમાં વિશ્વમાં નંબર 27 પર પહોંચી અને તેમના દેશની મહાન મહિલા ટેનિસ ખેલાડી તરીકે ગણવામાં આવે છે.
- તેઓ જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયન ઓપનમાં ગ્રાન્ડ સ્લેમ ઈવેન્ટમાં તેમનો અંતિમ દેખાવ કરશે, જ્યાં તે કઝાકિસ્તાનની અન્ના ડેનિલિના સાથે મહિલા ડબલ્સમાં રમશે.
- સાનિયા મિર્ઝાએ 2016માં ઓસ્ટ્રેલિયન ઓપનમાં મહિલા ડબલ્સનો ખિતાબ જીત્યો હતો.

❖ **મિકસ ડબલ્સમાં સફળતા**

- મહિલા ડબલ્સમાં સફળતા ઉપરાંત, સાનિયા મિર્ઝાએ મિકસ ડબલ્સમાં પણ સફળ કારકિર્દી બનાવી છે.
- તેમને મહેશ ભૂપતિ સાથે ભાગીદારી કરીને 2009માં ઓસ્ટ્રેલિયન ઓપનમાં તેમનું પ્રથમ મિકસ ડબલ્સ ટાઈટલ જીત્યું હતું.
- આ જોડીએ 2012 ફ્રેન્ચ ઓપનમાં બીજી જીત મેળવી હતી.
- સાનિયા મિર્ઝાનું ત્રીજું મિક્સ્ડ ડબલ્સ ટાઈટલ 2014 યુએસ ઓપનમાં આવ્યું હતું, જ્યાં તેણે બ્રાઝિલના ખેલાડી બ્રુનો સોરેસ સાથે ભાગીદારી કરી હતી.
- વર્ષ 2015 માં, તેમને સ્વિસ લિજેન્ડ માર્ટિના હિંગિસ સાથે ભાગીદારી કરી અને ત્રણ બેક–ટુ–બેક ગ્રાન્ડ સ્લેમ ડબલ્સ ટાઈટલ જીત્યા હતા.

## ભારતનો પ્રણેશ એમ 16 વર્ષની ઉંમરે સૌથી યુવા ગ્રાન્ડમાસ્ટર બન્યો

- તાજેતરમાં ભારતના 79મો ગ્રાન્ડમાસ્ટર તમિલનાડુના 16 વર્ષીય પ્રણેશ એમ. બન્યા છે.



- પ્રણેશે જરૂરી 2500 ELO રેટિંગ હાંસલ કર્યું અને સ્પર્ધાના અંતિમ રાઉન્ડમાં રિલ્ટન કપ જીત્યો, જેમાં 29 રાષ્ટ્રીય ફેડરેશનનું પ્રતિનિધિત્વ કરતા 136 ખેલાડીઓ હતા.
- પ્રણેશ પ્રથમ સ્થાને રહ્યો, જ્યારે તેનો સાથી ગ્રાન્ડમાસ્ટર આર રાજા રિત્વિક છ પોઈન્ટ સાથે આઠમા સ્થાને રહ્યો.
- પ્રનેશે જાન્યુઆરી 2020માં 18મી દિલ્હી GM ઓપનમાં તેનો પ્રથમ ખિતાબ અને ડિસેમ્બર 2021માં સ્પેનમાં સનવે સિટજેસ ઈન્ટરનેશનલ ચેસ ફેસ્ટિવલમાં તેનો બીજો ખિતાબ જીત્યો. નવેમ્બર 2022માં, તેણે સ્ટોકહોમ, સ્વીડનમાં એશિયન કોન્ટિનેંટલ ચેસ ચેમ્પિયનશિપમાં તેનો ત્રીજો ખિતાબ જીત્યો. , અંતે ગ્રાન્ડમાસ્ટર બનવા માટે જરૂરી ELO રેટિંગ હાંસલ કર્યું હતું.

## કોનેરુ હમ્પીએ વર્લ્ડ ચેસ બ્લિટ્ઝ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો

- ભૂતપૂર્વ વર્લ્ડ રેપિડ ચેમ્પિયન કોનેરુ હમ્પીએ કઝાકિસ્તાનના અલ્માટીમાં સમાપ્ત થયેલી વર્લ્ડ બ્લિટ્ઝ ચેસ ચેમ્પિયનશિપમાંથી ભારતનો પ્રથમ સિલ્વર મેડલ જીત્યો.



- કોનેરુ હમ્પીએ 17 માં અને અંતિમ રાઉન્ડમાં ચીનની ઝોંગી તાનને હરાવી સિલ્વર જીત્યો હતો. ચોથી ક્રમાંકિત હમ્પીએ પ્રભાવશાળી 12.5 પોઈન્ટ બનાવ્યા.
- કઝાકિસ્તાનની બિબિસારા બાલાબાયેવાએ ગોલ્ડ મેડલ જીત્યો.
- કોનેરુ હમ્પી વિશ્વનાથન આનંદ પછી વર્લ્ડ બ્લિટ્ઝમાં મેડલ જીતનાર બીજા ભારતીય છે.
- આંતરરાષ્ટ્રીય ચેસ સંચાલક મંડળ FIDE વર્ષના અંતે વર્લ્ડ રેપિડ અને બ્લિટ્ઝ ચેસ ચેમ્પિયનશિપનું આયોજન કરે છે.
- કઝાકિસ્તાનની રાજધાની અલ્માટીમાં 26-30 ડિસેમ્બર 2022 દરમિયાન ચેસ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ઈ–સ્પોટ્‌ર્સ (E-Sports)ના નિયમોમાં સુધારા કરવામાં આવ્યા

- તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ‘ઈ–સ્પોટ્‌ર્સ’ (E-Sports) ને સંચાલન કરતા નિયમોમાં સુધારો કર્યો હતો અને વિનંતી કરી હતી કે રમત મંત્રાલય અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય મલ્ટી–સ્પોટ્‌ર્સ ઈવેન્ટ્સમાં ‘ઈ–સ્પોટ્‌ર્સ’નો સમાવેશ કરે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ–77(3) હેઠળ આપવામાં આવેલ સત્તાનો ઉપયોગ કરીને ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ નિર્ણય આપ્યો છે.
- ગેઝેટ નોટિફિકેશન મુજબ ‘ઈ–સ્પોટ્‌ર્સ’ હવે ભારતમાં ‘મલ્ટી સ્પોટ્‌ર્સ ઈવેન્ટ’ શ્રેણીનો એક ભાગ હશે.




### ❖ ઈ–સ્પોટ્‌ર્સ વિશે

- ઈ–સ્પોટ્‌ર્સનો અર્થ ‘ઈલેક્ટ્રોનિક સ્પોટ્‌ર્સ’ છે. તે એક સ્પર્ધાત્મક રમત છે જ્યાં રમનારાઓ વર્ચ્યુઅલ, ઈલેક્ટ્રોનિક વાતાવરણમાં વિવિધ રમતોમાં સ્પર્ધા કરવા માટે તેમની શારીરિક અને માનસિક ક્ષમતાઓનો ઉપયોગ કરે છે.
- ઉદા. ફોર્ટનાઈટ, કાઉન્ટર સ્ટ્રાઈક, કૉલ ઓફ ડ્યૂટી, વેલોરન્ટ, લીગ ઓફ લિજેન્ડ્સ વગેરેનો સમાવેશ થાય છે.
- વર્ષ 2018ની જકાર્તા એશિયન ગેમ્સમાં ઈ–સ્પોટ્‌ર્સનો સમાવેશ કરવામાં આવ્યો ત્યારથી બહુશાખીય ઈવેન્ટ્સમાં ‘ઈ–સ્પોટ્‌ર્સ’ નો સમાવેશ કરવાની માંગ વધી રહી છે.
- ભારતે 2018 એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો, જ્યાં પ્રદર્શન શીર્ષક તરીકે ઈ–સ્પોટ્‌ર્સનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- ઈ–સ્પોટ્‌ર્સને લોકપ્રિય બનાવવાના પ્રયાસરૂપે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC)એ જૂન 2023માં સિંગાપોરમાં ઓલિમ્પિક ઈ–સ્પોટ્‌ર્સ સપ્તાહના ઉદ્‌ઘાટનમાં ઈ–સ્પોટ્‌ર્સનો સમાવેશ કરવાની જાહેરાત કરશે તેવી ખાતરી કરી છે.
- ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય ઓનલાઈન ગેમિંગ સંબંધિત બાબતો માટે નોડલ એજન્સી હશે. તથા યુવા બાબતો અને રમત મંત્રાલય હેઠળના રમત–ગમત વિભાગ દ્વારા ધ્યાન રાખવામાં આવશે.

# 10 નિમણૂક, વ્યક્તિ, પુસ્તક અને નિધન

## 03 જાન્યુઆરી : સાવિત્રીબાઈ ફૂલેની જન્મજયંતી




- સાવિત્રીબાઈ જ્યોતિરાવ ફૂલેનો જન્મ 3 જાન્યુઆરી, 1831 ના રોજ મહારાષ્ટ્રના સતારા જિલ્લાના નયગાવમાં થયો હતો અને તેમનું અવસાન 10 માર્ચ, 1897 ના રોજ પૂણે ખાતે થયું હતું.
- સાવિત્રીબાઈ ફૂલે 19 મી સદીના સમાજસુધારક અને ભારતના પ્રથમ મહિલા શિક્ષક હતા. આ ઉપરાંત તેઓ ભારતના પ્રથમ બાળ વિદ્યાલયના આચાર્ય અને પ્રથમ કિસાન સ્કૂલના સંસ્થાપક હતા.
- તેમના લગ્ન 9 વર્ષની ઉંમરે વર્ષ 1840 માં જ્યોતિરાવ ગોવિંદરાવ ફૂલે (જયોતિબા ફૂલે) સાથે થયા હતા, કે જેમણે વર્ષ 1873 માં પૂણે, મહારાષ્ટ્રમાં સત્યશોધક સમાજની સ્થાપના કરી હતી. પતિ સાથે મળીને તેમણે બાળલગ્ન, વિધવાવિવાહની મનાઈ, અસ્પૃશ્યતા વગેરે જેવા સામાજિક દુષણો વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો.
- વર્ષ 1848 માં ભારતની પ્રથમ કન્યાશાળા મહારાષ્ટ્રના ભીંડેવાડા ખાતે શરૂ કરવામાં આવી હતી. આ કન્યાશાળામાં પ્રથમ મહિલા શિક્ષક તરીકે સાવિત્રીબાઈ ફૂલે હતાં.
- વર્ષ 2015 માં પૂણે યુનિવર્સિટીનું નામ બદલીને સાવિત્રીબાઈ ફૂલે યુનિવર્સિટી કરવામાં આવ્યું.

## બ્રાઝિલના મહાન ફૂટબોલર પેલેનું નિધન



- તાજેતરમાં બ્રાઝિલના મહાન ફૂટબોલર પેલેનું 80 વર્ષની વયે અવસાન થયું છે. પેલે વિશ્વના મહાન ફૂટબોલ ખેલાડીઓમાંના એક હતા.
- પેલે એ બ્રાઝિલ દેશને ત્રણ વખત વર્લ્ડ કપ જીતી આપ્યું હતું. પેલેની હાજરીમાં બ્રાઝિલે 1958, 1962 અને 1970માં ફૂટબોલ વર્લ્ડ કપ જીત્યા હતા.
- પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી પેલેનો જન્મ 23 ઓક્ટોબર, 1940ના રોજ બ્રાઝિલના ટ્રેસ કોર્કોઈસ ખાતે થયો હતો. તેમનું મૂળનામ એડસન એરાન્ટેસ ડો નાસિમેન્ટો હતું. તેઓ પેલે નામથી લોકપ્રિય અને પ્રસિદ્ધ થયા હતા.
- પેલેએ 1956માં પોતાના વ્યવસાયિક કારકિર્દીની શરૂઆત કરી હતી.
- જૂન 1956માં તેમણે Santos FC કલબ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
- સપ્ટેમ્બર, 1956માં તેણે કોરીન્થિયન્સ સાન્ટ્રો એન્ડ્રે સામે તેની પ્રથમ વ્યવસાયિક મેચ રમી હતી અને આ મેચમાં તેનો પ્રથમ વ્યવસાયિક ગોલ કર્યો હતો.
- વર્ષ 1958માં પેલેનો બ્રાઝિલની ફિફા વર્લ્ડ કપ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમણે પોતાની ટીમને વર્લ્ડ કપ જીતાડવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું.
- પેલેએ કુલ ચાર વર્લ્ડ કપ રમ્યા હતા જેમાં ત્રણમાં બ્રાઝિલ ચેમ્પિયન બન્યું હતું.
- પેલેએ ફૂટબોલમાં તેમની પ્રોફેશન કારકિર્દીમાં કુલ 1,363 મેચ રમી હતી અને 1281 ગોલ નોંધાવ્યા હતા. બ્રાઝિલ માટે તેમણે 92 મેચમાં 77 ગોલ કર્યા હતા.

# 11 એવોર્ડ અને પુરસ્કાર

## મિસિસ વર્લ્ડ સરગમ કૌશલએ ખિતાબ જીત્યો




- તાજેતરમાં જમ્મુ – કાશ્મીરની સરગમ કૌશલે મિસિસ વર્લ્ડનો ખિતાબ જીત્યો છે. 21 વર્ષ બાદ કોઈ ભારતીય સુંદરીએ આ ખિતાબ જીત્યો છે. સ્પર્ધામાં કુલ 63 દેશની સુંદરીઓએ ભાગ લીધો હતો.
- શ્રીમતી પોલિનેશિયાને પ્રથમ રનર–અપ તરીકે જાહેર કરવામાં આવી હતી, ત્યારબાદ શ્રીમતી કેનેડા બીજા રનર–અપ તરીકે રહી હતી.
- મિસિસ વર્લ્ડના ખિતાબ માટેની જ્યૂરી પેનલમાં સોહા અલી ખાન, વિવેક ઓબેરોય અને મોહમ્મદ અઝરુદ્દીન પણ સામેલ હતા.

**Mrs. World ટાઈટલ વિશે....**

- મિસિસ વર્લ્ડ પરિણીત મહિતાઓ માટે સૌપ્રથમ સૌંદર્ય સ્પર્ધા છે. આ સ્પર્ધાની શરૂઆત વર્ષ 1984માં કરવામાં આવી હતી.
- શરૂઆતમાં આ સ્પર્ધાને મિસિસ વુમન ઓફ ધ વર્લ્ડ નામ આપવામાં આવ્યું હતું જે વર્ષ 1988માં મિસિસ વર્લ્ડ તરીકે જાણીતી બની હતી અને તે સમયે મોટાભાગના વિજેતાઓ અમેરિકાના છે.
- વર્ષ 2001માં પહેલી વખત ભારતની ડૉ. અદિતિ ગોવિત્રિકરે મિસિસ વર્લ્ડનો તાજ મેળવ્યો હતો. વર્ષ 2001ની વિજેતા રહી ચૂકેલી ડૉ. અદિતિ ગોવિત્રિકરે વર્ષ 2022-23 માટેના મિસિસ વર્લ્ડના ટાઈટલ માટે ન્યાયાધીશ તરીકે સેવા આપી છે.

## ઓડિશાએ JAGA મિશન માટે વર્લ્ડ હેબિટેટ એવોર્ડ 2023 જીત્યો

- ઓડિશાને યુનાઈટેડ નેશન્સ–હેબિટેટ (યુએન–હેબિટેટ) દ્વારા તેની 5T પહેલ, JAGA મિશન દ્વારા ઝૂંપડપટ્ટીમાં રહેવાસીઓના જીવનને સશક્ત બનાવવા અને ભારતમાં ઝૂંપડપટ્ટી મુક્ત રાજ્ય બનાવવાના પ્રયાસો માટે વર્લ્ડ હેબિટેટ એવોર્ડ આપવામાં આવ્યું છે.




- 2019 માં, JAGA મિશનને ઝૂંપડપટ્ટીના રહેવાસીઓ માટે જમીન સુરક્ષા પ્રદાન કરવામાં સફળતા માટે વર્લ્ડ હેબિટેટ એવોર્ડ મળ્યો. અને હવે, 2023 માં, ઓડિશા રાજ્યએ તેની 5T પહેલ, જગા મિશન માટે યુએન–હેબિટેટ વર્લ્ડ હેબિટેટ એવોર્ડ જીત્યો છે.
- ઓડિશાનું JAGA મિશન આવા ઉકેલનું મુખ્ય ઉદાહરણ છે. જમીનના કાર્યકાળની સુરક્ષા પૂરી પાડીને અને ઝૂંપડપટ્ટીના રહેવાસીઓ માટે જીવનની સ્થિતિમાં સુધારો કરીને, તે વ્યક્તિઓ અને સમુદાયોને ગરીબીના ચક્રને તોડવા અને તેમના જીવનની ગુણવત્તા સુધારવા માટે સશક્તિકરણ કરી રહી છે

**JAGA મિશન વિશે....**

- એક સત્તાવાર નિવેદન અનુસાર, JAGA મિશન એ વિશ્વનો સૌથી મોટો લેન્ડ ટાઈટલિંગ અને સ્લમ અપગ્રેડિંગ પ્રોગ્રામ છે. ઓડિશા ના મુખ્યમંત્રી નવીન પટનાયકના નેતૃત્વ હેઠળ ઓડિશા રાજ્યની તમામ 2,919 ઝૂંપડપટ્ટીઓને અપગ્રેડ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.
- પહેલના છેલ્લા પાંચ વર્ષમાં, 1,75,000 પરિવારોને જમીનની મુદતની સુરક્ષા આપવામાં આવી છે. આનો અર્થ એ થાય છે કે તેઓ જે જમીન પર તેમના ઘરો આવેલા છે તેની કાનૂની માલિકી પ્રાપ્ત કરી છે, જે તેમને સુરક્ષા અને સ્થિરતાની ભાવના પ્રદાન કરે છે.
- જમીનની મુદતની સુરક્ષા પૂરી પાડવા ઉપરાંત, JAGA મિશન ઝૂંપડપટ્ટીના રહેવાસીઓની જીવનશૈલી સુધારવામાં પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે. 2,724 ઝૂંપડપટ્ટીમાં 100 ટકા પરિવારોને પાઈપ દ્વારા પાણીના જોડાણો આપવામાં આવ્યા છે અને 707 ઝૂંપડપટ્ટીઓને સંપૂર્ણ રીતે રહેવા યોગ્ય નિવાસસ્થાનમાં પરિવર્તિત કરવામાં આવી છે. 666 ઝૂંપડપટ્ટીમાં 100 ટકા પરિવારો પાસે વ્યક્તિગત શૌચાલય પણ છે, અને પહેલના પરિણામે 8 શહેરો ઝૂંપડપટ્ટી મુક્ત બન્યા છે.

# 12 મહત્વના દિવસો

## 04 જાન્યુઆરી : વિશ્વ બ્રેઈલ દિવસ (World Braille Day)

- સંયુકત રાષ્ટ્ર (UN) ની સામાન્ય સભાએ નવેમબર, 2018 માં બ્રેઈલ લિપિના શોધક લુઈ બ્રેઈલના જન્મદિવસ 4 જાન્યુઆરીને 'વિશ્વ બ્રેઈલ દિવસ' તરીકે જાહેર કર્યો હતો. આ દિવસ પ્રથમ વખત વર્ષ 2019 માં ઉજવવામાં આવ્યો હતો.
- 4 જાન્યુઆરી, 1809 માં ફ્રાન્સમાં જન્મેલા લુઈ બ્રેઈલે વર્ષ 1824 માં અંધજનો વાંચી શકે તેવી લિપિથી શોધ કરી. આ લિપિ દ્રષ્ટિહિન લોકોને વાંચવાની સાથે લખવામાં પણ મદદ કરે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય અંધ અને આંશિક દ્રષ્ટિવાળા લોકોના અધિકારનું રક્ષણ અને તેમના માટે સંચારના સાધન તરીકે બ્રેઈલ લિપિના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.
- RBI દ્વારા MANI એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે જે અંધજન લોકોને ચલણી નોટ ઓળખવામાં મદદરૂપ થશે. MANI નું પૂરું નામ Mobile Aided Note Identifier છે.




- લુઈ બ્રેઈલનું અવસાન 6 જાન્યુઆરી, 1852 ના રોજ ફ્રાન્સના પેરિસ ખાતે થયું હતું.

## 05 જાન્યુઆરી : રાષ્ટ્રીય પક્ષી દિવસ (National Bird Day )

- દર વર્ષે 5 જાન્યુઆરીને 'રાષ્ટ્રીય પક્ષી દિવસ' તરીકે ઉજવામાં આવે છે.
- રાષ્ટ્રીય પક્ષી દિવસ ઉજવવાની શરૂઆત વર્ષ 2002 માં કરવામાં આવી હતી.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય પક્ષીઓના રક્ષણ અને અસ્તિત્વ માટે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવાનો છે.
- ભારતના સલીમ અલીને 'બર્ડમેન ઓફ ઈન્ડિયા' કહેવામાં આવે છે.




## 09 જાન્યુઆરી : પ્રવાસી ભારતીય દિવસ (Pravasi Bhartiya Day)

- 9 જાન્યુઆરી, 1915 ના રોજ ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પરત ફર્યા હતાં. તેના ભાગરૂપે ડો. એમ.એલ. સિંઘવી સમિતિ ભલામણથી વર્ષ 2003 થી 9 જાન્યુઆરીના રોજ પ્રવાસી ભારતીય દિવસ ઉજવવામાં આવે છે. જેની શરૂઆત તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી દ્વારા કરવામાં આવી હતી.
- 17 મા પ્રવાસી ભારતીય દિવસ 2023 નું આયોજન મધ્યપ્રદેશના ઈન્દોરમાં 8 થી 10 જાન્યુઆરી દરમિયાન કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં સૌથી વધુ આયોજન દિલ્હી ખાતે 7 વખત થયેલ છે.
- થીમ : ડાયસ્પોરા – અમૃતકાલમાં ભારતની પ્રગતિ માટે વિશ્વસનીય ભાગીદારો.
- આ દિવસ વર્ષ 2003 થી દર વર્ષે ઉજવાતો પરંતુ વર્ષ 2015 થી દર 2 વર્ષે ઉજવાય છે. સામાન્ય રીતે 7 થી 9 જાન્યુઆરી દરમિયાન પ્રવાસી ભારતીય દિવસ ઉજવવામાં આવે છે.




- ગયાના ના રાષ્ટ્રપતિ મોહમ્મદ ઈરફાન અલી : જેમણે ઓગસ્ટ 2020 માં ગુયાનાના નવમા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા, તે ઈન્ડો – ગુયાનીઝ મુસ્લિમ પરિવારના છે. તેઓ સંમેલનમાં મુખ્ય અતિથિ પણ હશે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ વિશ્વના વિવિધ દેશોમાં વસતા ભારતીયોના જ્ઞાન, અને કૌશલ્યને ભારત સાથે જોડવા માટે આ ઉજવણી એક મંચ પૂરૂ પાડે છે.
- પ્રથમ પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી વર્ષ 2003 માં નવી દિલ્હી ખાતે કરવામાં આવી હતી.
- 13 મો પ્રવાસી ભારતીય દિવસ ગુજરાતના ગાંધીનગર ખાતે આવેલા મહાત્મા મંદિરમાં 2015 માં ઉજવાયો હતો.

## 10 જાન્યુઆરી : વિશ્વ હિન્દી દિવસ (World Hindi Day)




- દર વર્ષે 10 જાન્યુઆરી 'વિશ્વ હિન્દી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- ભારત સરકારના તત્કાલીન પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહ દ્વારા વર્ષ 2006 થી 10 જાન્યુઆરીના રોજ વિશ્વ હિન્દી દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- સમગ્ર વિશ્વમાં હિન્દી ભાષાને પ્રોત્સાહન આપવાનો અને આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે સ્થાપિત કરવાનો છે.
- વિશ્વભરમાં હિન્દી ભાષાના પ્રસાર – પ્રચાર માટે 10 જાન્યુઆરી 1975 ના રોજ મહારાષ્ટ્રના નાગપુર ખાતે પ્રથમ 'વિશ્વ હિન્દી સંમેલન' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં 30 દેશોના 122 પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.
- ભારતીય બંધારણમાં ભાગ 17 ની અનુચ્છેદ 343 મુજબ ભારતની વહીવટી ભાષા હિન્દી અને લિપિ દેવનાગરી રહેશે તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- ભારતીય બંધારણમાં ભાગ 22 અને અનુસૂચિ 8 માં 22 ભારતીય ભાષાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## 12 જાન્યુઆરી : રાષ્ટ્રીય યુવા દિવસ (National Youth Day)

- ભારતમાં દર વર્ષે 12 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- ભારત સરકાર દ્વારા વર્ષ 1984માં સ્વામી વિવેકાનંદના જન્મદિવસ 12 જાન્યુઆરીને 'રાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ દેશના યુવાઓ સ્વામી વિવેકાનંદના આદર્શો અને સિદ્ધાંતોનું પાલન કરે અને દેશનું ભવિષ્ય ઉજ્જવળ કરે તેવો છે.
- ભારત સરકારના યુવા બાબતો અને રમત–ગમત મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી અંતર્ગત રાષ્ટ્રીય યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.
- આ વર્ષે 12 થી 16 જાન્યુઆરી દરમિયાન 26મો રાષ્ટ્રીય યુવા મહોત્સવ કર્ણાટક રાજ્યના હુબલી, ધારવાડ–ટ્વિન સીટી ખાતે યોજવામાં આવશે.
- આ મહોત્સવની થીમ 'વિકસિત યુવા–વિકસિત ભારત' છે.
- આ મહોત્સવનો લોગો આપણા રાષ્ટ્રીય ફૂલ કમળથી પ્રેરિત છે અને મહોત્સવનો શુભંકર 'ચમ્પી ચિક્કા હાથી' છે.
- આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ યોગાથોન રહેશે. જે હેઠળ 10 લાખ લોકો એકત્રિત થઈ યોગા કરશે.

# 13 Current Affairs Booster

1. તાજેતરમાં કયારથી ભારતીય રિઝર્વ બેંકના સુધારેલા બેંક લોકર નિયમો અમલમાં આવશે?
(A) 1 જાન્યુઆરી, 2023 (B) 1 જાન્યુઆરી, 2024 (C) 1 માર્ચ, 2023 (D) 1 એપ્રિલ, 2023

2. Reserve Bank of India (RBI) દ્વારા ક્યારે સુધારેલા બેંક લોકર નિયમો બહાર પાડવામાં આવ્યા હતા?
(A) માર્ચ, 2022 (B) જાન્યુઆરી, 2020 (C) માર્ચ, 2021 (D) ઓગસ્ટ, 2021

3. નીચેનામાંથી કયું વિધાન સાચા/ સાચું છે?
(1) આ સુધારેલા નિયમો અનુસાર બેંકોએ ખાતરી આપવી જોઈએ કે તેમના લોકર એગ્રીમેન્ટમાં કોઈ અયોગ્ય નિયમો અને શરતો નથી.
(2) માર્ગદર્શિકા અનુસાર ઓછામાં ઓછા 90 દિવસ માટે CCTV કેમેરા રેકોર્ડિંગ સાચવવાનું ફરજિયાત છે.
(3) આ સુધારેલા નિયમો મુજબ બેંકોએ ગ્રાહકને પત્ર અને ઈમેલ અથવા SMS દ્વારા લોકર પરના સરકારી દરોડા અથવા સુરક્ષિત કસ્ટડી માટે જમા કરાયેલી વસ્તુઓ વિશે અગાઉથી માહિતી આપવી જરૂરી છે.
(4) આ સુધારેલા નિયમો બેંકોને લોકરની ફાળવણી દરમિયાન મુદતની થાપણોની માંગ કરવાની મંજૂરી આપે છે જે 3 વર્ષ માટે ભાડા તરીકે એકત્રિત કરી શકાય છે.
(A) 1, 2 અને 4 (B) 1,3 અને 4 (C) 2 અને 4 (D) આપેલ તમામ

4. તાજેતરમાં કયા દેશના હાઉસમાં સરકારના આંશિક શટડાઉનને ટાળવા માટે સપ્ટેમ્બર 2023 સુધીમાં ફેડરલ એજન્સીઓને ભંડોળ આપવા માટે 1.7 ટ્રિલિયન ડોલરના ખર્ચ બિલ પસાર કરવામાં આવ્યો છે.
(A) United kingdom (B) Russia (C) United States of America (D) India

5. તાજેતરમાં United Nations Population Fund (UNFPA) અને કઈ સંસ્થા દ્વારા સંયુક્ત રીતે The State of the World's Midwifery 2022: East and Southern Africa નામનો રીપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે ?
(A) World Economic Forum (B) United Nations
(C) International Labour Organization (D) World Health Organization

6. The State of the World's Midwifery 2022: East and Southern Africa રીપોર્ટ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું/સાચા છે?
(1) આ રીપોર્ટ મુજબ પૂર્વ અને દક્ષિણ આફ્રિકામાં વર્ષ 2035 સુધીમાં દર વર્ષે આશરે 1.2 મિલિયન જીવન બચાવી શકાય છે.
(2) આ રીપોર્ટ મુજબ UNFPA પૂર્વ અને દક્ષિણ આફ્રિકા (ESA) ક્ષેત્રમાં તમામ 23 દેશોમાં મિડવાઇફરીની સ્થિતિનો અભ્યાસ કરવામાં આવ્યો છે.
(3) આ રીપોર્ટ અનુસાર પૂર્વ અને દક્ષિણ આફ્રિકા ક્ષેત્રના 23 દેશોમાંથી 20 દેશોએ તેમના આરોગ્ય કર્મચારીઓમાં મિડવાઈવ્સ અથવા નર્સ–મિડવાઈફ્સની સંખ્યા જાહેર કરી છે.
(A) 1 અને 3 (B) ફક્ત 3 (C) 2 અને 3 (D) આપેલ તમામ

7. તાજેતરમાં કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિતના મુખ્યમંત્રી દ્વારા રીઅલ–ટાઇમ સોર્સ એપોર્શનમેન્ટ (વિભાજન) પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી છે?
(A) નવી દિલ્હી (B) બિહાર (C) ગુજરાત (D) ચંદીગઢ

8. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા તેના World Economic Outlookમાં ભારત માટે તેના Financial Year 2023 વૃદ્ધિનું અનુમાન તેના જુલાઈના 7.4 ટકાથી 60 બેસિસ પોઇન્ટ ઘટાડીને 6.8 ટકા કરવામાં આવ્યો છે?
(A) International Monetary Fund (IMF) (B) World Bank
(C) World Economic Forum (D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

9. International Monetary Fund (IMF)ના World Economic Outlook વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું/સાચા છે?
(1) આ આઉટલુક મુજબ IMFનું વર્તમાનનું પગલું World Bank તેના FY2023ના ભારત માટેના વિકાસના અનુમાનને 7.5 ટકાથી ઘટાડીને 6.5 ટકા કર્યા બાદ કરવામાં આવ્યું છે.
(2) આ આઉટલુક મુજબ IMFએ તેનું FY24 વૃદ્ધિ અનુમાન 7.1 ટકા જાળવી રાખ્યું છે.
(3) આ આઉટલુક અનુસાર વર્ષ 2022–23માં ભારતનો ફુગાવો 6.9 ટકા રહેવાનો અંદાજ છે.
(4) આ આઉટલુક મુજબ નાણાકીય વર્ષ 2023 માં, સરકારી મૂડી ખર્ચમાં વધારો અને ઉચ્ચ ખાનગી માંગને કારણે ભારતનો જીડીપી 7 ટકા વધશે, જે મુખ્યત્વે વસ્તુના ઊંચા ભાવ અને ઊંચી આયાત માંગને કારણે છે.
(A) 1, 2 અને 4 (B) 2 અને 3 (C) 1,3 અને 4 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

10. તાજેતરમાં કયા રાજ્યની વિધાનસભા દ્વારા બેંગલુરુ મેટ્રોપોલિટન લેન્ડ ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (BMLTA) બિલ, 2022 પસાર કરવામાં આવ્યો છે?
(A) ગુજરાત (B) કર્ણાટક (C) મહારાષ્ટ્ર (D) કેરળ

11. બેંગલુરુ મેટ્રોપોલિટન લેન્ડ ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (BMLTA) બિલ, 2022 વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું/સાચા છે?
(1) આ બિલ બેંગલુરુના અર્બન પ્રદેશ અને રૂરલ પ્રદેશને લાગુ પડશે અને બેંગલુરુમાં શહેરી ગતિશીલતાના વિકાસ, સંચાલન, જાળવણી, દેખરેખ અને દેખરેખને નિયંત્રિત કરશે.
(2) આ બિલનો ઉદ્દેશ ટકાઉ શહેરી પરિવહન મોડલ અપનાવીને ગ્રીડલોક શહેર માટે વ્યાપક ગતિશીલતા યોજના બનાવવાનો છે.
(3) આ બિલ મુજબ નવી ટ્રાફિક નિયમન એજન્સી બનાવવામાં આવશે, જેમાં 36 સભ્યોનો સમાવેશ થશે અને આ એજન્સીના હોદ્દેદાર અધ્યક્ષ કર્ણાટકના મુખ્યમંત્રી રહેશે.
(4) આ બિલ હેઠળ, જો કોઈ વ્યક્તિ BMLTA ના નિયમો, વિનિયમો, આદેશો અને દિશાઓનું ઉલ્લંઘન કરે છે, તો તેને/તેણીને રૂ.1 લાખ સુધીનો દંડ લાગશે. જો બીજી વખત ઉલ્લંઘન થાય તે કિસ્સામાં 2 લાખ રૂપિયા સુધી દંડ વધારવામાં આવશે.
(A) 1, 2 અને 4 (B) 1 અને 3 (C) 3 અને 4 (D) 2,3 અને 4

12. તાજેતરમાં યુક્રેનના વડાપ્રધાન વોલોડીમીર ઝેલેન્સકીએ રશિયા સાથેના યુદ્ધને સમાપ્ત કરવા માટે કેટલા પોઇન્ટની શાંતિ યોજનાની રૂપરેખા આપી છે?
(A) 12 (B) 10 (C) 15 (D) 5

13. તાજેતરમાં એજન્સીના મહાનિર્દેશકે જણાવ્યું છે કે આ એજન્સી પાસે વર્ષ 1962, 1965 અને 1971ના યુદ્ધો અને હરિત ક્રાંતિનો રેકોર્ડ નથી?
(A) National Investigation Agency (NIA) (B) National Statistical Office(NSO)
(C) National Achieves of India (NAI) (D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

14. તાજેતરમાં અજય કુમાર શ્રીવાસ્તવને કઈ બેંકના MD અને CEO તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે?
(A) ભારતીય રિઝર્વ બેંક (B) ઈન્ડિયન ઓવરસીઝ બેંક (C) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (D) પંજાબ નેશનલ બેંક

15. તાજેતરમાં કોનેરુ હમ્પીએ FIDE વર્લ્ડ બ્લિટ્ઝ ચેસમ્પિયનશિપના મહિલા વિભાગમાં કયો મેડલ જીત્યો?
(A) ગોલ્ડ (B) સિલ્વર (C) બ્રોન્ઝ (D) ઉપરમાંથી એકપણ નહી

16. તાજેતરમાં કયા સંસ્થાના સંશોધકો દ્વારા સંપૂર્ણ નોમ સિકવન્સિંગ ની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે ?
(A) ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ભોપાલ
(B) ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સ, બેંગ્લોર
(C) ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ, નવી દિલ્હી
(D) આ લ ઈન્ડિયા ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સ, નવી દિલ્હી

17. તાજેતરમાં કલ્યાણી ગ્રુપ દ્વારા કલ્યાણી ફેરેસ્ટા નામની ભારતની પ્રથમ ગ્રીન સ્ટીલ બ્રાન્ડ લોન્ચ કરી છે. આ બ્રાન્ડનું ઉદ્ઘાટન કયા કેન્દ્રીય મંત્રીએ કર્યું ?
(A) પિયુષ ગોયલ (B) નિતિન ગડકરી (C) જ્યોતિરાદિત્ય સિંધિયા (D) અમિત શાહ

18. તાજેતરમાં ભારત બાયોટેકની કઈ રસીને COVID-19 માટે બૂસ્ટર ડોઝ તરીકે મંજૂરી મળી ?
(A) INCOVACC (B) COVIDEX (C) BIOCOVID (D) OMICOVEX

19. હાલ સમાચારોમાં જોવા મળેલું બોમ્બ ચક્રવાતે નીચેનામાંથી કયા દેશોમાં વધુ પ્રમાણમાં નુકસાન કર્યું હતું ?
(A) પેરુ અને બ્રાઝિલ (B) મોરક્કો અને સ્પેન (C) અમેરિકા અને કેનેડા (D) ચીન અને મ્યાનમાર

20. તાજેતરમાં કયા દેશના વૈજ્ઞાનિકોએ એક નવી જળ શુદ્ધીકરણ સિસ્ટમ વિકસાવી છે જે માત્ર 10 સેકન્ડમાં પાણીમાંથી માઈક્રોપ્લાસ્ટિકને અસરકારક રીતે દૂર કરી શકે છે ?
(A) ચીન (B) ભારત (C) અમેરિકા (D) દક્ષિણ કોરિયા

21. તાજેતરમાં નાગપુર ખાતે કોના દ્વારા 108મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું ?
(A) દ્રૌપદી મુર્મુ (B) અમિત શાહ (C) નરેન્દ્ર મોદી (D) ડૉ. જીતેન્દ્ર સિંહ

22. તાજેતરમાં કયા ભારતીય મહિલા કુસ્તીબાજને યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ રાઈઝિંગ સ્ટાર ઓફ ધ યર થી સન્માનિત કરવામાં આવ્યા ?
(A) અંતિમ પંઘલ (B) સોનમ મલિક (C) સુશમા શોખીન (D) નિશા દહિયા

23. તાજેતરમાં કયા રાજ્યની રાજધાનીમાં વિશ્વની પ્રથમ પામલીફ હસ્તપ્રત મ્યુઝિયમ શરૂ કરવામાં આવ્યું છે?
(A) કર્ણાટક (B) તેલંગાણા (C) કેરળ (D) તમિલનાડુ

24. વિશ્વની પ્રથમ પામલીફ હસ્તપ્રત મ્યુઝિયમ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું/સાચા છે?
(1) આ મ્યુઝિયમને 5 ગેલેરીઓમાં વિભાજિત કરવામાં આવ્યું છે.
(2) આ મ્યુઝિયમમાં 650 ADથી 19મી સદીના અંત સુધી ભૂતપૂર્વ ત્રાવણકોર(વર્તમાન કેરળ) રાજ્ય સાથે સંબંધિત 187 હસ્તપ્રતો અને અન્ય કલાકૃતિઓ છે અને કોચી અને મલબારના પ્રદેશોના દસ્તાવેજો પણ છે.
(3) આ મ્યુઝિયમમાં પામ લીફ હસ્તપ્રતો, શૈલી, કેડજન બંડલ્સ માટેના વાહકો, તાંબાની પ્લેટો અને વાંસના સ્પ્લિન્ટ્સ(તૂટેલા હાડકાં ઉપર લાકડું બાંધવું)નો સમાવેશ થાય છે.
(A) 1 અને 3 (B) 2 અને 3 (C) 1 અને 2 (D) આપેલ તમામ

25. તાજેતરમાં કયા શહેરમાં ઉત્તરાખંડ રાજ્યના રક્ષા મંત્રી અજય ભટ્ટ દ્વારા ભારત સરકારની ઈ–ગવર્નન્સ પહેલના ભાગરૂપે, ઈન્વિટેશન મેનેજમેન્ટ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે?
(A) <u>નવી દિલ્હી</u> (B) બેન્ગલુરૂં (C) મુંબઈ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

26. ઈન્વિટેશન મેનેજમેન્ટ પોર્ટલ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું/સાચા છે?
(1) આ પોર્ટલ મહાનુભાવો અને મહેમાનોને ઈ–આમંત્રણના વિસ્તરણ તેમજ આગામી પ્રજાસત્તાક અને સ્વતંત્રતા દિવસના કાર્યક્રમો માટે સામાન્ય જનતાને ટિકિટના ઓનલાઈન વેચાણની મંજૂરી આપશે.
(2) આ પોર્ટલ પ્રજાસત્તાક દિવસની ઉજવણીની સુરક્ષામાં વધારો કરશે.
(3) આ પોર્ટલનો એક મોટો ફાયદો એ છે કે તે મહાનુભાવો અને સામાન્ય જનતા બંનેને સુવિધા પ્રદાન કરે છે.
(A) 2 અને 3 (B) 1 અને 3 (C) ફક્ત 3 (D) <u>આપેલ તમામ</u>

27. તાજેતરમાં કયા રાજ્યની સરકાર દ્વારા 7 જાન્યુઆરી, 2023ના રોજ રાજ્યમાં જાતિ આધારિત સર્વેક્ષણનો પ્રથમ તબક્કો શરૂ કરવામાં આવ્યો છે?
(A) ઉત્તર પ્રદેશ (B) મધ્ય પ્રદેશ (C) <u>બિહાર</u> (D) ગુજરાત

28. તાજેતરમાં કયા કેન્દ્રિય મંત્રી  દ્વારા મણિપુરની રાજધાની ઈમ્ફાલમાં મણિપુર પોની પર સવારી કરતા પોલો પ્લેયરની 122 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ અને માર્જિંગ પોલો કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે?
(A) <u>કેન્દ્રિય ગૃહ મંત્રી</u> (B) કેન્દ્રિય રક્ષા મંત્રી (C) કેન્દ્રિય સંસ્કૃતિ મંત્રી (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

29. કર્ણાટક રાજ્ય મહાદયી નદી પર કાલસા–બંદુરી પ્રોજેક્ટ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું/સાચા છે?
(1) આ પ્રોજેક્ટ બેલાગાવી, ધારવાડ, બાગલકોટ અને ગડગ જિલ્લાઓ માટે પીવાનું પાણી પૂરું પાડવા માટે મહાદયી નદીમાંથી પાણીને વાળવાનો ઉદ્દેશ્ય ધરાવતા હોવાથી દાયકાઓથી વિવાદનો વિષય છે.
(2) આ પ્રોજેક્ટમાં કર્ણાટકના સૂકા જિલ્લાઓ તરફ પાણી વાળવા માટે  મહાદયી નદીની ઉપનદીઓ જેમકે કલાસા અને બંધુરી નદીઓ સામે બેરેજ(બંધ)નું નિર્માણ સામેલ કરવામાં આવ્યું છે.
(3) આ પ્રોજેક્ટ સૌપ્રથમ વર્ષ 1980 ના દાયકામાં પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો, પરંતુ કર્ણાટક, ગોવા અને મહારાષ્ટ્ર વચ્ચેના વિવાદને કારણે અત્યાર સુધી અમલમાં આવ્યો નથી.
(A) 1 અને 3 (B) ફક્ત 3 (C) ફક્ત 2 (D) <u>આપેલ તમામ</u>

30. તાજેતરમાં કયા વિભાગની કેબિનેટ સમિતિ દ્વારા પ્રસાર ભારતી માટે વિશાળ માળખાકીય વિકાસ યોજનાને મંજૂરી આપી છે?
(A) <u>આર્થિક બાબતોની</u> (B) સામાજિક ન્યાય બાબતોની (C) કાયદાકીય બાબતોની (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

31. બ્રોડકાસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ નેટવર્ક ડેવલપમેન્ટ (BIND) સ્કીમ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું/સાચા છે?
(1) આ યોજના ભારતમાં ઓલ ઈન્ડિયા રેડિયો અને દૂરદર્શનનું નેતૃત્વ કરશે.
(2) આ યોજના પ્રસાર ભારતીને સુધારેલ માળખાકીય સુવિધાઓ સાથે તેની સુવિધાઓના મોટા અપગ્રેડેશન હાથ ધરવા માટે સક્ષમ બનાવશે.
(3) આ યોજનામાં દૂરસ્થ, આદિવાસી, લેફ્ટ વિંગ ઉગ્રવાદથી પ્રભાવિત અને સરહદી વિસ્તારોમાં રહેતા લોકોને 800,000 થી વધુ DD ફ્રી ડીશ set top box નું મફત વિતરણ પણ સામેલ કરવામાં આવ્યું છે.
(A) ફક્ત 1 (B) 1 અને 3 (C) 2 અને 3 (D) <u>1, 2 અને 3</u>

32. તાજેતરમાં ભારતના વડા પ્રધાન દ્વારા ક્યાં મુખ્ય સચિવોની બીજી રાષ્ટ્રીય પરિષદમાં એસ્પિરેશનલ બ્લોક પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવ્યો છે?
(A) ચેન્નાઈ (B) મુંબઈ (C) <u>નવી દિલ્હી</u> (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

33. એસ્પિરેશનલ બ્લોક પ્રોગ્રામ વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું/સાચા છે?
(1) એસ્પિરેશનલ બ્લોક્સ પ્રોગ્રામની શરૂઆત એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ પ્રોગ્રામની જગ્યા પર કરવામાં આવી છે
(2) આ કાર્યક્રમ હેઠળ, આરોગ્ય, શિક્ષણ અને પોષણ જેવા ક્ષેત્રોમાં તેમના પ્રદર્શનના આધારે ત્રિમાસિક રેન્કિંગ માટે રાજ્યભરના 500 બ્લોકની ઓળખ કરવામાં આવી છે.
(3) આ પ્રોગ્રામની  પ્રથમ રેન્કિંગ એપ્રિલ 2022 માં જાહેર કરવામાં આવશે.
(A) 1 અને 3 (B) <u>1 અને 2</u> (C) 2 અને 3 (D) આપેલ તમામ

34. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા 15મા નાણાપંચ (વર્ષ 2022–23 થી વર્ષ 2025–26)ના બાકી સમયગાળા માટે 12,882  કરોડ રૂપિયાના ખર્ચ સાથે કયા ક્ષેત્રના વિકાસ યોજનાઓને ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી છે?
(A) <u>પૂર્વોત્તર ક્ષેત્ર</u> (B) પશ્ચિમ ક્ષેત્ર (C) દક્ષિણ ક્ષેત્ર (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

35. તાજેતરમાં કયા રાજ્યના કેન્ટ રેલ્વે સ્ટેશનને મુસાફરોને ઉચ્ચ–ગુણવત્તાવાળા, પૌષ્ટિક ખોરાક આપવા માટે 5–સ્ટાર ઇટ રાઈટ સ્ટેશન પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે?
(A) મહારાષ્ટ્ર (B) બિહાર (C) <u>ઉત્તર પ્રદેશ</u> (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

36. તાજેતરમાં કયા સરકાર દ્વારા ઉદ્યોગ માટે What's App ફરિયાદ નિવારણ પદ્ધતિ લોન્ચ કરવામાં આવ્યો છે?
(A) <u>કેરળ</u> (B) તમિલનાડુ (C) આંધ્રપ્રદેશ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**37.** તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય એપ્રેન્ટિસશિપ મેળો (PMNAM) 9મી જાન્યુઆરી, 2023ના રોજ યોજવામાં આવશે?
(A) કેન્દ્રિય કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા (B) કેન્દ્રિય ગૃહ મંત્રાલય
(C) કેન્દ્રિય માહિતી અને પ્રસારણ મંત્રાલય (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**38.** તાજેતરમાં કોના દ્વારા આસામના રાજ્ય વિધાનસભા અને સંસદીય મતવિસ્તારોના સીમાંકનની પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે?
(A) Election Commission of India(ECI) (B) State Election Commission
(C) NITI AAYOG (D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

**39.** સીમાંકન આયોગ વિશે નીચેમાંથી કયું વિધાન સાચું/સાચા છે?
(1) સીમાંકન આયોગ એક સ્વતંત્ર કમિશન છે જે સીમાંકન પ્રક્રિયા કરવા માટે જવાબદાર છે.
(2) આ આયોગની સ્થાપના રાજ્ય સરકાર દ્વારા સીમાંકન આયોગ અધિનિયમ હેઠળ કરવામાં આવી છે.
(3) આ આયોગમાં સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ, મુખ્ય ચૂંટણી કમિશનર અને સંબંધિત રાજ્યના રાજ્ય ચૂંટણી કમિશનરોનો સમાવેશ થાય છે.
(A) 1 અને 2 (B) 1 અને 3 (C) ફક્ત 3 (D) આપેલ તમામ

**40.** તાજેતરમાં ભારત ઈન્ટરફેસ ફોર મની (BHIM) પેમેન્ટ એપના કેટલા વર્ષ પૂર્ણ થયા છે?
(A) 4 વર્ષ (B) 5 વર્ષ (C) 6 વર્ષ (D) 10 વર્ષ

**41.** ભારત ઈન્ટરફેસ ફોર મની (BHIM) પેમેન્ટ એપ વિશે નીચેમાંથી કયું વિધાન સાચું/ સાચા છે?
(1) આ એપ્લિકેશનની શરૂઆત ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ડિસેમ્બર 2016માં કરવામાં આવી હતી.
(2) આ એપ્લિકેશનનો ઉપયોગ કરવા માટે, યુઝર્સને પહેલા એપ ડાઉનલોડ કરવી પડશે અને તેને તેમના બેંક એકાઉન્ટ સાથે લિંક કરવી પડશે.
(3) આ એપ્લિકેશન હેઠળ ચુકવણી કરવા માટે વપરાશકર્તાને ફક્ત પ્રાપ્તકર્તાનો ફક્ત QR કોડ સ્કેન કરવાની જરૂર છે.
(4) આ એપ્લિકેશન ફક્ત સ્માર્ટફોન માટે તમામ મોબાઈલ ઉપકરણો પર ઉપયોગ માટે ઉપલબ્ધ છે
(A) 1, 2 અને 4 (B) 1 અને 2 (C) 2, 3 અને 4 (D) આપેલ તમામ

**42.** નવી સંકલિત ખાદ્ય સુરક્ષા યોજના વિશે નીચેમાંથી કયું વિધાન સાચું/ સાચા છે?
(1) તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા એક નવી સંકલિત ખાદ્ય સુરક્ષા યોજના શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.
(2) આ યોજના વર્ષ 2024 માટે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (NFSA) હેઠળ 81.35 કરોડ લાભાર્થીઓને મફત અનાજ પ્રદાન કરશે.
(3) આ યોજના શરૂ કરવાનો હેતુ સૌથી વધુ અસરગ્રસ્ત 67% વસ્તીને લાભ આપવાનો છે, જે National Food Security Act (NFSA) હેઠળ આવરી લેવામાં આવેલ 81.35 કરોડ વ્યક્તિઓ છે.
(4) તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ 1 જાન્યુઆરી, 2023 થી મફત અનાજ યોજના લાગુ કરવાની ખાતરી આપી.
(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 2, 3 અને 4 (D) 1, 3 અને 4

**43.** તાજેતરમાં 2 જાન્યુઆરી, 2023ના રોજ કઈ અદાલતે 500 અને 1,000 રૂપિયાના મૂલ્યોની ચલણી નોટોને બંધ કરવાના નરેન્દ્ર મોદી સરકારના 2016 ના નિર્ણયને સમર્થન આપ્યું છે?
(A) સુપ્રીમ કોર્ટ (B) અલાહાબાદ હાઈકોર્ટ (C) ગુજરાત હાઈકોર્ટ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**44.** તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા ઉત્કર્ષ 2.0 લોન્ચ કરવામાં આવ્યો છે, જે નિયમનકારી અને સુપરવાઈઝરી મિકેનિઝમને મજબૂત કરવા માટે તેની મધ્યમ ગાળાની વ્યૂહરચનાનો બીજો તબક્કો છે?
(A) State Bank of india (B) Securities and Exchange Board of India
(C) Reserve Bank of India(RBI) (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**45.** ઉત્કર્ષ 2.0 માં કેટલા વિઝન સ્ટેટમેન્ટ્સનો સમાવેશ થાય છે?
(A) 5 (B) 4 (C) 8 (D) 6

**46.** તાજેતરમાં ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ, શૈક્ષણિક વિદ્વાનો અને સંશોધકોની ગતિશીલતાને સરળ બનાવવા અને વ્યવસાયિક અને આર્થિક કારણોસર સ્થળાંતરને પ્રોત્સાહન આપવાના તેના પ્રયાસોના ભાગરૂપે કયા દેશ સાથે Migration and Mobility Partnership Agreement (MMPA) કરવામાં આવ્યો છે?
(A) બાંગ્લાદેશ (B) ઓસ્ટ્રિયા (C) ઓસ્ટ્રેલિયા (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**47.** તાજેતરમાં કયા રાજ્યના મુખ્યમંત્રી દ્વારા પંચાયત ચૂંટણી પહેલા દીદીર સુરક્ષા કવચ અને દીદીર દૂત પહેલ 11 જાન્યુઆરીના રોજ લોન્ચ કરવામાં આવશે?
(A) ઓડીશા (B) બિહાર (C) ગુજરાત (D) પશ્ચિમ બંગાળ

**48.** તાજેતરમાં 4 જાન્યુઆરી, 2023 ના રોજ ઝેલિયારોંગ સમુદાય દ્વારા સારી લણણી માટે તેમની કૃતજ્ઞતા દર્શાવવા, આગળ સમૃદ્ધ વર્ષ માટે પ્રાર્થના કરવા અને નવા અગ્નિના ઉત્પાદન સાથે નવા વર્ષની શરૂઆત કરવા માટે ક્યાં ગાન ન્ગાઈ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યો છે?
(A) મણિપુર (B) આસામ (C) ત્રિપુરા (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**49.** ગાન ન્ગાઈ ઉત્સવ વિશે નીચેમાંથી કયું વિધાન સાચું/સાચા છે?
(1) આ તહેવાર સંસ્કૃતિ, સંગીત, નૃત્ય અને આધ્યાત્મિક ધાર્મિક વિધિઓની ઉજવણી છે જે સમુદાયને એકતા અને આનંદમાં લાવે છે.
(2) આ તહેવાર એ ઝેલિયારોંગ લોકો માટે તેમના પૂર્વજોને શ્રદ્ધાંજલિ આપવા અને દેવતાઓને માન આપવાનો સમય છે.
(3) આ તહેવારના પ્રથમ દિવસે પવિત્ર ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે, જેમાં પવિત્ર અગ્નિની રચના અને પૂર્વજોની કબરો પર પ્રાર્થના અને ફૂલોની શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે.
(4) આ તહેવારમાં સૂકા લાકડા અને વાંસના ટુકડાને એકસાથે ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે, અને તે સમુદાયના દરેક ઘરોમાં વહેંચવામાં આવે છે.
(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 1 , 2 અને 3 (D) આપેલ તમામ

**50.** તાજેતરમાં કોના દ્વારા 18મી રાષ્ટ્રીય સ્કાઉટ(જાસૂસ) અને ગાઈડ(માર્ગદર્શક) જાંબોરી ઈવેન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવશે?
(A) ભારત રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ (B) ભારતના વડાપ્રધાન
(C) ભારતના ઉપરાષ્ટ્રપતિ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**51.** આ 7 દિવસની રાષ્ટ્રીય સ્કાઉટ(જાસૂસ) અને ગાઈડ(માર્ગદર્શક) જાંબોરી ઈવેન્ટ કયા રાજ્યના પાલી જિલ્લાના રોહત 66 વર્ષના અંતરાલ બાદ ખાતે યોજાનાર છે?
(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) રાજસ્થાન (D) ઉત્તરાખંડ

**52.** તાજેતરમાં બેંગલુરુ સ્થિત Indian Institute of Science (IIS)ને કયા સમિટના વિજ્ઞાન કાર્યકારી જૂથ માટે સચિવાલય તરીકે પસંદ કરવામાં આવ્યું છે?
(A) G20 સમિટ (B) COP15 સમિટ (C) COP19 સમિટ (D) ભારતીય વિજ્ઞાન સમિટ

**53.** તાજેતરમાં ભારતના કયા સમિટ પ્રમુખપદના ભાગરૂપે Stay Safe Online અભિયાન અને ડિજિટલ ઈનોવેશન એલાયન્સ લોન્ચ કરવામાં આવ્યો છે?
(A) COP15 સમિટ (B) G7 સમિટ (C) G20 સમિટ (D) ભારતીય વિજ્ઞાન સમિટ

**54.** સ્ટે સેફ ઓનલાઈન વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું/સાચા છે?
(1) સ્ટે સેફ ઓનલાઈન અભિયાનનો હેતુ ઈન્ટરનેટ પર વધતી જતી નિર્ભરતા વચ્ચે ઓનલાઈન વિશ્વમાં સુરક્ષિત રહેવાના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.
(2) આ અભિયાન 2 વર્ષ ચાલનાર છે, જે ખાસ કરીને બાળકો, મહિલાઓ, વિદ્યાર્થીઓ અને વરિષ્ઠ નાગરિકો, અલગ–અલગ–વિકલાંગ લોકો, શિક્ષકો અને સરકારી અધિકારીઓને લક્ષ્યાંક બનાવાશે.
(3) આ અભિયાન મોટી સંખ્યામાં લોકોને આવરી લેવા માટે તે હિન્દી, અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાઓમાં યોજવામાં આવશે.
(A) ફક્ત 1 (B) 1 અને 3 (C) 2 અને 3 (D) ફક્ત 3

**55.** તાજેતરમાં 14 કિમી લાંબી અંગુલથી બલરામ રેલ લિંકનું ઉદ્ઘાટન કયા મંત્રાલયના મંત્રી પ્રહલાદ જોશી દ્વારા કરવામાં આવ્યું છે?
(A) કેન્દ્રિય રેલવે મંત્રાલય (B) કેન્દ્રિય વન અને પર્યાવરણ મંત્રાલય
(C) કેન્દ્રીય કોલસા, ખાણ અને સંસદીય બાબતોના મંત્રાલય (D) સંચાર મંત્રાલય

**56.** 14 કિમી લાંબી અંગુલથી બલરામ રેલ લિંક વિશે નીચેનામાંથી કયું વિધન સાચા/સાચું છે?
(1) આ રેલ લિંકનું નિર્માણ IRCON ઈન્ટરનેશનલ લિમિટેડ દ્વારા કુલ 1,700 કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવશે.
(2) આ રેલ લિંક ગ્રાહકો માટે કોલસાના દૈનિક રવાનગીમાં લગભગ 50 હજાર ટન જેટલો વધારો કરી શકશે.
(3) આ પ્રોજેક્ટની અમલીકરણ એજન્સી IRCON( Indian Railway Construction Limited) ઈન્ટરનેશનલ લિમિટેડ છે.
(A) ફક્ત 3 (B) 1 અને 3 (C) 1 અને 2 (D) આપેલ તમામ

**57.** તાજેતરમાં કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશે તેની સૌર નીતિ 2022ના ડ્રાફ્ટને મંજુરી આપી છે?
(A) ઓડીશા (B) ચંદીગઢ (C) ગુજરાત (D) દિલ્હી

**58.** તાજેતરમાં કોના દ્વારા સમગ્ર ભારતમાં સ્થાનિક સ્થળાંતર કરનારાઓ માટે મતદાનની સુવિધા આપવાના હેતુથી Remote Electronic Voting Machine (RVM) માટે પ્રોટોટાઈપ વિકસાવવામાં આવ્યો છે?
(A) રાજ્ય ચૂંટણી પંચ (B) કેન્દ્રીય ચૂંટણી પંચ (C) નીતિ આયોગ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**59.** તાજેતરમાં કયા રાજ્ય સરકાર દ્વારા શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ટ્રિપ ટેસ્ટ સર્વે કરવા માટે એક કમિશનની રચના કરવામાં આવી છે?
(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) ઉત્તર પ્રદેશ (D) મધ્ય પ્રદેશ

**60.** તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા શહેરોની નાણાકીય કામગીરી અને બ્યુટિફિકેશનના આધારે નવી રેન્કિંગ સિસ્ટમ માટે ડ્રાફ્ટ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવ્યો છે?
(A) કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના (B) કેન્દ્રીય શિક્ષા મંત્રાલય
(C) કેન્દ્રીય ગૃહ મંત્રાલય (D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

**61.** શહેરોની નાણાકીય કામગીરી અને બ્યુટિફિકેશનના આધારે નવી રેન્કિંગ સિસ્ટમ માટે ડ્રાફ્ટ માર્ગદર્શિકા વિશે નીચેનામાંથી કયું વિધાન સાચા/સાચું છે?
(1) સિટી ફાઈનાન્સ રેન્કિંગનો ઉદ્દેશ્ય 3 નાણાકીય પરિમાણોમાં 15 સૂચકાંકોના આધારે શહેરી સ્થાનિક સંસ્થાઓનું મૂલ્યાંકન, ઓળખવા અને પુરસ્કાર આપવાનો છે.
(2) આ દરેક કેટેગરીમાં ટોચના 3 પ્રદર્શન કરનારા શહેરોને રાષ્ટ્રીય સ્તરે અને દરેક રાજ્ય અથવા રાજ્ય કલસ્ટરમાં ઓળખવામાં આવશે અને પુરસ્કૃત કરવામાં આવશે.
(3) આ રેન્કિંગ શહેરોને મ્યુનિસિપલ ફાઈનાન્સ રિફોર્મ્સ લાગુ કરવા માટે પ્રેરણા તરીકે કામ કરશે.
(A) ફકત 1 અને 3 (B) ફકત 1 અને 2 (C) ફકત 3 (D) <u>આપેલ તમામ</u>

**62.** તાજેતરમાં 720 Mangdechhu Hydroelectric Power Project કયા દેશના ડ્રુક ગ્રીન પાવર કોર્પોરેશન (DGPC)ને સોંપવામાં આવ્યો છે?
(A) ચીન (B) <u>ભૂટાન</u> (C) બાંગ્લાદેશ (D) ઉપરોકત પૈકી કોઈ નહી

**63.** Mangdechhu Hydroelectric Power Project વિશે નીચેનામાંથી કયું વિધાન સાચા/સાચું છે
(1) આ પ્રોજેક્ટનું વર્ષ 2019 માં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભૂટાનના વડાપ્રધાન લોટે શેરિંગ દ્વારા સંયુકત રીતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.
(2) આ પ્રોજેક્ટના કમિશનિંગથી ભારતની ઈલેક્ટ્રિકલ પાવર ઉત્પાદન ક્ષમતામાં 44 ટકાનો વધારો થયો છે, જે વર્તમાનમાં 2,326 મેગા વોટ્સ છે.
(3) આ પ્રોજેક્ટને Institute of Civil Engineers (London) તરફથી Brunel Medal 2020 મળ્યો.
(4) આ પ્રોજેક્ટથી વર્ષ 2020માં ભારતની હાઈડ્રોપાવર આવકમાં 31 ટકાનો વધારો થયો છે
(A) 2, 3 ને 4 (B) 1,3 અને 4 (C) <u>1 અને 3</u> (D) 2 અને 4

**64.** તાજેતરમાં કેન્દ્રીય માર્ગ, પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા તેનો વાર્ષિક રીપોર્ટ Road accidents in India 2021 બહાર પાડવામાં આવ્યો છે?
(A) <u>કેન્દ્રીય માર્ગ, પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય</u> (B) કેન્દ્રિય સ્વાસ્થ્ય અને પરીવાર કલ્યાણ
(C) કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના (D) ઉપરોકત પૈકી કોઈ નહિ

**65.** તાજેતરમાં ભારત સરકાર, ઝેલિયાન્ગ્રોંગ યુનાઈટેડ ફ્રન્ટ (ZUF) નામના રાજદ્રોહ જૂથ અને કઈ રાજ્ય સરકાર દ્વારા ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે?
(A) નાગાલેંડ સરકાર (B) મેઘાલય સરકાર (C) <u>મણિપુર સરકાર</u> (D) આસામ સરકાર

**66.** ભારત સરકાર, મણિપુર સરકાર અને ઝેલિયાન્ગ્રોંગ યુનાઈટેડ ફ્રન્ટ (ZUF) નામના રાજદ્રોહ જૂથ દ્વારા ત્રિપક્ષીય કરાર વિશે નીચેનામાંથી કયું વિધાન સાચા/સાચું છે ?
(1) આ કરાર હેઠળ વિદ્રોહી જૂથ હિંસા છોડીને લોકશાહી પ્રક્રિયામાં જોડાવા માટે સંમત થયા છે.
(2) આ કરારના અમલીકરણ પર દેખરેખ રાખવા માટે સંયુકત મોનિટરિંગ જૂથની સ્થાપના કરવામાં આવશે.
(3) આ શાંતિ કરાર ZUF સાથે જોડાયેલા સશસ્ત્ર કાર્યકરોના પુનઃવસવાટ અને પુનઃસ્થાપન માટે પ્રદાન કરે છે.
(A) 1 અને 3 (B) 2 અને 3 (C) ફકત 3 (D) <u>આપેલ તમામ</u>

**67.** તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા સમગ્ર ભારતમાં રેલ્વે સ્ટેશનોને આધુનિક બનાવવા માટે અમૃત ભારત સ્ટેશન યોજના નામની નવી યોજના શરૂ કરવામાં આવ્યો છે?
(A) કેન્દ્રીય નાણા મંત્રાલય (B) <u>કેન્દ્રીય રેલવે મંત્રાલય</u> (C) કેન્દ્રીય ગૃહ મંત્રાલય (D) ઉપરોકત પૈકી કોઈ નહી

**68.** અમૃત ભારત સ્ટેશન યોજના વિશે નીચેનામાંથી કયું વિધાન સાચા/સાચું છે ?
(1) આ યોજના હેઠળ તમામ શ્રેણીના રેલ્વે સ્ટેશનો માટે ઉચ્ચ સ્તરીય પ્લેટફોર્મ વિતરિત કરવામાં આવશે.
(2) આ યોજના હેઠળ દિવ્યાંગજનો માટે તમામ કેટેગરીના સ્ટેશનો પર પૂરતી સંખ્યામાં શૌચાલય ઉપલબ્ધ કરાવવામાં આવશે.
(3) આ યોજના અંતર્ગત રેલ્વે સ્ટેશનના યુઝર્સને ફ્રી વાઈ–ફાઈની સુવિધા આપવામાં આવશે અને માસ્ટર પ્લાનમાં 4G ટાવર ઈરેક્શન પણ આવરી લેવામાં આવ્યા છે.
(4) આ યોજના મુજબ ભંડોળની ઉપલબ્ધતા અને વર્તમાનની અસ્કયામતોની શરતોના આધારે ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ ઉકેલો તરફ ધીમે ધીમે શિફ્ટ થવાના પ્રયાસો કરવામાં આવશે.
(A) <u>1, 2 અને 4</u> (B) 2, 3 અને 4 (C) 1 અને 4 (D) 1 અને 3

# 14 Facts.... Inshort

1. તાજેતરમાં કયા બે દેશ દ્વારા સંયુક્ત રીતે લિંગ સુધારણા કાયદા પસાર કરવામાં આવ્યો છે?– **સ્કોટલેન્ડ અને સ્પેન**
2. તાજેતરમાં લંડન સ્થિત કઈ સંસ્થાએ તેના વાર્ષિક 'વર્લ્ડ ઈકોનોમિક લીગ ટેબલ'માં આગાહી કરી છે કે ભારત 2037 સુધીમાં ત્રીજી આર્થિક મહાસત્તા બની જશે? – **સેન્ટર ફોર ઈકોનોમિક્સ એન્ડ બિઝનેસ રિસર્ચ (CEBR)**
3. તાજેતરમાં કયા મંત્રાલય વર્તમાનમાં દેશમાં વધુ લોકોને ગરીબીમાંથી બહાર લાવવા માટે લઘુત્તમ વેતન થી "જીવંત વેતન" પર સ્થાનાંતરિત કરવાની વિચારણા કરી રહ્યું છે?– **કેન્દ્રીય શ્રમ મંત્રાલય**
4. કેન્દ્રીય મંત્રીએ વર્ષ 2023 માટે ભારત સરકારનું સત્તાવાર કેલેન્ડર બહાર પાડ્યું છે જેમાં 12 છબીઓનો સંગ્રહ છે જે દેશની ગતિશીલ વૃદ્ધિ દર્શાવે છે?– **અનુરાગ ઠાકુર**
5. તાજેતરમાં યુએસ કયા સંસ્થા મુજબ 30 ડિસેમ્બર, 2022 ના રોજ, 2023ના નવા વર્ષના દિવસે વૈશ્વકિ વસ્તી 7.9 અબજને વટાવી જશે? – **સેન્સસ બ્યુરો**
6. તાજેતરમાં વર્ષ 2022 ના કયા મહિનામાં UPIનો રેકોર્ડ હાઈ થયો છે?– **ડિસેમ્બર**
7. તાજેતરમાં ભારતમાં કયા વિભાગ દ્વારા નવી ઔદ્યોગિક નીતિ પર કામ કરી રહ્યું છે જેનો ઉદ્દેશ્ય ઉદ્યોગ માટે ધિરાણ વિકલ્પો વધારવા અને મેડ ઈન ઈન્ડિયા બ્રાન્ડને પ્રોત્સાહન આપવાનો છે?– **ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT)**
8. તાજેતરમાં કયા સંસ્થાના ડેટા અનુસાર ભારતનો બેરોજગારી દર ડિસેમ્બરમાં 8.30% પર પહોંચી ગયો છે, જે 16 મહિનામાં સૌથી વધુ છે?– **સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (CMIE)**
9. તાજેતરમાં કયો દેશ યુરો ચલણ અપનાવીને અને શેંગેન ઝોનમાં જોડાઈને યુરોપિયન યુનિયન (EU) 1લી જાન્યુઆરીએ સત્તાવાર રીતે યુરોઝોનનો 20મો સભ્ય બન્યો? – **ક્રોએશિયા**
10. તાજેતરમાં કઈ બેંક દ્વારા સિસ્ટમેટીક રિસ્ક સર્વે કરવામાં આવ્યો છે?– **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)**
11. તાજેતરમાં ભારત સરકારની જાહેરાત અનુસાર કયા સંસ્થાઓને લઘુત્તમ પબ્લિક શેરહોલ્ડિંગ (MPS) ધોરણમાંથી મુક્તિ આપવામાં આવશે?– **જાહેર ક્ષેત્રની સંસ્થાઓ**
12. તાજેતરમાં 3 જાન્યુઆરી 2023ના રોજ એક્વાડોર, જાપાન, માલ્ટા, મોઝામ્બિક અને સ્વિટ્ઝર્લેન્ડે સત્તાવાર રીતે કયા આંતરાષ્ટ્રીય સંગઠનના બિન–કાયમી સભ્યો તરીકે તેમની બે વર્ષની મુદત માટે જોડાયા છે?– **સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના(UNSC)**
13. તાજેતરમાં કઈ આંતરાષ્ટ્રીય સંસ્થા દ્વારા ચાર ભારતીય રાજ્યો(આસામ, ત્રિપુરા, તમિલનાડુ અને મહારાષ્ટ્ર)માં કનેક્ટિવિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવાના હેતુથી પ્રોજેક્ટ માટે 1.22 બિલિયન ડોલર નું ભંડોળ પૂરું પાડવા માટે ભારત સરકાર સાથે લોન કરાર પર હસ્તાક્ષર કર્યા છે?– **એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)**
14. તાજેતરમાં કોના દ્વારા રાણી વેલુ નાચિયારને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપવમ આવી છે? – **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી**
15. તાજેતરમાં ભારત સરકાર દ્વારા દર 10 વર્ષે હાથ ધરવામાં આવતું વ્યાપક સર્વેક્ષણ ક્યાં સુધી મુલતવી રાખવામાં આવ્યું છે?– **30મી સપ્ટેમ્બર 2023**
16. તાજેતરમાં કોના દ્વારા વર્ષ 2023 માં ટોચના સાયબર જોખમો માટે તેની આગાહીઓ શેર કરવામાં આવી છે?– **સિક્યોરિટી સોલ્યુશન્સ ફર્મ બારાકુડા**
17. તાજેતરમાં કઈ સંસ્થા એ 25 જાન્યુઆરી અને 9 ફેબ્રુઆરીના રોજ બે તબક્કામાં 8,000 કરોડ રૂપિયાના સોવરિન ગ્રીન બોન્ડ્સ જાહેર કરવાની તેની યોજના જાહેર કરી છે?– **ભારતીય રિઝર્વ બેંક (RBI)**
18. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા 6 જાન્યુઆરી 2023ના રોજ ફૂડ પ્રાઇસ ઈન્ડેક્સ બહાર પાડવામાં આવ્યો છે? – **યુનાઈટેડ નેશન્સ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO)**
19. તાજેતરમાં પૂર્વોત્તર કૃષિ કુંભ 2023નું ઉદ્દ્ઘાટન કોણે કર્યું? – **કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર**
20. તાજેતરમાં યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ'ના આગામી સ્પીકર તરીકે કોની પસંદગી કરવામાં આવી છે?– **કેવિન મેકકાર્થી**
21. નાણાકીય સમાવેશ પર G-20 જૂથની પ્રથમ બેઠક કયા શહેરમાં યોજાઈ રહી છે?– **કોલકાતા**
22. તાજેતરમાં કયા દેશે સરહદ પારથી આવતા લોકો માટે નવો કાયદો બનાવ્યો છે?– **અમેરિકા**
23. તાજેતરમાં કોને હાર્વર્ડ લો સ્કૂલ સેન્ટર દ્વારા 'ગ્લોબલ લીડરશિપ માટેના પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવશે?– **CJI ચંદ્રચુડ**
24. તાજેતરમાં સંપૂર્ણ ડિજિટલ કરન્ટ એકાઉન્ટ શરૂ કરવા માટે કઈ બેંકે OPEN સાથે કરાર કર્યું છે? – **એક્સિસ બેંક**
25. તાજેતરમાં કયું રાજ્ય રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ કેન્દ્ર સરકારની મફત યોજનાઓમાં જોડાયું છે?– **તેલંગાણા**
26. તાજેતરમાં કયું રાજ્ય તાજેતરમાં ગ્રામીણ વિસ્તારોમાં 122 નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સ્થાપશે?– **મહારાષ્ટ્ર રાજ્ય**
27. તાજેતરમાં જેમ્સ એન્ડ જ્વેલરી કાઉન્સિલના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે?– **સંયમ મહેરા**
28. તાજેતરમાં પાણી પર પ્રથમ અખિલ ભારતીય વાર્ષિક રાજ્ય મંત્રીઓની પરિષદ ક્યાં યોજાઈ હતી? –**ભોપાલ શહેરમાં**
29. તાજેતરમાં કયો દેશ વોઈસ ઓફ ધ ગ્લોબલ સાઉથ સમિટનું આયોજન કરશે?– **ભારત**
30. તાજેતરમાં કયા રાજ્યના મુખ્યમંત્રીએ ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ–2022 ના માસ્કોટ, ટોર્ચ અને રાષ્ટ્રગીતનું અનાવરણ કર્યું?– **મધ્યપ્રદેશના**
31. તાજેતરમાં કયા રાજ્યના મુખ્યમંત્રીએ ભંડોળ મેળવવા માટે ગંગાસાગર મેળા માટે રાષ્ટ્રીય દરજ્જાની માંગ કરી છે?– **પશ્ચિમ બંગાળ**

32. તાજેતરમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કયા રાજ્યમાં ઝુઆરી નદી પર ભારતના બીજા સૌથી લાંબા આઠ–લેન કેબલ–સ્ટેડ બ્રિજનું ઉદ્દઘાટન કર્યું?– **ગોવા**
33. તાજેતરમાં કુલદીપ સિંહ પઠાનિયાને કયા રાજ્ય વિધાનસભાના આગામી સ્પીકર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે? – **હિમાચલ પ્રદેશ**
34. તાજેતરમાં કયા રાજ્ય સરકારે મુખ્ય મંત્રી સુખાશ્રય સહાયતા શરૂ કરી છે? – **ગુજરાત**
35. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે બીજી દીકરી જન્મવા બદલ 6 હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે?– **મધ્યપ્રદેશ સરકાર**
36. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે 2022–23 માટે તેના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોની જાહેરાત કરી છે?– **આસામ**
37. તાજેતરમાં ભારતીય પુસ્તકાલય કોંગ્રેસનું ઉદ્દઘાટન કયા રાજ્યમાં કરવામાં આવ્યું છે? – **કેરળ**
38. તાજેતરમાં કયા રાજ્યે વીજ વિતરણ નેટવર્ક સુધારવા માટે ADB સાથે રૂ. 2275 કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા છે?– **ત્રિપુરા**
39. તાજેતરમાં ઢાકા લિટ ફેસ્ટની 10મી આવૃત્તિ કયા દેશમાં શરૂ થઈ છે? –**બાંગ્લાદેશ**
40. તાજેતરમાં ભારત કયા દેશને પાછળ છોડીને વૈશ્વકિ સ્તરે ત્રીજું સૌથી મોટું ઓટો માર્કેટ બની ગયું છે?– **જાપાન**
41. તાજેતરમાં કયા દેશે મધમાખી માટે વિશ્વની પ્રથમ રસીનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે?– **અમેરિકા**
42. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે રેવન્યુ પોલીસ સિસ્ટમ નાબૂદ કરવાનો નિર્ણય લીધો છે? –**ઉત્તરાખંડ રાજ્ય સરકાર**
43. Bharat Pe દ્વારા CEO તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે?– **નલિન નેગી**
44. તાજેતરમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કયા શહેરમાં સંવિધાન ગાર્ડનનું ઉદ્દઘાટન કર્યું છે?– **જયપુર**
45. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે 'મુખ્યમંત્રી નિવાસી જમીન અધિકાર યોજના' શરૂ કરી છે? –**મધ્યપ્રદેશ**
46. તાજેતરમાં કયો દેશ હાઈડ્રોજન સંચાલિત ટ્રેન શરૂ કરનાર એશિયાનો પ્રથમ દેશ બન્યો છે?– **ચીન**
47. તાજેતરમાં અમદાવાદ–દિલ્હી સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસનું નામ શું રાખવામાં આવશે?– **અક્ષરધામ એક્સપ્રેસ**
48. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રીએ જમ્મુ વિભાગમાં ચેનાબ નદી પર બેઈલી સસ્પેન્શન બ્રિજનું વર્ચ્યુઅલ રીતે ઉદ્દઘાટન કર્યું છે?– **રક્ષા મંત્રી**
49. તાજેતરમાં કેન્દ્ર સરકારે કયા કેન્દ્ર શાસિત પ્રદેશની વિશિષ્ટ સંસ્કૃતિ, ભાષા અને રોજગારના રક્ષણ માટેના પગલાં અંગે ચર્ચા કરવા માટે એક સમિતિની રચના કરી છે?– **લદ્દાખ**
50. તાજેતરમાં ભારતીય રેલ્વેએ કયા વર્ષ સુધીમાં 'નેટ ઝીરો કાર્બન ઉત્સર્જન' હાંસલ કરવાની યોજના શરૂ કરી છે?– **2030 સુધીમાં**
51. તાજેતરમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે કયા રાજ્યમાં સિયોમ બ્રિજનું ઉદ્દઘાટન કર્યું છે?– **અરૂણાચલ પ્રદેશ**
52. તાજેતરમાં કયા દેશે વર્ષ 2023 ના પ્રથમ 6 મહિના માટે યુરોપિયન યુનિયન (EU) નું પ્રમુખપદ સંભાળ્યું છે? –**સ્વીડન**
53. તાજેતરમાં વિન્ટેજ વાહનો માટે અલગ નોંધણી ધરાવતું પ્રથમ રાજ્ય કયું બન્યું છે?– **ઓડિશા**
54. તાજેતરમાં કયા દેશના વૈજ્ઞાનિકોએ પાણીમાંથી માઈક્રોપ્લાસ્ટિકને ફિલ્ટર કરવા માટે નવી તકનીકની શોધ કરી છે?– **દક્ષિણ કોરિયા**
55. તાજેતરમાં કયા મંત્રાલયે પ્રજ્વાલા ચેલેન્જ શરૂ કરી છે?– **ગ્રામીણ વિકાસ મંત્રાલય**
56. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રીએ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ઈન્ક્યુબેશન સેન્ટરનું ઉદ્દઘાટન કર્યું છે?– **ડૉ. જીતેન્દ્ર સિંહ**
57. તાજેતરમાં કયા રાજ્યમાં 7 થી 9 જાન્યુઆરી 2023 દરમિયાન સ્ટાર ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવશે?– **તમિલનાડુ**
58. તાજેતરમાં ચૂંટણી પંચે કયા રાજ્યમાં મતદાનની ટકાવારી 90 થી વધુ કરવા માટે 'મિશન–929' શરૂ કર્યું છે?– **ત્રિપુરા**
59. તાજેતરમાં સ્પેસએક્સે કેટલા એડવાન્સ્ડ સ્ટારલિંક ઈન્ટરનેટ સેટેલાઈટ લોન્ચ કર્યા છે?– **54**
60. તાજેતરમાં રેલવે બોર્ડના નવા અધ્યક્ષ અને CEO તરીકે કોણે કાર્યભાર સંભાળ્યો છે?– **અનિલ કુમાર લાહોટી**
61. તાજેતરમાં કયા રાજ્યના સરકારી કર્મચારીઓ હવે જૂની અથવા નવી પેન્શન યોજના પસંદ કરી શકશે?– **છત્તીસગઢ**
62. તાજેતરમાં 'એકલવ્ય પુરસ્કાર 2022' કોને એનાયત કરવામાં આવ્યો છે?– **પંકજ અડવાણી**
63. તાજેતરમાં RTI જવાબદારીમાં સૌથી ખરાબ પ્રદર્શન કરનાર રાજ્ય કયું બન્યું છે?– **તમિલનાડુ**
64. તાજેતરમાં ICC T20 ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ માટે કોને નામાંકિત કરવામાં આવ્યા છે?– **સ્મૃતિ મંધાના અને સૂર્ય કુમાર યાદવ**
65. તાજેતરમાં ડીપ ટેક સ્ટાર્ટ–અપ્સને ઉત્પ્રેરિત કરવા માટે 'ડિજિટલ ઈન્ડિયા ઈનોવેશન ફંડ' કોણ લોન્ચ કરશે?– **કેન્દ્ર સરકાર**
66. તાજેતરમાં ઉત્તર પ્રદેશની પ્રથમ મહિલા પોલીસ કમિશનર કોણ બની?– **લક્ષ્મી સિંહ**
67. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે 'એન ચંદ્રશેખરન'ને આર્થિક સલાહકાર પરિષદના વડા તરીકે નિયુક્ત કર્યા છે?– **મહારાષ્ટ્ર**
68. તાજેતરમાં ફૂડ રેગ્યુલેટર FSSAI ના CEO તરીકે કોણે ચાર્જ સંભાળ્યો છે?– **જી. કમલા વર્ધન રાવ**
69. તાજેતરમાં વચગાળાના "સેન્ટ્રલ વિજિલન્સ કમિશનર" તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે?– **પ્રવીણ કુમાર**
70. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કયા રાજ્યના માંડ્યામાં મેગા ડેરી નું ઉદ્દઘાટન કર્યું? –**કર્ણાટક**
71. તાજેતરમાં ખાણ પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે કયા મંત્રાલયે 8 ઈકો પાર્ક બનાવ્યા છે?– **કોલસા મંત્રાલય**
72. કયા રાજ્યમાં REC લિમિટેડે બિજલી ઉત્સવ નું આયોજન કર્યું છે?– **આસામ**
73. તાજેતરમાં કયા દેશમાં સૌપ્રથમ મેટ્રો સેવા શરૂ થઈ?– **બાંગ્લાદેશ**
74. તાજેતરમાં સામાજિક સિદ્ધિ માટે 'રવીન્દ્ર નાથ ટાગોર સાહિત્ય પુરસ્કાર' કોને એનાયત કરવામાં આવ્યો છે?– **એસ.કે. રાય**
75. તાજેતરમાં 2 વર્ષ પછી કયા રાજ્યમાં ધન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે?– **ઓડિશા**
76. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે મેડિકલ કોલેજોમાં ઈ–સુશ્રુત હોસ્પિટલ મેનેજમેન્ટનું ઉદ્દઘાટન કર્યું છે?– **ઉત્તર પ્રદેશ**
77. તાજેતરમાં કયું રાજ્ય લોકાયુક્ત બિલ 2022 પસાર કરનાર પ્રથમ બન્યું છે?– **મહારાષ્ટ્ર**
78. તાજેતરમાં આદિજાતિ બાબતોના મંત્રાલયે ભાવિ એન્જિનિયરિંગ પ્રોગ્રામ માટે કોની સાથે ભાગીદારી કરી છે?– **એમેઝોન કંપની**
79. તાજેતરમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કયા રાજ્યના 2 મંદિરોમાં "પ્રસાદ પ્રોજેક્ટ"નો શિલાન્યાસ કર્યો હતો?– **તેલંગાણા**

80. તાજેતરમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય બીચ ફેસ્ટિવલ ક્યાં યોજાયો હતો?– **કેરળ**

81. તાજેતરમાં કયા દેશે 'શેન વોર્ન'ના સન્માનમાં વાર્ષિક એવોર્ડનું નામ બદલ્યું છે?– **ઓસ્ટ્રેલિયા**


# LIC RECRUITMENT - 2023

Govt. Jobs

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

## LIC - Officer

### Assistant Administrative Officer (AAO)

Total Vacancies 300

**Educational Qualification**
Generalist : Any Graduate

**Age Limit**
*21 to 30 years (As on 1-1-2023)*
*(SC / ST : +5 yrs; OBC : +3 yrs)*

**Online Exam Schedule**
*: Preliminary Exam :*
*17th & 20th Feb - 2023*

*: Mains Exam :*
*18th March - 2023*

**To Fill Online Form**
*15th to 31st Jan - 2023*

**: Exam Pattern :**

Phase - I : Preliminary Exam: Time : 1 hour

| Subject | Ques. | Marks | Time |
|---|---|---|---|
| Reasoning Ability | 35 | 35 | 20 min |
| Quantitative Aptitude | 35 | 35 | 20 min |
| English Language | 30 | 30** | 20 min |
| Total | 100 | 70 | 1 hour |

Phase - II : Main Exam For Generalist :

| Subject | Ques. | Marks | Time |
|---|---|---|---|
| Reasoning Ability | 30 | 90 | 40 min |
| Current Affairs, General Knowledge | 30 | 60 | 20 min |
| Data Analysis & Interpretation | 30 | 90 | 40 min |
| Insurance and Financial Awareness | 30 | 60 | 20 min |
| Total | 120 | 300 | 2 hours |
| English Language (Letter writing & Essay) | 2 | 25** | 30 min |

Phase -III Interview Marks : 30

** : English Language test will be of qualifying nature and the marks in English Language will not be counted for ranking.

SALARY*
92,870/- Per Month

ADMISSION OPEN

Visit Our Nearest Branch For More Inquiry

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

New Class Starts From EVERY MONDAY

Surat (HO-Udhna) Ph. : 70461 40555
Varachha (Surat) Ph. : 70464 16555
Navsari Ph. : 70466 41555
Vyara Ph. : 90998 64658

Join our Telegram Channel @bankingacademy

Banking Academy

## Govt.Jobs જેવી કે

BANK | SBI | IBPS | LIC | SSC | RRB | RBI

તેમજ


GPSC | PSI | નાયબ મામલતદાર | રાજ્યવેરા નિરીક્ષક | તલાટી

બિન સચિવાલય | કોન્સ્ટેબલ | TET/TAT | ચીફ ઓફીસર

ની માહિતી / ભરતીઓ / તૈયારી ના માર્ગદર્શન /Materials / ઓનલાઈન ફોર્મ ની સંપૂર્ણ માહિતી તેમજ Regular Update માટે આજે જ અમારા Social Media Platforms જેવા કે ટેલીગ્રામ / ઈન્સ્ટાગ્રામ / ફેસબુક Youtube સાથે નીચેના Icon પર Click કરીને જોડાઓ.

## GPSC Class - I/II માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




**COMBO BOOKS SET**

**8140858555**

આ સંપૂર્ણ મટીરીયલ સેટ મેળવવા માટે સંપર્ક કરો

## GPSC Class - III માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




### Corporate Office - SURAT

Shree Arc, Opp. Shanidev Temple, Sosyo Corcle, Udhna-Magdalla Road, SURAT.

| Contact | Visit us | Email |
|---|---|---|
| 70466 33255 | www.bankingacademy.co.in | info@bankingacademy.co.in |

### Branches

**VARACHHA (Surat)**
4th Floor, "Silver Business Hub"
Simada-Naka to Yogichowk,
150ft BRTS Road, Varachha, Surat.
Ph. 70464 16555

**NAVSARI**
J.P. Plaza, Nr. Sushrusha Hospital,
Vijalpore, Navsari.
Ph. 70466 41555

**VYARA**
1st Floor, Skyline,
Railway Station Road
Opp. New Bus Stand, Vyara.
Ph. 90998 64658

**VALSAD**
D. K. Park, Opp. Shivam Traders,
Abrama, Dharampur Road, Valsad.
Ph. 8140137555